દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 140 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ જયેષ્ઠ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 June 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

શનિવાર, ૧૪ જૂન ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ઈઝરાયલનો ઈરાનનાં અણુમથક પર હુમલો

**અખાતમાં યુદ્ધ ભડક્યું** | **ખનિજ તેલના ભાવમાં મોટો ઉછાળો** | **તહેરાનનો ૧૦૦ ડ્રોનથી વળતો હુમલો** | **ઈરાનના ૨૦ કમાંડર, છ વિજ્ઞાની માર્યાં ગયાં**

જેરુસલેમ: ઇઝરાયલે શુક્રવારે સવારે ઇરાનના નતાન્ઝ ખાતેના યુરેનિયમ સમૃદ્ધ કરવાના મથક પર હુમલો કરતા અખાતના દેશોમાં ચાલી રહેલું યુદ્ધ ભડક્યું હતું અને ખનિજ તેલના ભાવમાં ભારે ઉછાળો આવ્યો હતો.

ઇઝરાયલના હુમલામાં ઇરાનના લશ્કરના ૨૦ વરિષ્ઠ કમાંડર અને છ અણુ-વિજ્ઞાની માર્યા ગયા હતા.

ઇરાને ઇઝરાયલ પર ૧૦૦ ડ્રોનની મદદથી વળતો હુમલો કર્યો હતો.

ઇઝરાયલે ઇરાનની રાજધાની તહેરાનમાં પણ અનેક હુમલા કર્યા હતા. ઇરાનની મિસાઇલ સાઇટ્સ પર હુમલા થયા હોવાથી જાનમાલને ભારે હાનિ થઇ હતી.

ઇરાન પર ૧૯૮૦ના દાયકામાંના ઇરાક સાથેના યુદ્ધ બાદ કદાચ આ સૌથી મોટો હુમલો હોવાનું કહેવાય છે.

ઇન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સીએ પણ ઇરાનના અણુમથક પર હુમલો થયો હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું.

ઇરાનના સંરક્ષણ પ્રધાન અઝીઝ નસીરજાદેહે જણાવ્યું હતું કે અમે હવે ઇઝરાયલને કચડી નાખીશું. અમે સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિની તાકીદની બેઠક બોલાવવાની માગણી પણ કરી છે.

ઇઝરાયલના હુમલામાં ઇરાનના પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડના વડા જનરલ હુસેન સલામી અને ઇરાનના સશસ્ત્ર દળોનાં વડા જનરલ મહંમદ બઘેરી પણ માર્યા ગયા હતા.

ઇઝરાયલ અને ઇરાનની વચ્ચે યુદ્ધ શરૂ થતાં જ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડના ભાવમાં પાંચથી દસ ટકાનો વધારો થયો હતો.

દરમિયાન, ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ દાવો કર્યો હતો કે અમે ઇરાનમાંના અણુ-મથક અને લશ્કરી મથક તેમ જ બેલિસ્ટિક મિસાઇલના શસ્ત્રાગાર પર હુમલા કર્યા હતા. અમે જ્યાં સુધી ઇરાનના અણુ-કાર્યક્રમનો ભય દૂર નહિ થાય ત્યાં સુધી હુમલા કરવાનું ચાલુ રાખીશું. ઇઝરાયલે જણાવ્યું હતું કે ઇરાન અણુ-બૉમ્બ બનાવી રહ્યું હોવાથી (જુઓ પાનું ૨) ▸▸



**ક્રૂડતેલમાં ઊકળતી તેજી**

## ડૉલર સામે રૂપિયો ૫૯ પૈસા પટકાયો

મુંબઈ: ઈઝરાયલના લશ્કરે ઈરાનનાં ન્યૂક્લિયરનાં મથકો પર હવાઈ હુમલા કર્યાના અહેવાલો સાથે અમેરિકાના ઈરાન સાથે પરમાણુ બોમ્બ બનાવવા માટેની સામગ્રીઓનું ઉત્પાદન બંધ કરવાના અપેક્ષિત કરાર અંગેની ચિંતા સપાટી પર આવી હતી. તેમ જ મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધુ ઉગ્ર બને તેવી ભીતિ સપાટી પર આવી હતી. આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં સાત ટકા કરતાં વધુ માત્રામાં જોવા મળેલો ઉછાળો અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ હતું. સ્થાનિક સ્તરે ઈક્વિટી માર્કેટમાં વૈશ્વિક અહેવાલોને ધ્યાનમાં લેતા (જુઓ પાનું ૨) ▸▸

## સેન્સેક્સમાં ૧૩મીએ ૧૩૦૦નો તોતિંગ કડાકો

*નિલેશ વાઘેલા*

મુંબઈ: માંડ માંડ પાટે ચડવા મથી રહેલા બજારને ઇઝરાયલનું ઇરાન પરનું બોમ્બાર્ડિંગ ભારે પડ્યું છે. વિશ્વભરમાં વેરના બીજ વેરી વિનાશકો અથડામણો ઊભી કરાવનાર અમેરિકા જોકે આ હુમલામાં પોતાની ભૂમિકા ના હોવાના લવારા કરી રહ્યું છે, પરંતુ બજારના સાધનો અનુસાર આગળ જતાં મધ્યપૂર્વના દેશોમાં ભીષણ યુદ્ધની સંભાવના છે અને તેને કારણે ઇક્વિટી બેન્ચમાર્કમાં કડાકા બોલાઇ રહ્યા છે.

પશ્ચિમના દેશોમાં અત્યંત અપશુકનિયાળ ગણાંતા ૧૩ના આંકડાની નકારાત્મકતાને સાચી પાડતા ૧૩મી જૂનના દિવસે સેન્સેક્સે ૧૩૦૦ પોઇન્ટ સુધીનો કડાકો બોલાવીને રોકાણકારોને ધ્રુજાવી દીધાં છે. ગુરુવારથી શરૂ થયેલી આ અસર જોતાં બે સત્રમાં

**રોકાણકારોની સંપત્તિમાં બે સત્રમાં ₹ ૮.૩૫ લાખ કરોડનું જંગી ધોવાણ**

રોકાણકારોએ કુલ રૂ. ૮.૩૫ લાખ કરોડની મતા ગુમાવી છે.

ઇઝરાયલે ઇરાન પર ભયાનક મિસાઇલ હુમલો શરૂ કરી દીધો હોવાથી સંપૂર્ણ કક્ષાના યુદ્ધના ભય વચ્ચે સેન્સેક્સ ૮૧,૬૯૨ પોઇન્ટના પાછલા બંધ સામે ૧૨૬૫ પોઇન્ટની જોરદાર પછડાટ સાથે ૮૦૪૨૭.૮૧ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ સવારના જ સત્રમાં ૧૩૩૭ પોઇન્ટના તોતિંગ કડાકા સાથે ૮૦,૩૫૫ પોઇન્ટની બાવન સપ્તાહની નીચી સપાટીએ (જુઓ પાનું ૨) ▸▸

**ઈરાનનો અમેરિકા પર મોટો આક્ષેપ**

## અમેરિકાની સંમતિ વિના ઈઝરાયલનો હુમલો અશક્ય

તહેરાન : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા પરમાણુ કરારની સમજૂતી વચ્ચે ઇઝરાયલે ઈરાન પણ હવાઈ હુમલા કર્યા છે. જેમાં ઈરાનને મોટા પાયે નુકસાનનો સામનો કરવો પડ્યો છે. જોકે, આ અંગે અમેરિકાએ આ હુમલા તેની કોઇ ભૂમિકા ન હોવાની સ્પષ્ટતા કરી છે. તો બીજી તરફ આ હુમલામાં બાદ આક્રોશમાં આવેલા ઈરાને અમેરિકા પર પ્રહાર કર્યો છે. તેમજ કહ્યું છે કે અમેરિકાની સંમતિ અને સહયોગ વિના આવી આક્રમક કાર્યવાહી શક્ય નહોતી.

ઈરાને સ્પષ્ટપણે કહ્યું છે કે આ હુમલો સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરની કલમ ૨ (૪) નું સીધું ઉલ્લંઘન છે અને તેને આ હુમલાનો જવાબ આપવાનો કલમ ૫૧ હેઠળ સંપૂર્ણ અધિકાર છે. આ ઉપરાંત, ઈરાને યુએન સુરક્ષા પરિષદ પાસેથી તાત્કાલિક અને કડક કાર્યવાહીની માગ કરી છે.

આ સાથે, ઈરાને યુએસ સરકાર પર પણ મોટો આરોપ લગાવ્યો છે. ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે અમેરિકાની સંમતિ અને સહયોગ વિના આવી આક્રમક કાર્યવાહી શક્ય નહોતી. આવી સ્થિતિમાં તેના ખતરનાક પરિણામો માટે (જુઓ પાનું ૨) ▸▸

## ઈઝરાયલમાં ભારતીયોને બિનજરૂરી મુસાફરી ટાળવા અને સતર્ક રહેવાની સલાહ

જેરૂસલેમ: ઇરાન પર ઇઝરાયલના હુમલા બાદ ભારતીય દૂતાવાસે ઇઝરાયલમાં રહેલા ભારતીય નાગરિકોને સતર્ક રહેવા અને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે.

ઇઝરાયલ દ્વારા ઇરાન વિરુદ્ધ 'ઓપરેશન રાઇઝિંગ લાયન' શરૂ કરવાની જાહેરાત કર્યાના થોડા સમય પછી દૂતાવાસે એક્સ પર જણાવ્યું કે પ્રદેશમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને ઇઝરાયલમાં રહેતા તમામ ભારતીય નાગરિકોને સતર્ક રહેવા અને સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે. દૂતાવાસે સલાહ આપી કે કૃપા કરીને સાવધાની રાખો, દેશની અંદર બિનજરૂરી મુસાફરી ટાળો અને સલામત સ્થળોની નજીક રહો. ઇઝરાયલે ઇરાનને પરમાણુ હથિયારો બનાવતા રોકવાના ઉદ્દેશ્ય સાથે 'ઑપરેશન રાઇઝિંગ લાયન' શરૂ કરવાની જાહેરાત કરી હતી. તેમ જ નતાંજસ્થિત ઇરાનના મુખ્ય સંવર્ધન કેન્દ્ર સહિત અન્ય સ્થળોએ હુમલો કરવામાં આવ્યો હોવાનો ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ શુક્રવારે દાવો કર્યો હતો. ■

# અમદાવાદ એરપોર્ટ અનિશ્ચિત કાળ સુધી બંધ, તમામ ફ્લાઈટ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના મેઘાણીનગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થતાં અફરાતફરી સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં ૨૦૦થી વધુ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હોવાના અહેવાલો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન સાથે આ દુર્ઘટના મામલે વાતચીત કરી હતી. કેન્દ્રના નાગરિક ઉડ્ડયન પ્રધાન અમદાવાદ આવવા રવાના થયા હતા.

આ મોટી દુર્ઘટનાના કારણે અમદાવાદ એરપોર્ટ બંધ કરાયું છે. આગામી સૂચના સુધી અમદાવાદ એરપોર્ટ બંધ કરાયું છે. અન્ય તમામ ફ્લાઇટ અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરાઈ છે. બીજી સૂચના ન આવે ત્યાં સુધી અમદાવાદ એરપોર્ટ બંધ કરાયું છે. આ અંગે ડીજીસીએએ નિવેદન આપ્યું હતું કે, અમદાવાદ એરપોર્ટ પર તમામ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે.

ઈજાગ્રસ્તોની તાત્કાલિક સારવાર માટે ગ્રીન કોરિડોર બનાવાયો છે કેન્દ્રીય ગૃહપ્રધાનએ ગુજરાતના મુખ્ય પ્રધાન સાથે ટેલિફોનિક વાતચીત કરી સમીક્ષા કરી હતી. ડીજીસીએ દ્વારા આપવામાં (જુઓ પાનું ૨) ▸▸






## મોદીએ ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના પરિવારજનો સાથે મુલાકાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં થયેલા પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન વિજય રૂપાણીનું પણ નિધન થયુ હતું. વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવા માટે તમામ વડા પ્રધાન મોદી અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ ઉપરાંત ભાજપના અગ્રણી નેતાઓ તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. તેમણે પરિવારજનોને મળીને સાંત્વના આપી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના પરિવારના સભ્યોને મળ્યા હતા. તેમણે તેમને એક નમ્ર અને મહેનતુ નેતા તરીકે યાદ કર્યા હતા. ગુરુવારે બપોરે થયેલા ભયાનક અકસ્માતમાં લંડન જતી ફ્લાઇટના ૨૪૧ મુસાફરોમાં ૬૮ વર્ષીય રૂપાણીનો પણ સમાવેશ થતો હતો.

મોદીએ શુક્રવારે અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી અને અહીં સિવિલ હોસ્પિટલમાં ઘાયલ થયેલા લોકોને મળ્યા હતા. બાદમાં તેઓ શહેરમાં વિજય રૂપાણીના પરિવારના સભ્યોને મળ્યા હતા. મોદીએ સોશિયલ મિડિયા (જુઓ પાનું ૨) ▸▸

## એટીએસને બ્લેક બોક્સ અને ડીવીઆર મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસ હવે ગુજરાતના આતંકવાદ વિરોધી દળ (એટીએસ)ને સોંપવામાં આવી છે. ક્રેશ સાઈટ પરથી વિમાનનાં બ્લેક બોક્સ અને કોકપિટ વોઇસ રેકોર્ડર મળી આવ્યાં હતાં. એટીએસની ટીમે ડીવીઆરને પોતાના કબજામાં લઈ લીધો હતો અને દુર્ઘટના પાછળના કારણો જાણવામાં તે મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ક્રેશ સાઈટ પરથી વિમાનનું બ્લેક બોક્સ (ફ્લાઇટ ડેટા રેકોર્ડર) અને કોકપિટ વોઇસ રેકોર્ડર- જેને ડીવીઆર તરીકે પણ ઓળખવામાં આવે છે - સફળતાપૂર્વક મળી આવ્યાં હતાં. એટીએસની ટીમે ડીવીઆરને પોતાના કબજામાં લઈ લીધો હતો અને આ સમગ્ર મામલાની સમાંતર તપાસ શરૂ કરી દીધી હતી. તપાસ એજન્સીઓને આશંકા છે કે આ અકસ્માત માત્ર કોઈ તક્નિકી ખામી કરતાં વધુ ગંભીર મામલો હોઈ શકે છે, જેના કારણે આતંકવાદનો ઍંગલ પણ તપાસમાં લેવામાં આવ્યો છે.

આ જ કારણોસર ગુજરાત એટીએસ હવે દરેક પાસાની બારીકાઈથી તપાસ (જુઓ પાનું ૨) ▸▸

## ઍર ઈન્ડિયાની ફ્લાઈટનું થાઈલૅન્ડમાં તાકીદનું ઉતરાણ




**તાકીદનું ઉતરાણ:** ફુકેટથી નવી દિલ્હી જતી ઍર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઇ ૩૭૯માં બૉમ્બની અફવાને પગલે વિમાને ફુકેટ વિમાનમથકે તાકીદનું ઉતરાણ કરવું પડ્યું હતું. (એપી / પીટીઆઇ)

ફુકેટ (થાઇલૅન્ડ): અહીંથી શુક્રવારે સવારે દિલ્હી જતી ઍર ઇન્ડિયાની ફ્લાઇટ એઆઇ ૩૭૯ને બૉમ્બથી ઉડાડી દેવાની ધમકીને પગલે આ વિમાનનું ફુકેટ વિમાનમથકે તાકીદનું ઉતરાણ કરાયું હતું.

ઍર ઇન્ડિયાની આ ફ્લાઇટમાં ૧૫૬ મુસાફર હતા અને તેઓને સલામત રીતે બહાર કઢાયા હતા અને વિમાનની તપાસ કરતા બૉમ્બની ધમકી ખોટી હોવાનું સાબિત થયું હતું. ફુકેટ વિમાનમથકેથી સ્થાનિક સમય સવારના ૯.૩૦ વાગ્યે ઊપડેલી ઍર ઇન્ડિયાની ફ્લાઇટે ઉડ્ડયનના પ્રારંભના થોડા સમયમાં જ આંદામાનની આસપાસના દરિયા પર અનેક ચક્કર લગાડ્યા હતા અને બાદમાં સવારે ૧૧.૩૮ વાગ્યે ફુકેટ વિમાનમથકે પાછું ઊતર્યું હતું. વિમાનમાંથી કોઇ વિસ્ફોટકો નહોતા મળ્યા. અમદાવાદમાંની ઍર ઇન્ડિયાની ફ્લાઇટની દુર્ઘટનાને પગલે ફુકેટથી ઊપડેલી ફ્લાઇટમાં બૉમ્બની ધમકીથી ગભરાટ ફેલાયો હતો. ■

**ડીજીસીએનો મોટો નિર્ણય**

## ઍર ઈન્ડિયાનાં તમામ બોઈંગ ડ્રીમલાઈનર વિમાનોની થશે તપાસ

નવી દિલ્હી: ભારતના નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ) એ તમામ બોઇંગ ડ્રીમલાઇનર વિમાનોની સુરક્ષા તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. અમદાવાદમાં એર ઇન્ડિયાની લંડન જતી ફ્લાઇટ એઆઇ૧૭૧ની ભયાનક દુર્ઘટના બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ડીજીસીએ એ એર ઇન્ડિયાને ૧૫ જૂન ૨૦૨૫ના મધ્યરાત્રિ (૦૦:૦૦ કલાક) થી ભારતથી ઉડાન ભરતા પહેલા ફરજિયાત રીતે એક વખતની વિશેષ તપાસ પ્રક્રિયા લાગુ કરવાનો આદેશ આપ્યો છે.

ડીજીસીએ એ ફ્લાઇટના ઉડાણ ભરતા અગાઉ ઘણી મહત્ત્વપૂર્ણ ટેકનિકલ તપાસનો નિર્દેશ આપ્યો છે, જેમાં ફ્યુઅલ પેરામીટર મોનિટરિંગ, કેબિન એર કમ્પ્રેસર સિસ્ટમ, ઇલેક્ટ્રોનિક એન્જિન કંટ્રોલ ટેસ્ટ, એન્જિન ફ્યુઅલ એક્ટ્યુએટર ઓપરેશન, ઓઇલ સિસ્ટમ અને હાઇડ્રોલિક સિસ્ટમની સુરક્ષા તપાસનો સમાવેશ થાય છે. આ સાથે ટેકઓફ પહેલાંના પેરામીટર્સની યોગ્ય રીતે સમીક્ષા કરવા માટે પણ નિર્દેશ અપાયા હતા.

આ ઉપરાંત, ડીજીસીએ એ આદેશ આપ્યો હતો કે 'ફ્લાઇટ કંટ્રોલ ઇન્સ્પેક્શન'નું ટ્રાન્ઝિટ નિરીક્ષણમાં જોડવામાં આવે અને આ પ્રક્રિયા આગામી આદેશ સુધી ચાલુ રાખવી જોઈએ. આ સાથે બે અઠવાડિયામાં પાવર એન્શ્યોરન્સ ચેક્સ કરવાનું પણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ સાથે છેલ્લા ૧૫ દિવસમાં બોઇંગ ડ્રીમલાઇનર વિમાનોમાં વારંવાર આવતી ટેકનિકલ ખામીઓ (સ્નેગ્સ) ની સમીક્ષા કરવા અને તેમને લગતા તમામ મેઇન્ટેનન્સનો વહેલી તકે નિકાલ કરવાના આદેશો પણ આપવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, ડીજીસીએનું આ પગલું એર ઇન્ડિયાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યું છે જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓને અટકાવી શકાય અને મુસાફરોના જાન-માલની સલામતી સુનિશ્ચિત કરી શકાય.

નોંધનીય છે કે અમદાવાદમાં ગુરુવારે બપોરે થયેલા વિમાન દુર્ઘટના બોઇંગ કંપનીના ૭૮૭ ડ્રીમલાઇનર વિમાન (જુઓ પાનું ૨) ▸▸

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા-ચીન વ્યાપાર કરાર, ટ્રમ્પને નમ્યા વિના છૂટકો નથી

**અમેરિકાના** રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે અંતે અમેરિકા અને ચીન વચ્ચેના વ્યાપાર કરારની જાહેરાત કરી નાંખી. આ કરાર હેઠળ ચીન હવે અમેરિકન કંપનીઓને રેર અર્થ મટિરિયલ એટલે કે મૂલ્યવાન ખનિજો સપ્લાય કરશે અને બદલામાં અમેરિકા ચીનના વિદ્યાર્થીઓ માટે અમેરિકાની યુનિવર્સિટીઓ અને કોલેજોના દરવાજા ખોલી દેશે. ટ્રમ્પે ચીન સાથેના આ કરારને મંજૂરી આપી દીધી છે.

હવે ચીનના પ્રમુખ શી જિનપિંગની મંજૂરીની રાહ જોવાઈ રહી છે. ટ્રમ્પે ગયા અઠવાડિયે જ જિનપિંગ સાથે વાત કરેલી ને તેમાં કરારની શરતો અંગે ચર્ચા કરેલી. એ પછી કરારને અંતિમ સ્વરૂપ અપાયું છે એ જોતાં જિનપિંગની મંજૂરી એક ઔપચારિકતા જ મનાય છે.

આ કરાર દ્વારા ટ્રમ્પે ચીન સામે સંપૂર્ણપણે ઘૂંટણ ટેકવી દીધા છે એ સ્પષ્ટ છે. ટ્રમ્પે જોશમાં ને જોશમાં ચીનની અમેરિકામાં નિકાસ પર આકરાં નિયંત્રણો લાદીને ધડાધડ ટૅરિફ તો ઠોક દીધેલો પણ મહિનામાં જ ટ્રમ્પ હાંફી ગયેલા. ટ્રમ્પે મહિના પછી જ ચીનના માલની અમેરિકામાં એન્ટ્રી પરનાં નિયંત્રણો હળવાં કરવા માંડેલાં ને હવે ઔપચારિક રીતે વ્યાપાર કરાર કરી નાંખ્યો છે.

ટ્રમ્પનો એ વિના છૂટકો નહોતો કેમ કે ટેકનોલોજી ઈક્વિપમેન્ટ્સ, સ્માર્ટફોન અને ઇલેક્ટ્રિક કાર માટે રેર અર્થ મટિરિયલ્સ અનિવાર્ય છે. લેન્થેનમ, નિયોડીમિયમ, પ્રસોડીમિયમ જેવી ૧૭ જેટલી દુર્લભ મનાતી ખનિજો વિના સામાન્ય ખનિજો વિના આ ઉત્પાદનો બની જ ના શકે.

સામાન્ય ખનિજો જેવી જ આ ખનિજામાં વિશેષ ચુંબકીય અને ઇલેક્ટ્રોનિક ગુણધર્મો હોવાથી સ્માર્ટફોન, લેપટોપ અને ટેલિવિઝન સહિતની ઈલેક્ટ્રોનિક્સ ચીજો ઉપરાંત ઇલેક્ટ્રિક વાહનો, પવન ટર્બાઇન, સૌર પેનલ અને બેટરી સહિત ઘણી આધુનિક ટેકનિકમાં થાય છે. ચીન વિશ્વનો સૌથી મોટો રેર અર્થ મિનરલ્સનો ઉત્પાદક દેશ છે. વૈશ્વિક પુરવઠાના લગભગ ૭૦ ટકા રેર અર્થ મિનરલ્સ પર ચીનનું નિયંત્રણ હોવાથી ટ્રમ્પે ચીન સામે ઘૂંટણ ટેકવવા પડે તેમ જ છે. બાકી તેમના પોતાના ઉદ્યોગો ઠપ્પ થઈ જાય.

ટ્રમ્પે પડ્યા પછીય ટંગડી ઉંચી રાખવા એવો દાવો કર્યો કે, આ નવા કરારથી અમેરિકાને ટૅરિફ એટલે કે આયાત ડ્યૂટીમાં ૫૫ ટકા ફાયદો મળશે જ્યારે ચીનને ફક્ત ૧૦ ટકા લાભ મળશે. આ ટૅરિફ સિસ્ટમ કઈ રીતે કામ કરવાની છે તેનો ટ્રમ્પે ફોડ પાડ્યો નથી. પણ ટ્રમ્પ મહાજૂઠો માણસ છે તેથી તેની વાતોને ગંભીરતાથી લેવાની જરૂર નથી. ટ્રમ્પ ગમે તે દાવા કરે, આ કરાર ચીનની જીત દર્શાવે છે ને અમેરિકાએ ચીન સામે ઘૂંટણ ટેકવવા પડ્યા છે એ આખી દુનિયાને દેખાય જ છે.

ચીન આ વ્યાપાર કરારથી બહુ મોટા ફાયદામાં છે એ કહેવાની જરૂર નથી. ચીન પાસે રેર અર્થ મટિરિયલ્સનો ખજાનો છે અને આ ખનિજોને જમીનમાંથી કાઢીને ઉપયોગમાં લઈ શકવાયોગ્ય બનાવવાની ક્ષમતા પણ છે, પણ તેનો ફાયદો ત્યારે જ મળે કે જ્યારે કોઈ ગ્રાહક હોય. જમીનમાં પડી પડી ખનિજો કંઈ કમાવી આપવાની નહોતી. આ દુર્લભ ખનિજોના બીજા પણ લેવાલ છે પણ અમેરિકા સૌથી મોટું લેવાલ છે તેથી અમેરિકાને આ માલ આપી શકાતો નહોતો એટલે ચીનને મોટો આર્થિક ફટકો પડી જ ગયેલો.

વ્યાપાર કરારના કારણે હવે અમેરિકા ચીનનો માલ ખરીદશે તેથી ચીન માટે પાછો નાણાંનો પ્રવાહ ચાલુ થઈ જશે. તેના કારણે ચીનનું અર્થતંત્ર મંદીમાંથી બહાર આવી જશે એ સૌથી મોટો ફાયદો છે. અમેરિકન કંપનીઓ રેર અર્થ મિનરલ્સમાંથી પ્રોડક્ટ્સ બનાવીને આખી દુનિયાને બઝાડીને કમાણી કરશે તેથી અમેરિકાને તો ફાયદો છે જ પણ ચીન વધારે ફાયદામાં છે કેમ કે ચીનને અત્યારથી રોકડી થવા માંડશે. અમેરિકા ચીન પાસેથી માલ લેવા માંડે એટલે ચીને નાના નાના ઉચકૂચિયા ઘરાકો શોધવાની ઝંઝટમાં પણ નહીં પડવું પડે.

ટ્રમ્પે ચીનના વિદ્યાર્થીઓ માટે પાછા દરવાજા ખોલ્યા તેમાં પણ ચીન ફાયદામાં છે. ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછી તેમણે ચીન પર જાતભાતના પ્રતિબંધો લાદ્યા તેમાં ચીનના વિદ્યાર્થીઓ માટે અમેરિકાની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પ્રવેશના નિયમો પણ એવા આકરા બનાવી દીધેલા કે ચીના યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પ્રવેશ જ ના મેળવી શકે. ચીનના વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની ચકાસણીથી માંડીને સામ્યવાદી વિચારધારા સાથે કનેક્શન સુધીના મુદ્દે ગાળિયો કસીને ટ્રમ્પે ચીનાઓને બંબૂ લગાવી દીધો હતો.

ચીન ટેકનોલોજીની રીતે અમેરિકાને હંફાવે એવી તાકાત ધરાવે છે, પણ કોર્પોરેટ કંપનીઓની તાકાત અમેરિકા પાસે વધારે છે. ચીનના વિદ્યાર્થીઓને અમેરિકામાં ભણવાની તક જ ના મળે તેના કારણે અમેરિકન કંપનીઓમાં રોજગારીની અને અમેરિકામાં સ્થાયી થવાની તક છિનવાઈ ગઈ હતી. દુનિયાના દરેક દેશ માટે અમેરિકામાં રહીને કામ કરતા પોતાના નાગરિકોના રેમિટન્સની આવક મહત્ત્વની છે કેમ કે તેના કારણે અર્થતંત્રને ફાયદો થાય છે અને રોજગારી આપવાની જવાબદારીમાંથી પણ મુક્તિ મળે છે.

ઉદાહરણ તરીકે ભારતનો કોઈ નાગરિક કાયદેસર રીતે અમેરિકામાં કામ કરતો હોય ને બચત કરીને દર મહિને ૧૦૦૦ ડૉલર જ મોકલે તો પણ તેનાં માતા-પિતા સહિતનો આખો પરિવાર અહીં જલસાથી રહી શકે. આ જ ગણિત ચીનાઓને પણ લાગુ પડે જ છે કેમ કે ચીનનું ચલણ અમેરિકાની સરખામણીમાં નબળું જ છે. હવે ચીનના વિદ્યાર્થીઓ માટે અમેરિકાના દરવાજા ખૂલી જતાં ચીનાઓને અમેરિકામાં રહેવાની અને કમાણી કરવાની તક પણ મળશે. અમેરિકાથી ડૉલર ચીનના અર્થતંત્રમાં ઠલવાશે તેથી ચીનને મોટો ફાયદો થશે.

આ કરાર દ્વારા ટ્રમ્પે સાબિત કર્યું છે કે, અમેરિકાને પોતાનાં હિતો સાચવવા સિવાય બીજા કશામાં રસ નથી. જે ચીનને બે મહિના પહેલાં લગી ટ્રમ્પ ગાળો દેતા હતા તેના પગમાં અત્યારે ટ્રમ્પ આખેઆખા આળોટી ગયા છે તેના પરથી જ સ્પષ્ટ છે કે, ગરજે ગધેડાને બાપ કહેવો પડે તો તેની પણ અમેરિકાની તૈયારી છે.

ચીન અને અમેરિકા વચ્ચેનો વ્યાપાર કરાર ભારત માટે મોટી ચેતવણી છે એ કહેવાની જરૂર નથી. આપણે અહીં ડીયર ફ્રેન્ડ ડોનલ્ડની દોસ્તીની દુહાઈઓ આપીએ છીએ ને ડોનલ્ડ ચીનના પડખામાં વધારે ને વધારે ઘૂસતા જાય છે એ જોતાં ભારતે પોતાની વિદેશ નીતિ વિશે નવેસરથી વિચારવાની જરૂર છે. ચીન ભારતનું દુશ્મન છે અને અમેરિકા ચીન સાથે હાથ મિલાવીને પાવરફુલ બનાવી રહ્યું છે ત્યારે ભારતે પણ પોતે કઈ રીતે પાવરફુલ બની શકે એ વિશે વિચારવાની જરૂર છે. જી-૭ સમિટમાં નિમંત્રણ મળ્યું એવી નાની નાની વાતોથી રાજી થવાના બદલે ભવિષ્ય તરફ મીટ માંડવી જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,
શનિવાર, તા. ૧૪–૬–૨૦૨૫, ભદ્રા સમાપ્તિ

- ભારતીય દિનાંક ૨૪, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ વદ–૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ વદ–૩
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૮મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રે ક. ૨૪–૨૧ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર ધનુમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯–૩૭ સુધી, મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૪–૦૭, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૪૫ (તા. ૧૫).
- ઓટઃ સવારે ક. ૦૭–૦૭, રાત્રે ક. ૨૦–૧૬.
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭. 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ–તૃતીયા. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ક. ૨૨–૦૨. ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૫–૪૮. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સંકષ્ટી વ્રત ઉપવાસ વિશેષરૂપે શ્રી ગણેશપૂજા, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રી ગણેશયાગ, ભગવાન સૂર્યનારાયણ, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, શનિગ્રહ દેવતાનું પૂજન, હનુમાનચાલીસા, સુંદરકાંડ પાઠ વાંચન, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ, નિત્ય થતાં નોકરી, દસ્તાવેજી કામકાજ, ખેતીવાડી.
- આચમનઃ ચંદ્ર–હર્ષલ ત્રિકોણ મુસાફરીઓ અવારનવાર થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ ત્રિકોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–સિંહ, બુધ–મિથુન, ગુરુ–મિથુન, શુક્ર–મેષ શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# આગનો ગોળો બનેલા વિમાનમાંથી 'ચમત્કારિક' રીતે મળ્યા ભગવદ્ ગીતા અને બાળ ગોપાલ

અમદાવાદઃ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં થયેલી વિમાન દુર્ઘટનામાં ૨૬૦થી વધુ લોકોના મોત થયા છે. મૃતકોમાં રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પણ હતા. બી જે મેડિકલ કોલેજની હોસ્ટેલ સાથે વિમાન ટકરાયું હતું. જે બાદ આગનો ગોળો બની ગયું હતું.

રેસ્કયૂ ઓપરેશન દરમિયાન દુર્ઘટનાની ભયાનક તસવીરો અને વીડિયો સામે આવ્યા છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં રેસ્ક્યૂ ટીમને ભગવદ્ ગીતા મળી હતી. કોઈ મુસાફર હિન્દુ ધાર્મિક ગ્રંથને તેની સાથે લંડન જઈને જતો હતો. દુર્ઘટનામાં મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ ચુક્યો હતો પરંતુ ભગવત ગીતા સંપૂર્ણ સુરક્ષિત છે. ધાર્મિક ગ્રંથનું એક પણ પેજ બળ્યું નથી.

આ વીડિયો પર યૂઝર્સ પણ અલગ અલગ કોમેન્ટ કરી રહ્યા છે. એક યુઝર્સે તેને ચમત્કાર ગણાવ્યો છે. જ્યારે એક યુઝરે તબાહી વચ્ચે ખરેખર માર્મિક ક્ષણ ગણાવી હતી.

ધોળકાના કેલિયા વાસણા ગામના જીનલ પટેલ અને વૈભવ પટેલ પ્લેનમાં મુસાફરી કરી રહ્યા હતા. જીનલ અને વૈભવના લવ મેરેજ થયા હતાં. જીનલ પટેલને સાત માસનો ગર્ભ હોવાથી ગત ૩૦ મેના રોજ લંડનથી તેઓ સીમંતની વિધિ માટે પોતાના વતન આવ્યા હતા. ગત ૫ જૂનના રોજ તેમનું શ્રીમંત રાખવામાં આવ્યું હતું. સીમંત વિધિ પતાવી આ દંપતી લંડન જઈ રહ્યું હતું. બાળ ગોપાલ સીમંત દરમિયાન જીનલ પટેલના હાથમાં હતા. હાલ માત્ર બાળ ગોપાલ બચ્યા છે. જ્યારે વૈભવ પટેલ, જીનલ પટેલ અને તેમના ગર્ભમાં રહેલું સાત માસનું બાળક પણ જીવિત નથી.■

# મુંબઈથી લંડન જઇ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ટેક્નિલ ખામી સર્જાઇ, સુરક્ષિત રીતે મુંબઈ પરત ફર્યું

મુંબઈ : અમદાવાદથી લંડન જઇ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઇટ ગુરુવારે ક્રેશ થઇ જેમાં ૨૪૧ લોકોના મોત થયા છે. ત્યારે આજે મુંબઈથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની બીજી ફ્લાઈટમાં ટેક્નિલ ખામી સર્જાયાની માહિતીથી મુસાફરો અને ઉડ્ડયન ક્ષેત્રમાં ગભરાટ ફેલાયો છે. શુક્રવારે છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટથી લંડન-હીથ્રો જતી ફ્લાઈટ AI-૧૨૯ને ટેકઓફ કર્યાના થોડા સમય બાદ ટેકનિકલ સમસ્યાને કારણે મુંબઈ પરત ફરવું પડ્યું.

મીડિયા અહેવાલ મુજબ, ફ્લાઈટ AI-૧૨૯ સવારે ૮:૩૬ વાગ્યે ઉડાન ભરી હતી, પરંતુ હાઈડ્રોલિક સિસ્ટમમાં ખામી હોવાની માહિતી મળ્યા બાદ પાયલોટે એર ટ્રાફિક કંટ્રોલ (ATC) નો સંપર્ક કર્યો અને વિમાનને મુંબઈ પાછું લાવવાનો નિર્ણય લીધો. આ વિમાનને છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતારવામાં આવ્યું. મળતી માહિતી મુજબ, વિમાનની તપાસ કરવામાં આવી રહી છે. ■

# ઉગરી ગયેલા પ્રવાસીનો ઇકોનોમી ક્લાસનો સીટ નંબર હતો '૧૧એ'

નવી દિલ્હીઃ અમદાવાદમાં ઍર ઇન્ડિયાની વિમાન દુર્ઘટનામાં ઉગરી ગયેલા ભાગ્યશાળી મુસાફરનો ઇકોનોમી ક્લાસમાં સીટ નંબર '૧૧એ' હતો.

કમનસીબ વિમાનમાંની ઇકોનોમી ક્લાસની સીટ '૧૧એ' બ્રિટિશ નાગરિક વિશ્વાસકુમાર રમેશ (૪૫ વર્ષ)ની હતી. ડ્રીમલાઇન તરીકે ઓળખાતા બોઇંગ ૭૮૭-૮ વિમાનની અમદાવાદથી લંડન જતી ફ્લાઇટ એઆઇ૧૭૧માં ૧૨ વિમાની કર્મચારી સહિત કુલ ૨૪૨ જણ હતા.

દુર્ઘટનાગ્રસ્ત વિમાનના ઇકોનોમી ક્લાસની '૧૧એ' નંબરની સીટ પ્રથમ હરોળની છ સીટમાંની એક હતી. વિમાનની સીટના નકશા મુજબ '૧૧એ' સીટ વિમાનના કિચન વિસ્તારની નજીક અને ઇમર્જન્સી ઍક્ઝિટ ડૉર (તાકીદની પરિસ્થિતિમાં બહાર નીકળવા માટેના દરવાજા)ની પાસે બારીની નજીક હતી.

રમેશભાઇ કઇ રીતે તૂટી પડેલા સળગતા વિમાનમાંથી ઉગરી ગયા?, તેનું સાચું કારણ હજી સુધી જાણવા નથી મળ્યું, પરંતુ ઇમર્જન્સી ઍક્ઝિટ ડૉર નજીક હોવાથી તે બચી ગયા હોવાનું મનાય છે.

ઍર ઇન્ડિયાના બી-૭૮૭-૮ વિમાનોના કાફલામાં હાલમાં ૨૭ પ્લૅન છે અને તે દરેકમાં ઇકોનોમી ક્લાસની ૨૩૮ અને બિઝનેસ ક્લાસની ૧૮ સીટ છે. (એજન્સી)■

# ઇરાન પરના હુમલામાં અમેરિકા નથી સંડોવાયુંઃ માર્કો રુબિયો

વૉશિંગ્ટનઃ ઇઝરાયલે ઇરાનના અણુ-મથક, મિસાઇલોનાં શસ્ત્રાગાર અને અન્ય લશ્કરી ઠેકાણા પર કરેલા હુમલાના સંબંધમાં અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ સ્પષ્ટતા કરી હતી કે આ હુમલો ઇઝરાયલે આપમેળે (જાતે) કર્યો છે અને તેમાં અમેરિકા સંડોવાયું નથી. ઇરાને વળતો કોઇ પણ હુમલો અમેરિકાના સૈનિકો પર કરવો ન જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે ઇઝરાયલે આ હુમલાના સંદર્ભમાં અમને (અમેરિકાને) કહ્યું હતું કે જેરુસલેમ પોતાના રક્ષણાર્થે ઇરાન પર હુમલા કર્યા હતા.

માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પ અને તેમની સરકાર અમેરિકાના સુરક્ષા દળોના રક્ષણાર્થે દરેક જરૂરી પગલાં લઇ રહી છે. અમેરિકા અખાતના વણસેલા યુદ્ધના સંબંધમાં પોતાના મિત્ર દેશોના સતત સંપર્કમાં છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પણ વિદેશમાંના યુદ્ધથી અમેરિકાના લશ્કરને દૂર રાખવાની વાત અવારનવાર કરે છે. તેમણે શુક્રવારે સવારે સોશિયલ મીડિયાની પોસ્ટમાં જણાવ્યું હતું કે મેં ઇરાનને (અણુ-કાર્યક્રમના સંબંધમાં) કરાર કરવાની તક આપી હતી, પરંતુ હજી સુધી આ મુદ્દે કોઇ સંમતિ નથી સધાઇ. મેં ઇરાનની સરકારને કહ્યું હતું કે અમેરિકા કોઇ યુદ્ધ નથી ઇચ્છતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ઈઝરાયલનો

તેનો અણુ-કાર્યક્રમ રોકવા માટે આ હુમલા કરવા જરૂરી હતા.

ઇરાનની રાજધાનીમાં થોડા કલાકના સમય-ગાળામાં અનેક ધડાકા સંભળાયા હતા.

અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે ઇઝરાયલે આપમેળે જ ઇરાન પર હુમલો કર્યો હતો અને જેરુસલેમ દાવો કરે છે કે પોતાના રક્ષણ માટે ઇરાન પર આ હુમલા કરવા જરૂરી હતા.

અગાઉ, ઇન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સીએ પણ આક્ષેપ કર્યો હતો કે ઇરાન અમારા ઇન્સ્પેક્ટરોને અણુ-કાર્યક્રમનું નિરીક્ષણ કરવા નથી દેતું. (એજન્સી)■

### ડૉલર સામે

નરમાઈનું વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ગઈકાલના બંધ સામે ૭૩ પૈસા ગબડ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૫૯ પૈસાના ઘટાડા સાથે ૮૬.૧૧ના મથાળે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૫૨ના બંધ સામે ગબડીને ૮૬.૨૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૨૫ અને ઉપરમાં ૮૫.૯૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૫૯ પૈસા ઘટીને ૮૬.૧૧ના મથાળે બંધ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે આજે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૭.૨૭ ટકા ઉછળીને બેરલદીઠ ૭૪.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

સામાન્યપણે જો ક્રૂડતેલના ભાવમાં ૧૦ ડૉલરનો વધારો થાય તો દેશની વેપાર ખાધમાં ૧૨ અબજ ડૉલરનો વધારો થાય અને ફુગાવામાં ૫૦ બેસિસ પૉઈન્ટનો વધારો થતો હોવાથી આજે રિઝર્વ બૅન્કે ગબડતા રૂપિયાને ટેકો આપ્યો હોવાની શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી હતી. ■

### સેન્સેક્સમાં

પટકાયો હતો.

અંતે સેન્સેક્સ ૫૭૩.૩૮ પોઇન્ટના ગાબડાં સાથે ૮૧,૧૧૮.૬૦ની સપાટીએ અને નિફ્ટી ૧૬૯.૬૦ પોઇન્ટના મોટા ગાબડાં સાથે ૨૪,૭૧૮.૬૦ની સપાટીએ સ્થિર થયો હતો.

ઈરાન પર ઈઝરાયલના મિસાઈલ હુમલાથી ભારે ઊથલપાથલ મચી ગઈ હોવાને કારણે શેરબજારમાં તીવ્ર કડાકો બોલાયો અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. ઈરાનની પરમાણુ સુવિધાઓને નિશાન બનાવીને કરવામાં આવેલા આ હુમલાથી મધ્ય પૂર્વમાં તણાવ તીવ્રપણે વધી જવાને કારણે રોકાણકારોએ સોના અને સરકારી બોન્ડ જેવી સેફ હેવન એસેટ તરફ દોટ લગાવી હતી.

પુરવઠામાં વિક્ષેપ અને ઈરાન તરફથી સંભવિત પ્રતિહુમલાની ચિંતાએ બજારની અસ્થિરતાને વધુ વેગ આપ્યો હોવાથી બજારમાં વ્યાપક વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

શુક્રવારે ભારતીય શેરબજારમાં કામકાજની શરૂઆત જ ભયાનક પછડાટ સાથે થઇ હતી. ઇઝરાયલ દ્વારા ઇરાન પર લશ્કરી હુમલાઓ શરૂ થઇ ગયા હોવાને કારણે ખખડી ગયેલા મોરલ વચ્ચે એશિયન બજારોમાં તીવ્ર પીછેહઠ જોવા મળી હતી.

આ લશ્કરી અથડામણને કારણે ક્રૂડ ઓઇલ પુરવઠાથી સમૃદ્ધ એવા મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તંગદીલીમાં ઝડપી વધારો થયો હતો. સરવાળે ઇરાન પણ પ્રત્યાઘાતી આક્રમણ કરશે એવી સંપૂર્ણ સંભાવના જોતાં બજારને વહેલી તકે કળ વળવાની આશા ઓછી છે.

એશિયાઇ બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઇનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા. યુરોપનાં શેરબજારો નીચા મથાળે ટ્રેડ થઇ રહ્યાં હતાં. અમેરિકાના બજારો ગુરુવારે પોઝિટિવ ઝોનમાં બંધ થયા હતા. ■

### મોદીએ ગુજરાતના

પરની તેમની પોસ્ટમાં કહ્યું, વિજયભાઈ રૂપાણીજીના પરિવારને મળ્યો. એ અકલ્પનીય છે કે વિજયભાઈ હવે આપણી વચ્ચે નથી. હું તેમને દાયકાઓથી ઓળખું છું. અમે ખભે ખભો મિલાવીને કામ કર્યું, જેમાં સૌથી પડકારજનક સમયનો પણ સમાવેશ થાય છે, તેમણે કહ્યું, વિજયભાઈ નમ્ર અને મહેનતુ હતા, પક્ષની વિચારધારા પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ હતા. પદ પર વધતાં, તેમણે સંગઠનમાં વિવિધ જવાબદારીઓ સંભાળી અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ખંતથી કામ કર્યું. તેમણે દરેક ભૂમિકામાં પોતાને અલગ પાડ્યા, પછી ભલે તે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હોય, રાજ્યસભાના સાંસદ તરીકે હોય, ગુજરાત ભાજપના પ્રમુખ તરીકે હોય કે રાજ્ય સરકારમાં કેબિનેટ પ્રધાન તરીકે હોય, મોદીએ વધુમાં કહ્યું. જ્યારે વિજયભાઈ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે પણ મેં અને વિજયભાઈએ સાથે મળીને કામ કર્યું. તેમણે ગુજરાતના વિકાસને વેગ આપવા માટે ઘણાં પગલાં લીધાં, ખાસ કરીને જીવનને સરળ બનાવવા માટે. અમારા બંને વચ્ચે થયેલી વાતચીત હંમેશાં યાદગાર રહેશે. આ દુઃખની ઘડીમાં મારા સંવેદના તેમના પરિવાર અને મિત્રો સાથે છે. ઓમ શાંતિ. વડા પ્રધાનેએ એરપોર્ટ નજીક ગુજસેલ બિલ્ડીંગમાં પૂર્વ મુખ્ય પ્રધાનનાં પત્ની અંજલિ રૂપાણી અને પરિવારના અન્ય સભ્યોને મળ્યા હતા.

ભૂપેન્દ્ર પટેલ પણ રૂપાણીના પરિવારને સાંત્વના આપી હતી અને વિજય રૂપાણી સાથેના જૂના દિવસો યાદ કર્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, વિજય રૂપાણીના નિધન પર તેઓ શોક વ્યક્ત કરે છે.

ભૂપેન્દ્ર પટેલે વિજય રૂપાણી અંગે કહ્યુ હતુ કે, તેમનું સૌમ્ય અને સંવેદનશીલ વ્યક્તિત્વ હમેંશાં યાદ રહેશે. વિજયભાઇએ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં અને ત્યારબાદ પક્ષમાં કુશળ સંગઠક તરીકે વિવિધ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. વધુમાં તેઓએ જણાવ્યુ હતુ કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પારદર્શી અને નિર્ણાયક નેતૃત્વથી રાજ્યનો સર્વાંગો વિકાસ કર્યો હતો. વિકાસ યાત્રાને આગળ ધપાવવામાં તેમનું યોગદાન સદૈવ યાદ રહેશે. ■

### અમેરિકાની સંમતિ

અમેરિકા પણ જવાબદાર રહેશે

ઈરાને વિશ્વભરના ઇસ્લામિક દેશો, બિન-જોડાણવાદી ચળવળ (NAM)ના સભ્ય દેશો અને વૈશ્વિક શાંતિમાં વિશ્વાસ રાખનારાં તમામ રાષ્ટ્રોને આ ક્રૂરતાની નિંદા કરવા અને સાથે મળીને તેનો સામનો કરવા અપીલ કરી છે. કારણ કે આ ફક્ત ઈરાન પર હુમલો નથી, પરંતુ સમગ્ર ક્ષેત્ર અને વિશ્વની શાંતિ માટે ખતરોનો સંકેત છે.

વ્હાઇટ હાઉસથી જાહેર કરાયેલા એક નિવેદનમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ કહ્યું, ઈઝરાયલે ઈરાન વિરુદ્ધ એકપક્ષીય કાર્યવાહી કરી છે. અમે કોઈપણ રીતે ઈરાન સામેના હુમલામાં સામેલ નથી અને અમારી પ્રાથમિકતા ફક્ત પ્રદેશમાં યુએસ સેનાનું રક્ષણ કરવાની છે. ઇઝરાયલે અમને કહ્યું કે આ કાર્યવાહી તેમના સ્વ-બચાવ માટે જરૂરી હતી. રાષ્ટ્રપતિ અને વહીવટીતંત્રે સેનાના રક્ષણ માટે તમામ જરૂરી પગલાં લીધાં છે. ■

### અમદાવાદ ઍરપોર્ટ

આવેલી માહિતી અનુસાર, ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ એર ઈન્ડિયાનું વિમાન (એઆઈ-૧૭૧) ૧.૩૮ વાગ્યે ટેક ઑફ થયું હતું. જે બે મિનિટમાં જ ૧.૪૦ વાગ્યે પહેલાં વૃક્ષ અને પછી સિવિલ સ્ટાફ ક્વાર્ટર્સ અતુલ્યમ બિલ્ડિંગ સાથે ધડાકાભેર અથડાયું હતું. આ ટેકઑફ થતાં જ પાઇલોટ સુમિત સભરવાલે એટીસીને મેડે કોલ આપ્યો હતો, પરંતુ એટીસી તરફથી કોઈ સિગ્નલ મળ્યું ન હતું. અને ધડાકાભેર સાથે પ્લેન ક્રેશ થયું હતું. બિલ્ડિંગના પાયાના ભાગને મોટુ નુકસાન થતાં બિલ્ડિંગ ધરાશાયી થવાની અણી પર છે. ■

### ઍર ઈન્ડિયાના

સાથે સંબંધિત સૌથી ભયાનક અકસ્માતોમાંની એક છે. આ અમેરિકન વિમાન ઉત્પાદક બોઇંગનું સૌથી આધુનિક વાઇડબોડી એરલાઇનર છે. એર ઇન્ડિયાનું આ વિમાન ફક્ત ૧૨ વર્ષ જૂનું હતું અને અકસ્માતના થોડા કલાકો પહેલા જ દિલ્હીથી મુસાફરો સાથે અમદાવાદ પહોંચ્યું હતું. તેમાં ૨૪૨ લોકો સવાર હતા. અમદાવાદ એરપોર્ટના રનવે નંબર ૨૩ પરથી ઉડાન ભર્યાના થોડીવાર પછી તે ઝડપથી નીચે ઊતરવા લાગ્યું અને એક રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં ૨૬૫ લોકોના મોત થયાં હતાં. મૃતકોમાં તે લોકોનો પણ સમાવેશ થાય છે જેઓ તે ઇમારતમાં હાજર હતા જેના પર વિમાન ક્રેશ થયું હતું. ■

### એટીએસને

કરી રહી છે શું આ કોઈ ષડ્યંત્ર હતું, પાઇલટની કોઈ ભૂલ હતી કે પછી કોઈ બાહ્ય દખલગીરીનું પરિણામ? ફોરેન્સિક ટીમે પણ ઘટનાસ્થળેથી જરૂરી નમૂનાઓ એકઠા કર્યા હતા, જેને હવે તપાસ માટે લેબમાં મોકલવામાં આવશે. તપાસ અધિકારીઓ માની રહ્યા છે કે બ્લેક બોક્સ અને ડીવીઆરમાં નોંધાયેલા ડેટામાંથી જ ક્રેશ પહેલા વિમાનની અંદર શું સ્થિતિ હતી, પાઇલટ્સે શું વાતચીત કરી હતી, અને છેલ્લા કેટલાક મિનિટોમાં કોકપિટમાં શું બન્યું હતું, તેનું રહસ્ય બહાર આવશે.

દુર્ઘટના સ્થળેથી મળી આવેલા બ્લેક બોક્સને ગુજરાત એટીએસએ કાટમાળમાંથી બહાર કાઢીને તપાસ ટીમને સોંપ્યો હતો. હવે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમ તેની તપાસ કરશે. તેમાં રેકોર્ડ થયેલા ડેટાથી ટેકઓફથી લઈને ક્રેશ સુધી વિમાનમાં શું ઘટનાઓ બની, તેની સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થશે.

ફ્લાઇટ એઆઈ ૧૭૧ એ અમદાવાદ એરપોર્ટ પરથી બપોરે ૧:૩૮ વાગ્યે ઉડાન ભરી હતી. વિમાને ૬૨૫ ફૂટની ઊંચાઈ સુધી પહોંચ્યા બાદ એર ટ્રાફિક કંટ્રોલ સાથેનો સંપર્ક ગુમાવી દીધો હતો. ત્યારબાદ એક મિનિટની અંદર જ તે મેઘાણીનગર સ્થિત બી.જે. મેડિકલ કોલેજની હોસ્ટેલ સાથે અથડાઈને દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું.

અકસ્માત બાદ તેમાં ભીષણ આગ લાગી ગઈ અને ધુમાડાના ગોટેગોટા ઉડવા લાગ્યા હતા. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૨ ઉતારુઓમાંથી ૨૪૧ લોકોનાં મોત થયાં છે. સમાચાર લખાય છે ત્યાં સુધીમાં પાંચ મૃતદેહોની ઓળખ કરવામાં આવી હતી, જેમાં બે રાજસ્થાનના, બે ગુજરાતના ભાવનગરના અને એક મધ્ય પ્રદેશનો નિવાસી હોવાની વિગતો છે. બાકીના મૃતદેહોની ઓળખ માટે ડીએનએ સેમ્પલ લેવામાં આવી રહ્યા છે. ■





**સમીક્ષા અને ખબરઅંતર:** અમદાવાદમાં ઍર ઈન્ડિયાની ફ્લાઈટ જે રહેઠાણ વિસ્તારમાં તૂટી પડી હતી ત્યાં જઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદી, મુલકી ઉડ્ડયન પ્રધાન રામમોહન નાયડુ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દુર્ઘટનાની જાણકારી મેળવી હતી અને સમીક્ષા કરી હતી તેમ જ મોદીએ હૉસ્પિટલમાં જઈને દુર્ઘટનામાં બચી ગયેલા મુસાફર વિશ્વાસકુમાર રમેશના ખબરઅંતર પુછ્યા હતા. (પીટીઆઈ)

# વડા પ્રધાન મોદીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી, અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં પ્લેનક્રેશ દુર્ઘટનાથી આખો દેશ સ્તબ્ધ છે ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સવારે સમગ્ર પરિસ્થિતિનો ચિતાર મેળવવા અમદાવાદ આવી પહોંચ્યા હતા અને પ્લેનક્રેશ દુર્ઘટના સ્થળની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્લેનક્રેશ થવાને કારણે ક્ષતિગ્રસ્ત થયેલી મેડિકલ હોસ્ટેલ અને મેસ બિલ્ડિંગનું નિરીક્ષણ કર્યું હતું. પ્લેનક્રેશ દુર્ઘટના સ્થળની મુલાકાત બાદ વડા પ્રધાન મોદી અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ત્યાં સારવાર મેળવી રહેલા ઇજાગ્રસ્ત દર્દીઓની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વડા પ્રધાને દર્દીઓની સ્વાસ્થ્ય પૃચ્છા કરીને સ્વજનોને આ વિકટ પરિસ્થિતિનો સામનો કરવા હિંમત બંધાવી હતી. આ દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત થયેલા તબીબો અને હેલ્થકેર વર્કર્સની મુલાકાત પણ વડા પ્રધાને લીધી હતી. અને ઇજાગ્રસ્તોની સારવાર કરી રહેલા તબીબો પાસેથી દર્દીઓની હાલની સ્વાસ્થ્ય પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ મુલાકાતમાં વડા પ્રધાનની સાથે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ઉડ્ડયન પ્રધાન કિંજારાપ્પુ રામ મોહન નાયડુ, કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી. આર. પાટીલ, કેન્દ્રીય રાજ્ય ઉડ્ડયન પ્રધાન મુરલીધર મોહોલ, ગુજરાતના નાગરિક ઉડ્ડયન પ્રધાન બલવંતસિંહ રાજપૂત, ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી, રાજ્યપ્રધાન જગદીશ વિશ્વકર્મા, મુખ્ય સચિવ પંકજ જોશી, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય સહિત વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સ્થળોની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યા પછી અમદાવાદમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રધાનો અને ઉચ્ચ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજી હતી.

# અમદાવાદ વિમાન દુર્ઘટના: રૂપાણીનો લકી નંબર ૧૨૦૬ તેમની જીવનયાત્રાની અંતિમ તારીખ બન્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી ૧૨૦૬ ને પોતાનો લકી નંબર માનતા હતા અને વર્ષોથી પોતાના બધા વાહનો પર તે અંકિત કરાવતા હતા. આ નંબર હવે ભારતના ઇતિહાસની સૌથી ખતરનાક ઉડ્ડયન દુર્ઘટનાઓમાંની એકનો પર્યાય બની ગયો છે, ૧૨ જૂનના ગુરુવારે અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં વિજય રૂપાણી સહિત અન્ય ૨૬૪ લોકોનાં મોત થયાં હતાં.

ગુરુવારે બપોરે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યા પછી તરત જ લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઇટ મેઘાણીનગર વિસ્તારમાં મેડિકલ કોલેજ અને હોસ્ટેલ બિલ્ડિંગ સાથે અથડાઈ હતી તે ૨૪૨ લોકોમાં રૂપાણીનો સમાવેશ થતો હતો.

પૂર્વ મુખ્ય પ્રધાન ૧૨૦૬ ને પોતાનો લકી નંબર માનતા હતા, પરંતુ હવે ૧૨ જૂન (૧૨/૬) તેમની જીવનયાત્રાની છેલ્લી તારીખ બની ગઈ છે. રૂપાણીના વતન રાજકોટના લોકો તેમની કારને તેના વાહન નોંધણી નંબર ૧૨૦૬ દ્વારા ઓળખી શકતા હતા. રાજકોટના સ્થાનિકો અને પત્રકારોના જણાવ્યા અનુસાર, રૂપાણીના સ્કૂટર અને કારનો નંબર એક જ હતો. રૂપાણી લંડનમાં તેમની પુત્રીના ઘરે જઈ રહ્યા હતા, તે દરમિયાન વિમાન દુર્ઘટનાની આ કરૂણાંતિકા સર્જાઈ હતી. ગુજરાત ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય જળ શક્તિ પ્રધાન સીઆર પાટીલે ગુરુવારે વિમાન દુર્ઘટનામાં રૂપાણીના મૃત્યુની પુષ્ટિ કરી. ૬૮ વર્ષીય નેતા તેમના શાંત સ્વભાવ અને મક્કમ વહીવટી શૈલી માટે જાણીતા હતા. તેમણે ઓગસ્ટ ૨૦૧૬ થી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી અને કોવિડ-૧૯ પછીના મહત્ત્વપૂર્ણ રિકવરી તબક્કામાંથી રાજ્યનું નેતૃત્વ કર્યું હતું. તેમણે વિદ્યાર્થી નેતા તરીકે શરૂઆત કરી, અનેક આંદોલનોનું નેતૃત્વ કર્યું અને કોલેજના દિવસોમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર હતા. ૧૯૭૫માં કટોકટીનો વિરોધ કરતી વખતે રૂપાણીને ભાવનગર જેલમાં એક વર્ષ માટે કેદ કરવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૮૭માં તેમના જાહેર જીવનો આરંભ થયો હતો. જ્યારે તેઓ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાઉન્સિલર તરીકે ચૂંટાયા અને બાદમાં મેયર બન્યા હતા. તેઓ વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૨ દરમિયાન રાજ્યસભાના સભ્ય હતા. મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળમાં રાજ્ય ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ ની શરૂઆત અને આદિવાસી ઉત્થાન માટેની પહેલ જોવા મળી હતી. સપ્ટેમ્બર ૨૦૨૧ માં, રૂપાણીએ પદ પરથી રાજીનામું આપ્યું હતું. બાદમાં તેમને પંજાબના ભાજપના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

# અમદાવાદ વિમાન દુર્ઘટના મામલે મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ

અમદાવાદ: શહેરમાં એર ઈન્ડિયાનું વિમાન ગુરુવારે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ દુર્ઘટનામાં ૨૬૦થી વધુ લોકોનાં મૃત્યુ થયા છે. અમદાવાદની આ ગોઝારી ઘટનાને પગલે મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. અમદાવાદ પ્લેન ક્રેશ મામલે ૧૨ જૂને બપોરે ૧ વાગ્યેને ૪૪ મિનિટે સૌ પ્રથમ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વનગાડી તથા પી.સી.આર વાનને અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલરૂમ તરફથી મેસેજ મળ્યો હતો કે, જૂની આઇ. જી. પી કંપાઉન્ડમાં આગ લાગેલી છે. મેસેજ આપનારે પોતાનું નામ જણાવ્યું નહોતું. અમદાવાદ શહેર સરદાર વલ્લભભાઇ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતેથી એર ઇન્ડિયાની ફલાઇટ નં. એઆઈ ૧૭૧ની અમદાવાદ શહેર ખાતેથી કલાક ૧/૨૦ વાગ્યે ટેકઓફ થઇ લંડન જવા સારું ઉડાન ભરી હતી, જે ફ્લાઇટ મેઘાણીનગર જુની આઇ. જી. પી. કંપાઉન્ડમાં કોઇ અગમ્ય કારણસર આશરે ક્રેશ થઈ હતી હોય અને તેમાં સવાર યાત્રીઓ તેમ જ પાઇલોટ તથા ક્રૂ મેમ્બર તથા બનાવવાળી જગ્યાની આજુબાજુના રહેણાકવાળા વિસ્તારના નાગરિકો અવસાન પામ્યા હતા. આ વિગત ઇન્કવેસ્ટ પંચનામા ભરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૭ લોકોના મૃતદેહ સોંપવામાં આવ્યા હતા. સિવિલ હૉસ્પિટલ ખાતે અત્યાર સુધીમાં ૧૯૨થી વધુ લોકોના પરિવારના સેમ્પલ લેવામાં આવ્યા છે. પોસ્ટ મોર્ટમ રૂમમાં મૃતદેહની ઓળખ થયા બાદ આ મૃતદેહને પરિવારજનો તેમ જ તેમના સગાઓને સન્માનભેર સોંપવામાં આવી રહ્યા છે.

# અમદાવાદ રથયાત્રામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એક્શન પ્લાન તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં આગામી ૨૭મી જૂને ભગવાન જગન્નાથની રથયાત્રા ધૂમધામથી નીકળશે. રથયાત્રામાં ગુજરાતભરમાંથી શ્રદ્ધાળુઓ આવતા હોય છે ત્યારે રથયાત્રાને લઈને પોલીસ કમિશનર જી.એસ મલિકની અધ્યક્ષતામાં એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. જેમાં વ્યવસ્થાને સહિત અનેક મુદ્દા પર ચર્ચા થઈ હતી. અમદાવાદમાં દર વર્ષે રથયાત્રા યોજાય છે જે દેશમાં જગન્નાથપુરી બાદ બીજી સૌથી મોટી રથયાત્રા છે. ત્યારે અમદવાદમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળે છે. પોલીસ કમિશનર જી. એસ મલિકની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સુરક્ષા વ્યવસ્થા તેમ જ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવા સૂચના આપવામાં આવી હતી. એટલું જ નહીં પણ ગુનેગારો તેમ જ અસામાજિક તત્ત્વો પર કાર્યવાહી થશે.

આ ઉપરાંત રથયાત્રામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. તેમ જ જે રૂટ પરથી રથયાત્રા પસાર થવાની છે ત્યાના રહીસોની ટીમો બનાવવામાં આવી છે. આ વખતે રથયાત્રામાં આગ, ભાગદોડ કે કોઈ અન્ય દુર્ઘટનાને પહોંચી વળવા માટે એઆઈ ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે. શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન થાય તે માટે પણ પોલીસને સૂચના અપાઈ છે.

રથયાત્રાની તેયારી અંગે પોલીસ કમિશનર જી.એસ મલીકે જણાવ્યું હતું કે, પોલીસે આ રથયાત્રાને લઈને બે મહિના પહેલા જે તૈયારી શરૂ કરી દીધી છે જેમાં શાંતિ સમિતિની મીટિંગ, મહોલ્લા સમિતિની મીટિંગ, ફૂટ પેટ્રોલિંગ જેવા મુદ્દાઓ પર કામ કર્યું છે. આ ઉપરાંત હોટલ, ગેસ્ટ હાઉસની તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આ વખતે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)થી ક્રાઉડ મેનેજમેન્ટ એટલે કે ક્યાં વધુ ભીડ થાય છે એનું ધ્યાન રાખવામાં આવશે એટલે બેંગલુરુ જેવી ઘટના ન બને આ સિવાય આગની ઘટના પણ ન બને તેનું એઆઈ દ્વારા ધ્યાન રાખવામાં આવશે. રથયાત્રામાં ચાંપતી નજર રાખવા માટે લોકોના સહયોગથી લગભગ ૨૨,૦૦૦ સીસીટીવી લગાડવામાં આવ્યા છે. રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથ, બલરામ અને બહેન સુભદ્રાજીના ત્રણેય રથના કલરની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જળયાત્રા માત્ર એક ધાર્મિક કાર્યક્રમ નથી, પણ ભક્તિ, સંસ્કૃતિ અને પરંપરાનું જીવંત ચિહ્ન છે.

# દિવંગતોને ગુજરાત હાઈ કોર્ટ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

અમદાવાદ: શહેરમાં ૧૨ જૂનના રોજ થયેલી અત્યંત દુઃખદ અને આઘાતજનક પ્લેન ક્રેશની કરુણાંતિકામાં ભોગ બનેલા નિર્દોષ પીડિતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અને તેમના દિવંગત આત્માની શાંતિ માટે, ગુજરાત હાઈ કોર્ટ દ્વારા એક સંવેદનશીલ પહેલ કરવામાં આવી હતી. તે ઉપરાંત જૂનાગઢમાં બાર એસોસિએશનના ૭૦૦થી વધુ વકીલોએ શોકસભા યોજી હતી. શોકસભા દરમિયાન બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું અને શોક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

શુક્રવારે, ગુજરાત હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને સાથી ન્યાયાધીશો, રજિસ્ટ્રીના અધિકારીઓ તેમજ ઉપસ્થિત વકીલોએ સાથે મળીને કોર્ટની કાર્યવાહી શરૂ થતા પહેલાં બે મિનિટનું મૌન પાળ્યું હતું. આ ગંભીર મૌન દ્વારા, કોર્ટે દુર્ઘટનામાં જીવ ગુમાવનારા અને તેમના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

હાઈ કોર્ટે તેની અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, આ કપરા સમયે, અમારા વિચારો અને પ્રાર્થનાઓ મૃતકોના પરિવારો અને આ ભયાનક ઘટનામાં ઘાયલ થયેલા લોકોની સાથે છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરીએ છીએ અને ઇજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના કરીએ છીએ. આ મૌન પાળીને, ગુજરાત હાઈકોર્ટે ન્યાયતંત્રની સંવેદનશીલતા અને માનવતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# અમદાવાદમાં તત્કાળ લોહીની જરૂર હોવાથી રેડ ક્રોસમાં ૪૦૦ લોકોએ રક્તદાન કરી માનવતા મહેકાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયું હતું, તેમાં પીટીઆઈના અહેવાલ પ્રમાણે ૨૬૫ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે અનેક લોકો ઘાયલ હોવાનું પણ જાણવા મળ્યું છે. જેથી ઘાયલ લોકોને લોહીની જરૂર હોવાથી અરજન્ટ બ્લડ રિક્વાયરનો મેસેજ મળતાની સાથે જ ૪૦૦ જેટલા લોકો લોહી આપવા માટે પહોંચી ગયાં હતાં. દુઃખની ઘડીમાં જે રીતે મદદ થઈ શકે તે રીતે મદદ કરવા માટે લોકોએ આગળ આવીને માનવતા દેખાડી હતી. આટલી મોટી દુર્ઘટના બની છે એટલે ઘાયલોની સંખ્યા વધારે હોવાનું અનુમાન છે.

સોશિયલ મીડિયામાં અમદાવાદસપોર્ટ હેશટેગ સાથે કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યું હતું. જેથી વધારેમાં વધારે લોકો બ્લડ ડોનેટ કરવા માટે આવી શકે અને જોઈતી મદદ કરી શકે. આ કેમ્પેઈન દ્વારા રેડ ક્રોસમાં ૪૦૦ લોકો રક્તદાન કરવા માટે આવ્યાં હતા. ઘાયલોને લોહીની જરૂર છે તેવી ખબર પડતાની સાથે જ અમદાવાદીઓએ બ્લડ ડોનેટ કરવા માટે મોટી લાઈન લગાવી દીધી હતી. મોટાભાગના લોકો પોતાના દરેક કામ પડતા મૂકીને મદદ કરવા માટે દોડી આવ્યાં હતાં. અમદાવાદીઓએ આવા ટાણે ખરેખર માનવતા દેખાડી છે.

આ દુર્ઘટના બાદ અનેક લોકો મદદ માટે જોડાયા હતા. ખાસ કરીને વાત કરવામાં આવે તો, ઘટના સ્થળ પર પણ લોકોએ પોતાનાથી બનતી બધી જ મદદ કરી હતી. કેટલાક લોકો પાણીની મદદ કરી રહ્યા હતા, કોઈ મસ્ક આપી રહ્યું હતું, તો કોઈ કાટમાળમાંથી લાશો બહાર કાઢવા માટે મદદ કરી રહ્યું હતું.

બચાવ કામગીરી માટે જુદી જુદી એજન્સીઓના કુલ ૨૦૦૦ લોકો ઘટના સ્થળ પર તૈનાત જોવા મળ્યાં હતાં. આ દરમિયાન તેમને મદદ કરવા માટે સ્થાનિકો પણ જોડાયા હતા.

# ચરોતરનાં ૫૦ લોકોના મૃત્યુ: એક ડોક્ટર અને ૧૫ મહિલાનો સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ગુરૂવારે થયેલી વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૪૧ લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે. જેમાં વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોનાં મોત થયાં છે. આ દુર્ઘટનામાં ફક્ત એક જ મુસાફર બચી ગયો છે. મૃતકોમાંથી ૨૨૯ મુસાફરો હતા જ્યારે ૧૨ વિમાનના ક્રૂ મેમ્બર હતા. આ ઉપરાંત જ્યાં વિમાન ક્રેશ થયું હતું તે મેડિકલ કોલેજ હોસ્ટેલમાં હાજર ૫૬ લોકોએ પણ જીવ ગુમાવ્યો હતો. આ દુર્ઘટનામાં માર્યા ગયેલા પેસેન્જરોમાં ૫૦ પેસેન્જરો ચરોતર પંથકના હતા. આ અંગે મળતી માહિતી મુજબ ચરોતરના આણંદ જિલ્લાના ૩૩ અને ખેડા જિલ્લાના અંદાજે ૧૭ જેટલી વ્યક્તિ આ ફલાઈટમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેમના કરુણ મૃત્યુ થયા છે. આ તમામ મૃતકોના પરિવારજનો અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં સરકાર દ્વારા ડીએનએ ટેસ્ટ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશમાં આણંદના જાણીતા એનેસ્થીક ૭૨ વર્ષના ડો. હિમાંશુ વસંતલાલ શેઠનું પણ અવસાન થયું હતુ. ડો. હિમાંશુ શેઠ બ્રિટિશ પાસપોર્ટ ધરાવતા હતા અને ત્યાં પણ નોકરી કરતા હતા. આણંદ જિલ્લાના બોરસદ, ફાંગણી, ચિખોદરા, કરમસદ, સોજીત્રા, રામનગર, ખંભોળજ, ઉમરેઠ, કસુંબાડ, ગાના, તારાપુર અને આણંદના કુલ ૩૩ યાત્રિકો વિમાનમાં મુસાફરી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં એક ડોક્ટર અને ૧૫ મહિલાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખેડા જિલ્લાના ૧૭ જેટલાં પેસેન્જર મૃત્યુ પામ્યાં હતાં. જેમાં નડિયાદ, કપડવંજ, ઠાસરા, કઠલાલ, મહેમદાવાદ, ઉત્તરસંડા, ડાકોરના મુસાફરો વિવિધ કારણોસર લંડન જઇ રહ્યા હતા.

# વિજય રૂપાણીના નિધનથી રાજકોટ શોકમગ્ન: આજે અંતિમવિધિ, શાળાઓ બંધ રાખી શ્રદ્ધાંજલિ અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ વિમાન ક્રેશ દુર્ઘટનામાં ફ્લાઇટમાં સવાર ૨૪૨ ઉતારુઓમાંથી ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન અને ભાજપના દિગ્ગજ નેતા વિજય રૂપાણી સહિત ૨૪૧ ઉતારુંઓનાં મોત થયાં હતાં. પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીની અંતિમવિધિ ૧૪ જૂનના રોજ રાજકોટમાં કરવામાં આવશે. તેમના પુત્ર ઋષભ રૂપાણી હાલ અમેરિકામાં છે અને તેઓ અમદાવાદ આવવા રવાના થયા હતા, અને આજે વહેલી સવારે તેઓ પરત ફરવાના હતા અને તેમના પરત ફર્યા બાદ અંતિમવિધિનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિજયભાઈ રૂપાણીના પત્ની અંજલિબેન રૂપાણી ગઇકાલે અમદાવાદ પહોંચ્યા હતા. વિજયભાઈ રૂપાણીના નિધનથી સમગ્ર રાજકોટ સહિત સમગ્ર શોકમગ્ન છે. વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજકોટની તમામ ખાનગી શાળાઓ આજે બંધ રહેશે. પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ પાઠવવા માટે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો.વિજયભાઈ રૂપાણીના નિધનથી રાજકીય વર્તુળોમાં શોકની લાગણી છવાઈ છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરુ અને શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ દિવંગત વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ પાઠવી છે. તેમણે જણાવ્યું કે રાજકોટના મેયરથી માંડીને સાંસદ અને મુખ્ય પ્રધાન સુધીની સફર દરમિયાન વિજય રૂપાણીએ રાજકોટના વિકાસ માટે કરેલી પ્રજાહિતની કામગીરી કાયમ યાદ રહેશે.

# પીડિત પરિવારજનો માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રહેવા-જમવા અને પરિવહનની સુવિધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એર ઇન્ડિયાની ફ્લાઈટ નંબર એઆઈ ૧૭૧ ટેકઓફ સમયે અમદાવાદના મેઘાણીનગરમાં ક્રેશ થઇ હતી. આ દુર્ઘટનામાં અનેક લોકોનાં મૃત્યુ થયાં છે. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે તેમના સગાઓના ડીએનએ સેમ્પલ લેવા અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા વ્યવસ્થા કરી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કસોટી ભવનમાં ડીએનએ સેમ્પલ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. મૃતકના નજીકના સગાં એટલે કે માતા પિતા અથવા બાળકો ડીએનએ સેમ્પલ આપી શકશે.

એર ઈન્ડિયા પ્લેન ક્રેશ દુર્ઘટનાને પગલે ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ભોગ બનેલા યાત્રીઓના સગાં-સંબંધીઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પીડિતોના પરિવારજનોને મદદરૂપ થવા માટે સરકીટ હાઉસ તેમ જ અન્ય સ્થળોએ રોકાણની સગવડ પૂરી પાડવામાં આવી છે. ઉપરાંત, સિવિલ હોસ્પિટલથી આ રોકાણ સ્થળો સુધી પહોંચવા માટે વાહન-વ્યવહારની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. અ અંગે વધુ માહિતી અથવા રૂમ તથા વાહન-વ્યવહારની વ્યવસ્થા માટે યાત્રીઓના સગાં-સંબંધીઓ સંબંધિત સત્તાધિકારીઓનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું હતું. આ માટે કંટ્રોલ રૂમ ફોન નં. : ૦૭૯-૨૩૨૫૧૯૦૦, કંટ્રોલ રૂમ મોબાઇલ નં. : ૯૯૭૮૪૦૫૩૦૪ તેમજ કૃણાલભાઈ પટેલ (માર્ગ અને મકાન વિભાગ) : ૯૪૨૯૬૧૦૧૩૭ પર સંપર્ક કરવાનો રહેશે.

# વિજયભાઈએ મને ભાઈ જેટલો પ્રેમ આપ્યો, તેમનાં કામો જેટલાં યાદ કરો તેટલાં ઓછાં: નીતિન પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી )

અમદાવાદ: શહેરના મેઘાણીનગરમાં ગુરુવારે સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનું નિધન થયું હતું. પીએમ મોદીએ આજે વિજય રૂપાણીના પત્ની અંજલીબેનને મળીને સાંત્વના પાઠવી હતી.

પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના કેબિનેટ સાથી અને તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે પણ શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, વિજયભાઈને મારા પર એક ભાઈ જેટલો પ્રેમ હતો, અમારા બન્નેની ઉંમરમાં દોઢ મહિનાનો તફાવત છે. પક્ષે આપણને મુખ્ય પ્રધાન બનાવ્યા આજે પક્ષના આદેશથી હું રાજીનામું આપું છું તેવું મને કહ્યું હતું. પંજાબના પ્રભારી તરીકે પેટા ચૂંટણીની કામગીરી આટોપી તેઓ નીકળ્યા હતા. નીતિનભાઈ પટેલે વધુમાં કહ્યું હતું કે, વિશ્વના અકસ્માતોમાં મોટો અકસ્માત કહી શકાય તેવી આ ઘટના બની હતી. ગઈકાલના અકસ્માતમાં ઘણા લોકોના મોત થયા છે. ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન અને અમારા સાથી વિજયભાઈ રૂપાણીનું પણ દુઃખદ અવસાન થયુ છે. આખા દેશમાં આઘાતનું વાતાવરણ હતું. આ સમાચાર ફ્લેશ થયા ત્યારથી આખા ગુજરાતના લોકોમાં આઘાત છે.

નીતિનભાઈ પટેલે વધુમાં કહ્યું, વિજયભાઈએ ભાજપના કોર્પોરેટરથી રાજનીતિની શરૂઆત કરી હતી. પ્રદેશ સુધીની વિજયભાઈની રાજકીય સફર હતી. તેઓ મુખ્ય પ્રધાન બન્યા હતા ત્યારે મેં પણ નાયબ મુખ્ય પ્રધાનની જવાબદારી નિભાવી હતી. આજે પણ અમને અમારી કામગીરીથી લોકો યાદ કરે છે. કોરોના સમયે મેં અને વિજયભાઈ રાતદિવસ કામગીરીઓ કરી હતી. કોરોના સમયે મુખ્ય પ્રધાનના નિવાસ સ્થાને કોર ગ્રૂપની મીટિંગો થતી હતી. અધિકારી પાસેથી વિજયભાઈ રોજ રિવ્યુ લેતા હતા. અમે રાતોરાત અનેક હોસ્પિટલો શરૂ કરી હતી. સૌરાષ્ટ્રમાં પાણી પહોંચાડવા માટે વિજયભાઈએ અનેક કામ કર્યા હતા. સૌની યોજનામાં નાણાં પણ મોટા પ્રમાણમાં ફાળવતા હતા. જીવદયાના પણ તેઓ ખૂબ ઉપાસક હતા. ચાઈનીઝ દોરી પર તેમણે પ્રતિબંધ મૂક્યો હતો. કોઈપણ દિવસ બિન જરુરી કામગીરીમાં તેઓ વિક્ષેપ ક્યારેય ન કરતા. આજે વિજયભાઈ અને તેમના કામો જેટલા યાદ કરો તેટલા ઓછા છે.

# ભિવંડીમાં યુવતીની આત્મહત્યા: ઉત્તર પ્રદેશના યુવક સામે ગુનો

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં યુવતીને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ ઉત્તર પ્રદેશના યુવક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ ઘટના માર્ચ, ૨૦૨૪માં બની હતી, પણ મૃતકની બહેનને આરોપીના નામ સાથેની અમુક નોટ્સ મળી આવ્યા બાદ તેણે તાજેતરમાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ રીટા સહાની તરીકે થઇ હતી, જે ૨૨ માર્ચ, ૨૦૨૪ના રોજ કાલ્હેર વિસ્તારમાં પોતાના નિવાસે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. સહાનની બહેને પોતાની ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે તેને રીટાની સ્કૂલની નોટબૂક તથા તેની અંગત ડાયરી મળી આવી હતી, જે કબાટમાં છુપાવાઇ હતી. તેમાં રીટાએ લખ્યું હતું કે ઉત્તર પ્રદેશના રહેવાસી નવનીત રાજપૂત સાથે તેના પ્રેમસંબંધ હતા. જોકે રાજપૂતે બાદમાં અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધાં હતાં.

રીટાએ નોટ્સમાં રાજપૂત પર તેને ગેરમાર્ગે દોરવાનો અને ધમકી આપવાનો પણ આરોપ લગાવ્યો હતો. રીટાની બહેનનાં નિવેદન અને તેણે આપેલા પુરાવાના આધારે પોલીસે રાજપૂત સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ (આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# ચેક બાઉન્સ કેસમાં વેપારીને એક વર્ષની જેલની સજા, ૨૦ લાખનો દંડ

થાણાઃ વેપારી દ્વારા જારી કરવામાં આવેલા ૧૦ લાખ રૂપિયાના ચાર ચેક બાઉન્સ થતાં થાણાની અદાલતે વેપારીને એક વર્ષની કેદની સજા અને ૨૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. નવમી જૂને આપવામાં આવેલા આદેશની વિગતો શુક્રવારે ઉપલબ્ધ થઈ હતી. એ આદેશમાં થાણાના ૧૧મા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એ ડી માર્ગોડેએ એમ પણ કહ્યું હતું કે જો બિઝનેસમેન નીતિન તાવડે દંડ નહીં ભરે તો તેને વધારાના છ મહિનાની જેલની સજા ભોગવવી પડશે. તાવડેએ સગીર ફરિયાદીને ચાર ચેક આપ્યા હતા. ફરિયાદી વતી રજૂઆત તેના પિતા સંતોષ પળશીકરે કરી હતી.

પળશીકરે આઇસક્રીમ પાર્લરના વ્યવસાય માટે તાવડેને રૂ.૧૭ લાખની લોન આપી હતી, જેમાંથી તાવડેએ ત્રણ લાખ પાંચ હજાર ચૂકવી દીધા હતા, જ્યારે અઢી અઢી લાખના છ ચેકમાંથી ચાર ચેક બાઉન્સ થયા હતા.

તાવડે સામેનો કેસ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ચાલ્યો હતો. આ કલમ જે અપૂરતા ભંડોળને કારણે ચેક બાઉન્સ થવા અથવા ખાતું બંધ થવા સંબંધિત છે.

મેજિસ્ટ્રેટ માર્ગોડેએ ચુકાદામાં ૨૦ લાખનો દંડ ફરિયાદીને વળતર પેટે ત્રણ મહિનાની અંદર ચૂકવી દેવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઈ)

# મહારાષ્ટ્રની મહત્ત્વાકાંક્ષી આંતરરાષ્ટ્રીય એજ્યુસિટી યોજના

## પાંચ વિદેશી યુનિવર્સિટીઓને કરાર પૂર્વ પત્ર

થાણાઃ નવી મુંબઈના આગામી એરપોર્ટ નજીક દેશ માટે પ્રથમ ઇન્ટરનેશનલ એજ્યુસિટીની રચનાના ભાગરૂપે શનિવારે મુંબઇમાં એક કાર્યક્રમમાં પાંચ જાણીતી વિદેશી યુનિવર્સિટીઓને લેટર્સ ઓફ ઇન્ટેન્ટ (કરાર પૂર્વ પત્ર) આપવામાં આવશે, એમ સિડકોના એક અધિકારીએ જણાવ્યું હતું.

રાજ્ય દ્વારા સંચાલિત પ્લાનિંગ ઓથોરિટી સિટી એન્ડ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશને શુક્રવારે જારી કરેલા પરિપત્રમાં જણાવ્યું હતું કે એલઓઆઇ એબરડીન યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ યોર્ક, યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા, ઇલિનોઇસ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી અને ઇસ્તિટો યુરોપો ડી ડિઝાઇનને મુંબઇ અને નવી મુંબઇમાં કેમ્પસ સ્થાપવા માટે આપશે.

"સિડકો દ્વારા વિકસાવવામાં આવી રહેલા આંતરરાષ્ટ્રીય એજ્યુસિટી પ્રોજેક્ટના ભાગરૂપે, નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના ૫ કિલોમીટરના વિસ્તારમાં ટોચના ૧૦ વિદેશી યુનિવર્સિટી કેમ્પસની યોજના છે. આ દેશની આ પ્રકારની પ્રથમ આંતરરાષ્ટ્રીય એજ્યુસિટી હશે. તે વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત શિક્ષકો પાસેથી શીખવાની તક પૂરી પાડશે," એમ પરિપત્રમાં જણાવાયું છે. (પીટીઆઈ)

# સ્કૂલ બસ ડ્રાઈવરોની દરરોજ તપાસ કરવામાં આવશે: શાળા શિક્ષણ વિભાગે કડક નિયમો જાહેર કર્યા

મુંબઈ: સ્કૂલ શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓની સલામતી માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેતા, સ્કૂલ બસ પરિવહન માટે કડક નિયમો જાહેર કર્યા છે. સરકારે બસ ડ્રાઇવરો પર દરરોજ દારૂ અને ડ્રગનું પરીક્ષણ કરવાનો નિર્ણય લીધો છે, અને આ નિયમો બધી સ્કૂલો માટે લાગુ કરવામાં આવ્યા છે.

આ નિયમો અનુસાર, ડ્રાઇવરો, તેમના સહાયકો અને મહિલા સહાયકોનું ડ્રગ અને આલ્કોહોલ પરીક્ષણ સવારે અને સાંજે બંને સમયે કરવામાં આવશે. સ્કૂલ પરિસર, શૌચાલય અને અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ રાખવા સ્કૂલોને સૂચના આપવામાં આવી છે. સ્કૂલ પછી કોઈ વિદ્યાર્થી સ્કૂલ પરિસરમાં રહી ન જાય તેની ખાતરી કરવાની જવાબદારી સ્કૂલોની રહેશે.સ્કૂલોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા સહિત વાહનોના ટક્નિકલ નિરીક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. બસોમાં સીસીટીવી અને જીપીએસ ફરજિયાત હોવાથી દર છ મહિને ટેક્નિકલ નિરીક્ષણ કર્યા પછી આરટીઓ પાસેથી પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત રહેશે. ખાનગી વાહનો દ્વારા સ્કૂલમાં આવતા વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી પણ સાવચેતી રાખવાની અપેક્ષા રાખવામાં આવે છે. ડ્રાઇવરની ઓળખ, તેનું બેકગ્રાઉન્ડ, ભૂતકાળના અકસ્માતો અથવા બેદરકારીપૂર્વક ડ્રાઇવિંગના ઇતિહાસ વિશેની માહિતી શાળાને પૂરી પાડવામાં આવે, એવું સરકારી નિર્ણયમાં જણાવાયું છે. વાલીઓને ડ્રાઇવરનાં ઓળખપત્રો પોતાની સાથે રાખવાની પણ સૂચના આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ સ્કૂલ બસમાં તેમની બેઠક ક્ષમતા અનુસાર જ મુસાફરી કરે તે સુનિશ્ચિત કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. દરેક બસમાં મહિલા સહાયકની હાજરી ફરજિયાત રહેશે.રાજ્યમાં હાલમાં લગભગ છ હજાર સ્કૂલ બસો કાર્યરત છે. આગામી સમયમાં, સ્કૂલ મેનેજમેન્ટે બસ સલામતી અને વિદ્યાર્થીઓની સલામતી અંગે જવાબદારીપૂર્વક કામ કરવું પડશે. આચાર્યની જવાબદારી આ દ્વારા સ્પષ્ટ થઈ ગઈ હોવાથી તેઓ પરિવહન દરમિયાન વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણપણે જવાબદાર રહેશે, એમ સ્કૂલ બસ ઓનર્સ એસોસિએશનના પ્રમુખ અનિલ ગર્ગે માહિતી આપી.

# થાણેમાં દિવ્યાંગ સગીરા પર બળાત્કાર: આઇઆઇટીના સ્ટૂડન્ટની ધરપકડ

થાણેઃ થાણેમાં ૧૩ વર્ષની દિવ્યાંગ સગીરા પર બળાત્કાર ગુજારવા પ્રકરણે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઇઆઇટી) ખડગપુરના સ્ટૂડન્ટની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીના મોબાઇલ ફોનમાંથી અન્ય યુવતીઓના પણ વાંધાજનક ફોટા અને વીડિયો મળી આવ્યા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. સગીરાની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને ગુરુવારે ૨૩ વર્ષના આરોપીની ધરપકડ કરી હતી.

કલવા વિસ્તારમાં રહેતો આરોપી કપડાં અપાવવાને બહાને સગીરાને પોતાની સાથે લઇ ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

દરમિયાન બનાવની જાણ સગીરાની માતાને થતાં તેણે આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો. પોલીસને આરોપીના મોબાઇલમાંથી સગીરાનો અશ્લીલ વીડિયો મળી આવ્યો હતો. (પીટીઆઇ)

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**પાટણ જૈન**

પાટણ નિવાસી વસાવાડો હાલ ગોરેગામ વસુબેન શાહ (ઉં. વ. ૯૧) તે સ્વ. સેવંતીલાલ જમનાદાસ શાહના ધર્મપત્ની. જગતભાઇ, રશ્મીબેન, સ્વ. મિલનભાઇના માતા. વિણાબેન, સુશીલકુમાર, તૃપ્તીબેનના સાસુ બુધવાર, તા. ૧૧-૬-૨૫ના અરિહંતશરણ થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ મનફરાના સ્વ. કાંતીલાલ પ્રેમજી મેઘજી સાવલા (ઉં. વ. ૬૫) બુધવાર, ૧૧-૬-૨૫ના અવસાન પામેલ છે. માનુબેન મેઘજીના પૌત્ર. મોંઘીબેન પ્રેમજીની પુત્ર. મંજુલાબેનના પતિ. સ્વ. કેસર, જવેર, ઉષા, નરેશ, કલ્પનાના ભાઈ. તારાના જેઠ. લક્ષ્મીબેન શામજી રણમલ કારીયાના જમાઈ. પ્રાર્થનાસભા શનિવાર, ૧૪.૦૬.૨૫ના ૨.૩૦ થી ૪. સ્થળ: અચલગચ્છ જૈન સંઘ ભવન, ગુફા રોડ, જોગેશ્વરી (ઈ). ઠે. ઈસાક મંઝીલ, ૧લે માળે, અપ્સરા સિનેમાની બાજુમાં, ગ્રાન્ટ રોડ (ઈસ્ટ), મુંબઈ.

**પ્રભાસ પાટણ વિશા ઓશવાળ જૈન**

પ્રભાસ પાટણ નિવાસી હાલ મુંબઈ સ્વ. તારાવંતી રતીલાલ પ્રેમજી શાહના પુત્ર અશ્વિનભાઈ (ઉં. વ. ૬૯) તે માલતીબેનના પતિ. તે પરિન, દર્શીના પિતા. મિતિકા, વૈભવ પટણીના સસરા. સ્વ. મહેન્દ્રભાઈ, ચંદુભાઈ, નરેશભાઈ, મૃદુલાબેન, સ્વ. કુમુદબેન, શોભનાબેનના ભાઈ. વેરાવળ નિવાસી નવલબેન ન્યાલચંદ ફુલચંદના જમાઈ શુક્રવાર, ૧૩-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, ૧૫-૬-૨૫ના ૪ થી ૬. કે. ઠે. સી. કોલેજ, રામા એન્ડ સુંદરી વાટુઅલ ઓડીટોરીયમ હોલ, ચર્ચગેટ મધ્યે રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભોજાય હાલ વડોદરાના અ. સૌ. પ્રભાબેન હરખચંદ વિશનજી ગડા (ઉં. વ. ૭૬) ૧૧-૬-૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન વિશનજીના પુત્રવધૂ. હરખચંદના પત્ની. કોટડા (રો.)ના મીઠાંબાઈ શામજી માલસીના પુત્રી. શાંતિલાલ અને ઈંદીરાબેન દિનેશ ધનજી દેઢિયા બિદડાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. હરખચંદ ગડા, ઈ-૦૨ પ્રાર્થના ફ્લેટસ, હમીવરસીયા રીંગ રોડ, ફતેપુરા પાદરા, વડોદરા.

બિદાડાના ઉર્મિલા (અમૃત) પોલડિયા (ઉં. વ. ૮૦) ૧૦-૬-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. અમૃતલાલના ધર્મપત્ની. કુંકુબેન દેવજીના પુત્રવધૂ. મીના, સંજયના માતુશ્રી. ભુજપુર પાનબાઈ વીજપાર શેઠિયાના દીકરી. શામજી અને લક્ષ્મીના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈ. શ્રા. સં. સ. કરસન લઘુ હોલ, ટા. ૪ થી ૫.૩૦.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. કોકીલાબેન (ઉં. વ. ૮૯) હાલે મુલુંડ તે સ્વ. શ્યામભાઈ રતનશી ગણાત્રા (કરાચીવાળા)ના પત્ની. તે સ્વ. વિજયાલક્ષ્મી વસનજી કોઠારી (અંજારવાળા)ની પુત્રી. કુમારી ભાવિનીના માતુશ્રી ૧૨-૬-૨૫, ગુરુવારના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તથા લૌકીક વ્યવહાર રાખેલ નથી.

સ્વ. રતનબેન કરસનદાસ ખીમજી ઠક્કર (ખજૂરવાલા)ના પૌત્રી કુ. જીજ્ઞા (ઉં. વ. ૪૪) કચ્છ ગામ વિઝાણ હાલે ઘનસોલી. તે સ્વ. કલ્પના નરેન્દ્ર ઠક્કરના પુત્રી. સ્વ. કમલાબેન નારાયણજી હંસરાજ કોઠારીના દોહીત્રી. સ્વ. અનસુયા રમેશ, સૌ. કમલા રણજીત, સૌ. રક્ષા ભરતના ભત્રીજી. ગં. સ્વ. જયશ્રી જગદીશ, તે સ્વ. તુષાર, સૌ. ભાવિકા હિમાંશુના ભાણેજી. તે અલ્કેશના બેન મંગળવાર, ૧૦-૬-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ રાજુલાવાળા હાલ દહિસર, સ્વ. લવજીભાઈ નથુભાઈ પરમારના ધર્મપત્ની ગં. સ્વ. જ્યોતિબેન પરમાર (ઉં. વ. ૬૩) ૧૨/૬/૨૫ના રામશરણ પામેલ છે. તે સમીર, વિજય, ભાવેશના માતુશ્રી. તૃપ્તિ, દક્ષા, જીજ્ઞાના સાસુ. અંશીતા, આર્યન, પ્રિયંકા, દેવ, રિકીતા, પ્રેમના દાદી, ગામ ડેડાણનિવાસી હાલ બોરીવલી સ્વ. હંસરાજ નાનજીભાઈ વાઘેલાના દીકરી. પ્રાર્થનાસભા ૧૬/૬/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**ઘોઘારી લોહાણા**

ગં. સ્વ. નિર્મળાબેન (ઉં. વ. ૮૭) તે સ્વ.જસવંતલાલ જયંતિલાલ વજાણીના પત્ની તા.૧૨-૬-૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. તે દહાણુ નિવાસી સ્વ. રતિલાલ(બચુભાઈ) લક્ષ્મણદાસ અઢિયાના પુત્રી. દેવેશ તથા હેતલના માતુશ્રી. ઉર્મિલા તથા હિમાંશુ ભોજાણીના સાસુ. અનેરી, પ્રિયા, રોહનના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૧૫-૬-૨૫ના રવિવારે ૧૦ થી ૧૨. હાલાઇ લોહાણા મહાજન વાડી. એસ.વી.રોડ શંકરમંદિર પાસે કાંદિવલી વેસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

જામનગર હાલ ઘાટકોપર, ગં.સ્વ ઈનાબેન (ઉં. વ. ૮૪) તે સ્વ. વસંતભાઈ જયંતિલાલ શેઠના પત્ની. જીતેશ, કાશ્મીરાના માતા. જાનવી, રાકેશભાઈ સંઘાણીના સાસુ. સ્વ.મનહરભાઇ, સ્વ. ઈંદુભાઈ, અશ્વિનભાઈ, સ્વ. મંજુબેન, સ્વ.નિર્મલાબેન, સ્વ. પ્રમીલાબેન, સરલાબેન, જયશ્રીબેનના ભાભી. ચિંતનના નાની. શાહ અમૃતલાલ અમરસીના પુત્રી તા. ૧૦-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

દિપેશ ભરત ખીરૈયા તા. ૧૧-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે, તે મમતા ખીરૈયાના પતિ. કરણ ખીરૈયાંના પિતાશ્રી. દેવેન અને છાયા શિશિર માવાણીના ભાઈ. નિકિતા દેવેન ખીરૈયાના દિયર. ઐશ્વર્યા દીપ શાહના કાકા. આનંદ તથા પ્રેમના મામા. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

પાંચમા પાનાનું ચાલુ

### મીઠી નદીની સફાઈ

હવે આગામી ૧૫ દિવસમાં કામ ઝડપથી પૂરા કરવા માટે પાલિકાએ હવે નવા કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરી છે. મીઠી નદીમાંથી ૨.૧૪ લાખ મેટ્રિક ટન ગાળ કાઢવાનો લક્ષ્યાંક પાલિકાએ રાખ્યો છે, તેમાંથી અત્યાર સુધીમાં ૧.૩૬ લાખ મેટ્રિક ટન સાફ કરવામાં આવ્યો છે. તો નાળાસફાઈમાં મુંબઈમાં ૧૦૦ ટકા નાળાસફાઈ પૂરી થઈ હોવાનો દાવો પાલિકાએ કર્યો છે. તો નાના નાળાનું ૭૫.૯૭ ટકા કામ પૂરું થયું છે.

### સ્થાનિક સ્વરાજ્યની

ગઠબંધન કરી શકે છે. પક્ષના વરિષ્ઠ સૂત્રોએ માહિતી આપી છે કે એનસીપી ભાજપ સિવાય કોઈપણ પક્ષ સાથે ગઠબંધન માટે તૈયાર છે. તેથી, ગઠબંધન માટે અજિત પવારની પાર્ટીનો આ વિકલ્પ એનસીપી-એસપી માટે ખુલ્લો હોવાનો સંકેત આપવામાં આવ્યો છે.

સૂત્રોએ એ પણ માહિતી આપી છે કે એનસીપી-એસપી દ્વારા ગઠબંધન સંબંધિત તમામ અધિકારો સ્થાનિક સ્તરના નેતાઓને સોંપવામાં આવ્યા છે.

### એમવીએનું શું?

સાથે જોડાણ કરવાનો પ્રયાસ કરી રહી છે. તે ઉપરાંત, કોંગ્રેસ મુંબઈમાં પોતાના દમ પર પણ લડી શકે છે. બીજી તરફ, એનસીપી-એસપી પાસે મુંબઈમાં વધુ તાકાત ન હોવાથી, તેનું જોડાણ કોંગ્રેસ સાથે અથવા અન્ય પક્ષો સાથે હોઈ શકે છે. બીજી જુલાઈ, ૨૦૨૨ના રોજ એનસીપીમાં ભંગાણ પડ્યું હતું. અજિત પવાર અને અન્ય નેતાઓ એકનાથ શિંદેના મંત્રીમંડળમાં જોડાયા હતા. હાલમાં, અજિત પવારની પાર્ટી ભાજપ સાથે ગઠબંધનમાં છે. ભાજપ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પોતાના દમ પર લડવાનો વિકલ્પ પણ સ્વીકારી શકે છે. તેથી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના બંને જૂથો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ફરીથી એક સાથે આવે છે કે કેમ તે ટૂંક સમયમાં જોવા મળશે.

### રાજ્ય સંચાલિત

કોર્પોરેશનની હદમાં વીજળી વિતરણ માટે ઉત્સુકતા દેખાડી છે. હાલમાં, મુંબઈમાં વીજળીનું વિતરણ ત્રણ કંપનીઓ દ્વારા કરવામાં આવે છે - બૃહદ મુંબઈ ઇલેક્ટ્રિસિટી સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ અંડરટેકિંગ (બેસ્ટ), પ્રાઈવેટ કંપનીઓ અદાણી ઇલેક્ટ્રિસિટી મુંબઇ લિમિટેડ અને ટાટા પાવર મુંબઈ. અત્યારના તબક્કે મહાવિતરણ મુંબઈના ઉપનગરો મુલુંડ અને ભાંડુપને વીજળી પૂરી પાડે છે, પરંતુ શહેરના બાકીના ભાગોમાં તેના પ્રવેશથી નોંધપાત્ર વિસ્તરણ થશે. મહાવિતરણ દેશની સૌથી મોટી વીજળી વિતરણ કંપનીઓમાંની એક છે, જે સમગ્ર મહારાષ્ટ્રમાં ૩૧.૭ મિલિયનથી વધુ ગ્રાહકોને વીજ પુરવઠો કરે છે. વીજળીની વધતી માંગને પહોંચી વળવા માટે મહાવિતરણ આગામી પાંચ વર્ષમાં રાજ્યની ઉત્પાદન ક્ષમતા ૪૨,૦૦૦ મેગાવોટથી વધારીને ૮૧,૦૦૦ મેગાવોટ કરવા ધારે છે. મહાવિતરણે કમિશન સમક્ષ ટેરિફમાં ઘટાડાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે, જે ગ્રાહકો માટે વીજળી વધુ સસ્તી બનાવવાના તેના ઇરાદાનો સંકેત આપે છે.

### નેતાઓ પણ ભાજપ

ઉદ્ધવ ઠાકરે સાથે ગઠબંધન કરે છે, તો મનસેને શિવસેનાની વર્તમાન તાકાત અને મુંબઈ અને થાણે સિવાય બાકીની મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં સંખ્યાત્મક તાકાતનો ફાયદો થવાની શક્યતા ઓછી છે. બીજી તરફ, જો તેઓ એકનાથ શિંદેની શિવસેના સાથે ગઠબંધન કરે તો પણ આ જ ફોર્મ્યુલા લાગુ પડે છે.

રાજ ઠાકરે, ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેના પક્ષોનૂં મૂળ બાળાસાહેબ ઠાકરેમાં હોવા છતાં, ઉદ્ધવ ઠાકરે અથવા એકનાથ શિંદે સાથે જોડાણ કરીને મર્યાદિત ભાગીદાર રહેવાને બદલે, રાષ્ટ્રીય પક્ષ ભાજપ સાથે જોડાણ બનાવી શકે છે અને મનસેના વિસ્તરણ માટે એક મજબૂત પક્ષ બની શકે છે. તેથી જ રાજ ઠાકરે ભાજપ સાથે જોડાણ માટે અનુકૂળ હોઈ શકે છે, એવું રાજકીય નિરીક્ષકોનું માનવું છે.

### મનસે નેતાઓની બેઠક

રાજ ઠાકરેના નિવાસસ્થાને મનસે નેતાઓની બેઠક યોજાઈ હતી. મનસે નેતા સંદીપ દેશપાંડે શિવતીર્થ પહોંચ્યા હતા. અગાઉ સંદીપ દેશપાંડે અને અમેય ખોપકર એકનાથ શિંદેને મળવા માટે એકનાથ શિંદેના વિશ્વાસુ ઉદય સામંતના ઘરે પહોંચ્યા હતા, પરંતુ એકનાથ શિંદેને મળી શક્યા નહીં. પનવેલમાં ફૂલ બજાર શરૂ થવાનું છે. આ માટે, હું ઉદય સામંતને મળ્યો. એમ બંને નેતાઓએ કહ્યું હતું કે હાલમાં જોડાણ અંગે કોઈ ચર્ચા થઈ નથી.

### ઉદ્ધવ ઠાકરે બોલાવશે

પૂછવામાં આવી રહ્યું છે. આ અંગે પ્રતિક્રિયા આપતાં શિરસાટે કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે મને બોલાવશે તો હું ચોક્કસ જઈશ, પરંતુ આ મુલાકાતનો રાજકીય અર્થ નહીં કાઢતા. દરમિયાન સામાજિક ન્યાય વિભાગનું ભંડોળ 'લાડકી બહિણ યોજના' તરફ વાળવા બદલ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની તાજેતરમાં ટીકા કરવામાં આવી હતી. આ સંદર્ભે બોલતા સંજય શિરસાટે કહ્યું હતું કે 'હું અજિત પવારને મળ્યો અને એમના માટેની મારી નારાજગી દૂર થઈ ગઈ છે. હવે અમારી વચ્ચે કોઈ અણબનાવ નથી.'

### ટ્રાફિકનું નિયમન કરતા

ચલાવી રહ્યો હતો. ડીસીપી વરદીમાં હોવાનું જોવા છતાં તેણે રિક્ષા તેજ ગતિથી ડીસીપીની દિશામાં દોડાવી હતી. રિક્ષાની ટક્કરને કારણે ગંભીર રીતે ઘવાયેલા ડીસીપીને સારવાર માટે વર્તક નગર વિસ્તારની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. ઘટના બાદ આરોપી રિક્ષા ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. આ પ્રકરણે ચિતળસર પોલીસે ભારતીય ન્યાય સંહિતાની હત્યાના પ્રયાસ સહિતની કલમો અને મોટર વેહિકલ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી ગુરુવારની રાતે આરોપી વર્માને પકડી પાડવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### શનિ શિંગણાપુર

આવતા ન હતા. તેમના પગાર પણ બાકી છે, એમ ટ્રસ્ટે જણાવ્યું હતું. આ મુદ્દો મે મહિનાથી ગાજી રહ્યો હતો. કેટલાક મુસ્લિમ કર્મચારીઓનો શનિ શિંગણાપુરમાં પેઇન્ટિંગનું કામ કરતો એક વીડિયો વાઇરલ થયો હતો. હિન્દુ સંગઠનોએ તેની સામે વાંધો ઉઠાવ્યો હતો. હિન્દુ મંદિરમાં મુસ્લિમ કર્મચારીઓ કેમ છે? તેવો સવાલ ઉઠાવ્યો હતો. મહારાષ્ટ્ર ટેમ્પલ ફેડરેશને આ અંગે આક્રમક વલણ અપનાવીને કર્મચારીઓને હટાવવાની માગ કરી હતી. ત્યારબાદ સકલ હિન્દુ સમાજે ૧૪ જૂને મોરચો કાઢવામાં આવશે એવી રજૂઆત કરી હતી. જોકે ૧૧૪ કર્મચારીઓમાંથી ૯૯ કર્મચારીઓ છેલ્લા પાંચ મહિનાથી કામ પર નહીં આવતા હોવાનું કહેવામાં આવ્યું હતું. આ ૧૧૪ મુસ્લિમ કર્મચારીઓની સાથે અન્ય કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

### વરસાદને કારણે કોસ્ટલ

જણાવ્યું હતું કે ૨૬ મેના ધોધમાર વરસાદ પછી પ્રોમોનેડનું કામ થોડું ધીમું પડી ગયું છે. વરસાદને કારણે સાઈકલ ટ્રેક નાખવા, કૉંક્રીટીગ અને પેવર બ્લોક બેસાડવામાં અડચણ આવી રહી છે. આ કામ ઝડપથી પૂરું કરવાનો પ્રયાસ કરી રહ્યા છે પણ વરસાદ ઉપર કામ આધાર રાખે છે. પાલિકાએ હવે પ્રોમોનેડનું કામ ૩૦ જૂન, ૨૦૨૫ સુધીમાં પૂરું કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ પ્રોમોનેડમાં નવ મેઈન એક્સિસ (એન્ટ્રી) પોઈન્ટ છે, જેમાં સેતલવાડ લેન, ટાટા ગાર્ડન, મહાલક્ષ્મી, લોટ્સ જેટી, હાજી અલી જ્યુસ સેન્ટર, એટ્રિયા મૉલ અને વરલીમાં મદ્રાસ વાડીનો સમાવેશ થાય છે. પાલિકાએ અહીં વૉકવે પર એક અદ્ભુત નવો વ્યુઈંગ ડેક ઊભો કરવાની પણ યોજના બનાવી છે. નાગરિકો આ નવા પ્રોમોનેડથી બહુ ખુશ છે પણ અહીં વૃક્ષો વાવવામાં આવ્યા નહીં હોવાને કારણે તેની સામે નારાજગી વ્યક્ત કરી છે. પાલિકાએ આ બાબતે એવી સ્પષ્ટતા કરી હતી કે આવા બાંધકામ પર વૃક્ષો વાવવા શક્ય નથી. આ માટે કોસ્ટલ રોડ પર લગભગ ૭૦ હેક્ટર ઓપન સ્પેસ છે, તેમાથી પાંચ હેક્ટરની જગ્યા પર હરિયાળી વિસ્તાર ડેવલપ કરવામાં આવવાનો છે. જયારે બાકીનો વિસ્તાર રાહદારીઓ માટે ચાલવાને, સાઈકલિંગ ટ્રેક અને પબ્લિક સીટિંગ ઝોન બનાવવામાં આવવાનો છે. પાલિકાએ તાજેતરમાં ખાનગી કંપનીને કોસ્ટલ રોડ પર ત્રેપન હેક્ટર રિક્લેમ કરેલી જગ્યાને વિકસાવવા માટે નીમી છે. લગભગ ૪૦૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે આ પ્રોજેક્ટને સોશિયલ રિસ્પોન્સિબિલિટી હેઠળ ભંડોળ પૂરું પાડવામાં આવવાનું છે.

### રાજ ઠાકરે માટે ઉદ્ધવ

ફડણવીસ સાથેની મુલાકાત બાદ રાજ ઠાકરેએ મનસેના નેતાઓની

બેઠક બોલાવી હતી. મુંબઈ, થાણે અને પાલઘરના શહેર પ્રમુખો અને નાયબ શહેર પ્રમુખોને રાજ ઠાકરેના નિવાસસ્થાન શિવતીર્થમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ બેઠક માટે અન્ય ઘણા નેતાઓ પણ પહોંચ્યા હતા.

રાજ ઠાકરેએ હાલમાં તેમના પક્ષના બધા જ નેતાઓને જાહેરમાં કોઈ ટિપ્પણી ન કરવાનો આદેશ આપ્યો હોવાથી તેઓ બોલતા નથી. અત્યારે જમીન પરના વાસ્તવિક વાતાવરણ અને ચાલી રહેલી ચર્ચાઓની સમીક્ષા કરવામાં આવી રહી છે. રાજ ઠાકરે પોતે મનસેના નેતાઓ સાથે પણ એવી ચર્ચા કરી રહ્યા છે કે જો તેઓ ભાજપ સાથે ગઠબંધન કરે તો તેની શું અસર થઈ શકે છે.

### વિક્રોલીવાસીઓની

એક્સપ્રેસ હાઈવે અને પશ્ચિમમાં એલ.બી.એસ માર્ગને જોડે છે. આ પુલને કારણે પ્રવાસના સમયમાં ૩૦ મિનિટની બચત થવાની છે. વિક્રોલીના આ બ્રિજ ભારતનો સૌથી લાંબો રેલવે ઓવરબ્રિજ હશે, જેમાં સક્રિય રેલવે ટ્રેક પર ઓપન-વેબ ગર્ડર સિસ્ટમ હશે.

વિક્રોલી રેલવે સ્ટેશન પાસે રેલવે પાટા પર બાંધવામાં આવેલા પુલની પહોળાઈ ૧૨ મીટર તો લંબાઈ ૬૧૫ મીટર જેટલી છે, તેમાથી ૫૬૫ મીટરનો પુલનો હિસ્સો પાલિકાએ બાંધ્યો છે. તો બાકીનો ૫૦ મીટર લંબાઈ સુધીનો ભાગ મધ્ય રેલવેએ બાંધ્યો છે. પૂલ પર ચાર લેન અને ફૂટપાથ હશે. રેલવે તરફથી કુલ સાત ગર્ડર બેસાડવામાં આવ્યા હતા, તેના કુલ વજન ૬૫૫ ટન છે. આ પુલ પર પાલિકાએ નાખેલા ગર્ડર લગભગ ૨,૧૪૨ ટન જેટલા વજનના છે. તેમ જ ગર્ડરની લંબાઈ ૨૫થી ૩૦ મીટરની છે.

પુલ માટે ત્રણ તબક્કામાં કુલ ૧૮ ગર્ડર નાખવામાં આવ્યા છે. આ પુલના કુલ ૧૯ પીલરમાંથી પૂર્વમાં ૧૨ તો પશ્ચિમમાં સાત પીલર ઊભા કરવામાં આવ્યા છે. પુલની બંને બાજુએ અપ્રોચ રોડ, રોડ પર કૉંક્રિટ, ડામર, નોઈસ બેરિયર, એન્ટી ક્રેશ બેરિયર્સ જેવા કામ ૩૧ મે, ૨૦૨૫ સુધી પૂરા કરવામાં આવ્યા છે. આ પૂલને કારણે વિક્રોલી પૂર્વ-પશ્ચિમની કનેક્ટિવિટીમાં સુધારો થશે અને પ્રવાસનાં સમયમાં ૩૦ મિનિટની બચત થશે.

વિક્રોલીમાં આ પુલ બાંધવા માટે ૧૯૯૭ની સાલથી યોજના બનાવવામાં આવી રહી છે પણ હકીકતમાં પુલનું બાંધકામ છેક ૨૦૧૮ની સાલથી શરૂ થયું હતું. શરૂઆતમાં પુલનો અંદાજિત ખર્ચ ૭૦ કરોડ રૂપિયા હતો પણ કામ સતત વિલંબમાં મૂકાવાને કારણે તેનો ખર્ચ વધીને ૧૮૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો હતો.

### મુંબઈ સહિત થાણેમાં

વરસાદ પડયો હતો, દહાણુમાં ભારે વરસાદને પગલે ૭૦ ઘરને નુકસાન થયું હતું.

ગુરુવાર મોડી રાતની સાથે જ શુક્રવારે વહેલી સવારે વરસાદના ભારે ઝાપટા પડયા બાદ સાંજે દક્ષિણ મુંબઈમાં નરિમન પોઈન્ટ, ફૉર્ટ, કોલાબા, વરલી, દાદર, પરેલ જેવા વિસ્તારોમાં વરસાદે હાજરી પૂરાવી હતી. વરસાદના ફરી આગમન સાથે જ વાતાવરણમાં ઠંડક વ્યાપી જતા ગરમી અને ઉકળાટથી થોડી રાહત મળી હતી.

### કલ્યાણ અને કુર્લા

લોકલ ટ્રેનોનો વિકલ્પ છે.

તેના બદલે, એ હકીકત તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે કે જો કલ્યાણ, થાણે, કુર્લા જેવી શટલ લોકલ ટ્રેનો પૂરી પાડવામાં આવે, તો ભીડને વિભાજિત કરી શકાય છે. ઉલ્લેખનીય છે કે, કલ્યાણ અને કુર્લા વચ્ચે છ રૂટ છે. તેથી, લોકલ ટ્રેનો ચલાવવા માટે જગ્યાની કોઈ સમસ્યા રહેશે નહીં. જો શટલ ટ્રેનો શરૂ કરવામાં આવે, તો થાણેથી ટ્રાન્સ હાર્બર, ઘાટકોપરથી મેટ્રો અને કુર્લાથી બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ જતા મુસાફરોને 'સીએસએમટી' લોકલ ટ્રેનમાં પ્રવેશવાની જરૂર રહેશે નહીં. આ સીએસએમટી લોકલ ટ્રેનોમાં ભીડને વિભાજિત કરવામાં મદદ કરી શકે છે.

કલ્યાણ અને સીએસએમટી વચ્ચે પાંચમી-છઠ્ઠી લાઇન ઉપલબ્ધ નથી. જોકે, કલ્યાણ અને કુર્લા વચ્ચે પાંચમી-છઠ્ઠી લાઇન ઉપલબ્ધ છે. તેનો ઉપયોગ કરી શકાય છે, એમ એક વરિષ્ઠ રેલવે અધિકારીએ નામ ન આપવાની શરતે સ્વીકાર્યું હતું, પરંતુ આ કેમ લાગુ કરવામાં આવી રહ્યું નથી તે એક રહસ્ય છે.

ભીડના સમયે કર્જત-કસારા લોકલમાં મોટાભાગના વિદ્યાર્થીઓ અને મહિલા મુસાફરો થાણે, ઘાટકોપર, કુર્લા સ્ટેશન સુધી જ મુસાફરી કરે છે. કર્જત-કલ્યાણ/થાણે/કુર્લા અને કસારા-કલ્યાણ/થાણે/કુર્લા રૂટ પર કોઈ લોકલ ટ્રેન ન હોવાથી, તેમને સીએસએમટી લોકલ દ્વારા મુસાફરી કરવી પડે છે. મુસાફરો કહે છે કે આ સીએસએમટી લોકલ પર ભીડમાં વધારો કરે છે.

### સરકારના માસ્ટર પ્લાન વિશે સર્વત્ર અજ્ઞાનતા

બધી એસી લોકલ ટ્રેનો એકસાથે ઉપલબ્ધ નહીં હોવાથી, તેમને તબક્કાવાર રીતે પેસેન્જર સેવામાં સામેલ કરવી પડશે. આ માટેનું આયોજન હજુ બહાર આવ્યું નથી. સીએસએમટીથી થાણે સુધીની સાદી લોકલ ટ્રેનની ટિકિટ ૧૫ રૂપિયા અને એસી લોકલ ટ્રેનની ટિકિટ ૯૫ રૂપિયા છે. સમાન દર કરવામાં આવે તો આ વચ્ચેના પૈસા ક્યાંથી આવશે તે અંગે પણ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આ દર્શાવે છે કે રાજ્ય સરકારના માસ્ટર પ્લાન વિશે હાલમાં સર્વત્ર અજ્ઞાનતા છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# કલ્યાણ અને કુર્લા વચ્ચેના પાંચમા અને છઠ્ઠા ટ્રેકનો ઉપયોગ કેમ નથી થઈ રહ્યો ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુસાફરો લોકલ સેવાઓ વધારવાની માંગ કરતા જ મધ્ય રેલ્વે વહીવટીતંત્ર તેમને આકરા શબ્દોમાં કહીને મુશ્કેલી આપે છે કે 'છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ' (સીએસએમટી)માં જગ્યા નથી અને પાંચમો અને છઠ્ઠો ટ્રેક પણ નથી. જોકે, રેલવે વહીવટીતંત્ર કલ્યાણ અને કુર્લા વચ્ચેના પાંચમા અને છઠ્ઠા ટ્રેક વિશે પણ ભૂલી ગયું હોય એવું લાગે છે. કસારા/કર્જત-સીએસએમટી લોકલમાં ભીડ ઓછી કરવા માટે કર્જત-કલ્યાણ/થાણે/કુર્લા તેમજ કસારા-કલ્યાણ/થાણે/કુર્લા રૂટ પર શટલ સેવાઓ ચલાવવાનો વિકલ્પ હોવા છતાં, મધ્ય રેલ્વેએ આ સંદર્ભમાં કોઈ કાર્યવાહી કરી નથી. તેથી, એ હકીકત તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે કે 'પીક અવર' દરમિયાન ભીડ વિભાજિત થઈ શકે છે.

સોમવારે થયેલા અકસ્માતમાં, મુમ્બ્રા સ્ટેશન વિસ્તારમાં કસારા-સીએસએમટી અને કર્જત-સીએસએમટી લોકલમાંથી કુલ ૧૩ મુસાફરો પાટા પર પડી ગયા હતા. ચાર મુસાફરોના મોત થયા હતા અને ચાર ગંભીર ઘાયલ થયા હતા. આ ઘટના પછી અકસ્માતોના કારણો અને ભવિષ્યના ઉકેલો અંગે દરરોજ નવા વિકલ્પો બહાર આવી રહ્યા છે. મુખ્ય મુદ્દો ભીડના વિભાજનનો છે! કર્જત, બદલાપુર અને કસારા, આસનગાંવથી મુંબઈ જતા મુસાફરો પાસે ફક્ત 'સીએસએમટી'

(જુઓ પાનું ૪) ▸▸

## દાદરથી ઉપડતી લોકલ ટ્રેનો પસંદ કરે છે

૨૦૨૪ ઉપનગરીય ટ્રેન (લોકલ) શેડ્યૂલ તૈયાર કરતી વખતે, મધ્ય રેલ્વેએ સીએસએમટી પર ભીડ ઘટાડવા માટે દાદરથી કેટલીક લોકલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો હતો. ઉપરાંત, કલ્યાણથી આવતી લોકલ ટ્રેનો ફક્ત દાદર સુધી જ ચલાવવામાં આવતી હતી. મુસાફરો સરળતાથી દાદરથી ઉપડતી લોકલ ટ્રેનોમાં ચઢી શકતા હતા. એ હકીકત છે કે ઘણા લોકો ભીડ ટાળવા માટે સીએસએમટી કુર્લા લોકલ ટ્રેનને દાદર સ્ટેશન સુધી લઈ જઈને દાદરથી ઉપડતી લોકલ ટ્રેનોમાં મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા છે.

## વડા પ્રધાન દ્વારા ઉદ્ઘાટન

થાણે-દિવા પાંચમી-છઠ્ઠી લાઇનનું ઉદ્ઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું છે. મુંબઈ રેલવે વિકાસ મહામંડળના એમયુટીપી-૨ હેઠળ બે નવી લાઈનો બનાવવામાં આવી છે. ■

# બધી લોકલ એસી બનાવવાનો સરકારનો માસ્ટર પ્લાન

## પરંતુ શક્ય જણાતું નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં જણાવ્યું હતું કે 'સરકાર પાસે એસી ટ્રેનો પૂરી પાડવાનો માસ્ટર પ્લાન છે અને તે પણ ભાડામાં વધારો કર્યા વિના'. રાજ્ય સરકારના માસ્ટર પ્લાન વિશે હજુ સુધી કોઈને ખબર નથી. મુંબઈ લોકલ ફ્લીટમાં બધી લોકલ ટ્રેનોના એર કન્ડીશનીંગ માટે નાણાકીય જોગવાઈ કોણ કરશે અને કેટલા વર્ષોમાં, રેલવે માટે એસી લોકલ ટ્રેનો બનાવતી રેલવે ફેક્ટરીની ઉત્પાદન ક્ષમતા, મુંબઈ લોકલ ફ્લીટમાં લોકલ ટ્રેનો દાખલ કરવાનો અમલ અને બજેટ પર તેની અસર હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. ■

### મધ્ય અને પશ્ચિમ રેલવેના કાફલામાં ૨૬૦ લોકલ ટ્રેનો, ફક્ત ૧૪ એસી

મુંબઈ સબર્બન રેલ્વેના કાફલામાં કુલ ૨૬૦ લોકલ ટ્રેનો છે. આમાંથી, ૧૬૪ લોકલ ટ્રેનો મધ્ય રેલ્વે દ્વારા અને ૯૬ લોકલ ટ્રેનો પશ્ચિમ રેલવે દ્વારા ચલાવવામાં આવે છે. બંને રેલવે પાસે મળીને ફક્ત ૧૪ એરકન્ડિશન્ડ લોકલ ટ્રેનો છે. મુંબઈમાં દોડતી એસી લોકલ ટ્રેન બનાવવાનો ખર્ચ અંદાજે ૮૦ થી ૯૦ કરોડ રૂપિયા છે. સમગ્ર મુંબઈના લોકલ ફ્લીટને એસી બનાવવા માટે ૨૪૦-૨૫૦ એસી લોકલ ટ્રેનોની જરૂર પડે છે. આ માટે ૨૧ હજાર કરોડથી વધુના નાણાકીય ભંડોળની જરૂર છે. આ માટે, આંતરરાષ્ટ્રીય ટેન્ડર મંગાવવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. જોકે, હજુ સુધી સ્પષ્ટ નથી કે આ ભંડોળ રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર દ્વારા એકત્ર કરવામાં આવશે કે અન્ય વિકલ્પો દ્વારા.

### સ્થાનિક બાંધકામ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ થઈ નથી

મુંબઈ રેલ્વે વિકાસ કોર્પોરેશનના એમયુટીપી હેઠળ પૂર્ણ થનારા રેલવે પ્રોજેક્ટ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારો ૫૦:૫૦ ટકાનો નાણાકીય બોજ સહન કરે છે. એમઆરવીસીના એમયુટીપી-૩અમાં ૨૩૮ એસી લોકલ ટ્રેનો ખરીદવા માટે સૌપ્રથમ જોગવાઈ કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટને વર્ષ ૨૦૧૮માં મંજૂરી આપવામાં આવી હતી. વાસ્તવિક સ્થિતિ એ છે કે આ લોકલ ટ્રેનોના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રિયા હજુ શરૂ પણ કરવામાં આવી નથી.

૨૪૦ લોકલ ટ્રેનો પૂર્ણ થવામાં પાંચ વર્ષનો સમય લાગશે તેવી અપેક્ષા છે.

મુંબઈ એસી લોકલ ટ્રેનોનું બાંધકામ ચેન્નઈ સ્થિત ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરીમાં કરવામાં આવે છે. શહેરમાં મુસાફરોના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને, એસી લોકલ ટ્રેનો બનાવવાની અને મુંબઈના ટ્રેક પર તેનું પરીક્ષણ કરવાની પ્રક્રિયામાં ઓછામાં ઓછો એક વર્ષ લાગવાની ધારણા છે. સફળ પરીક્ષણ પછી, આવતા વર્ષે ઓછામાં ઓછી ૪૦થી ૫૦ લોકલ ટ્રેનો બનાવવામાં આવે તેવી અપેક્ષા છે. સંબંધિત અધિકારીઓ કહે છે કે લોકલ ટ્રેનોના નિર્માણના વર્ષથી ૨૪૦ લોકલ ટ્રેનોને ખરેખર પૂર્ણ કરવામાં બીજા પાંચ વર્ષ લાગશે. ■

# મુંબઈ સહિત થાણેમાં આજે મુશળધાર વરસાદની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય થવાનો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે, જેમાં આજે મુંબઈ સહિત થાણેમાં ઓરેન્જ એલર્ટની ચેતવણી આપીને ભારે વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. તો રાજ્યમાં આગામી ત્રણથી ચાર દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમ્યાન ગુરુવાર મોડી રાતના વીજળીના ગડગડાટ સાથે વરસાદના ભારે ઝાપટાં પડયા બાદ શુક્રવારે પણ સમગ્ર દિવસ દરમ્યાન વરસાદના હળવાથી જોરદાર ઝાપટાં પડયા હતા.

નૈઋત્યના મોસમી પવનો ફરી સક્રિય થયા છે, તેથી એકાદ બે દિવસમાં મોસમી પવનો ભારે વરસાદ પાડે એવી શક્યતા છે. રાજ્યમાં ગુરુવારથી ચોમાસું ફરી સક્રિય થવાનો હવામાન ખાતાએ અંદાજો વ્યક્ત કર્યો હતો, તે મુજબ ગુરુવારથી મુંબઈ સહિત રાજ્યના અનેક વિસ્તારમાં વરસાદ પડયો હતો. તો પાલઘર જિલ્લામાં પણ ભારે વરસાદ પડયો હતો, તેને કારણે બાવીસ ઘરોને નુકસાન થવાની સાથે જ સ્ટેટ કૉર્પોરેશનની બે બસને પણ વરસાદ અને ભારે પવનને કારણે નુકસાન થયું હતું. ગુરુવારે મોડી રાતના પાલઘરની સાથે જ દહાણુમાં પણ ભારે

(જુઓ પાનું ૪) ▸▸

# રાજ ઠાકરે માટે ઉદ્ધવ કે એકનાથ શિંદે કરતાં ભાજપ વધુ સારો વિકલ્પ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મનસે પ્રમુખ રાજ ઠાકરે અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અચાનક અને અણધારી મુલાકાત બાદ રાજ્યના રાજકારણમાં નવા સમીકરણોની ચર્ચા ચાલી રહી છે. કારણ કે એક તરફ, જ્યારે કાર્યકરોમાં રાજ અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે ગઠબંધનની ચર્ચા ચાલી રહી હતી, ત્યારે રાજ અને દેવેન્દ્ર ફડણવીસની મુલાકાતે રાજકારણમાં ચર્ચાની દિશા જ બદલી નાખી છે. પહેલાં રાજ-ઉદ્ધવ, પછી રાજ અને એકનાથ શિંદે વચ્ચે ગઠબંધનની ચર્ચા થઈ રહી હતી. જોકે ફડણવીસની મુલાકાત બાદ એવી ચર્ચા શરૂ થઈ છે કે રાજ ઠાકરે ભાજપ સાથે ગઠબંધન માટે અનુકૂળ છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર

(જુઓ પાનું ૪) ▸▸

**ભાજપ સાથે જવાથી મનસેનો વ્યાપ આખા રાજ્યમાં વધી શકે છે, જ્યારે ઉદ્ધવ અને એકનાથ શિંદે સાથે જવાથી મર્યાદિત શહેરોમાં રહેશે**

## નેતાઓ પણ ભાજપ સાથે અનુકૂળ?

રાજ ઠાકરે ભાજપમાં જોડાવા માટે કેમ અનુકૂળ હોઈ શકે છે તેના કેટલાક કારણો આપવામાં આવી રહ્યા છે. સૌથી મહત્વનું કારણ એ છે કે જો રાજ ઠાકરે ભાજપ સાથે ગઠબંધન કરે, તો ફક્ત મુંબઈ જ નહીં, પણ થાણે, નાશિક, પુણે સહિત રાજ્યભરની મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં સમીકરણો બદલી શકે છે. ગઠબંધન કરીને, રાજ ઠાકરેને બેઠકો અને લડવા માટે તાકાત મળશે. લાંબા ગાળાના રાજકારણના ભાગ રૂપે રાજ ઠાકરે ભાજપ માટે અનુકૂળ હોઈ શકે છે.

તેની તુલનામાં જો તેઓ

(જુઓ પાનું ૪) ▸▸

# વિક્રોલીવાસીઓની લાંબી રાહનો અંત!

## કોઈ જાતનું ઉદ્ઘાટન નહીં કરતા આજે સાંજે વિક્રોલી પૂર્વ અને પશ્ચિમને જોડનારો બ્રિજ ખુલ્લો મુકાશે



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોઈ પણ જાતના ઉદ્ઘાટનની રાહ નહીં જોતા વિક્રોલી પૂર્વ અને પશ્ચિમને જોડનારો બ્રિજ આખરે આજે સાંજે ચાર વાગે નાગરિકો માટે ખુલ્લો મુકવામાં આવવાનો છે. આ બ્રિજનું બાંધકામ ચાલુ થવાના સાત વર્ષ બાદ આ બ્રિજ તૈયાર થયો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કોઈ પણ જાતનું સત્તાવાર રીતે ઉદ્ઘાટન નહીં કરતા શનિવારે આ બ્રિજ ખુલ્લો મૂકવાનો નિર્દેશ સુધરાઈ તથા પોલીસને આપ્યો હતો, તે મુજબ આજથી આ બ્રિજ ખુલ્લો મૂકાશે.

નવો બાંધવામાં આવેલો પૂલ વિક્રોલી પૂર્વમાં રહેલા ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને પશ્ચિમમાં લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ(એલબીએસ) સાથે જોડે છે. આ પુલનું મહત્ત્વનું કામ નક્કી કરેલી ૩૧ મે, ૨૦૨૫ની ડેડલાઈને પૂરું કરવામાં આવ્યું હતું, જોકે નાના-મોટા કામ બાકી હતા, તે પૂરા થઈ ગયા બાદ ક્યારે ખુલ્લા મુકાશે તેની રાહ જોવાતી હતી. છેવટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે સોશિયલ મીડિયાના માધ્યમથી પુલને કોઈ પણ જાતના ઉદ્ઘાટન કાર્યક્રમ વગર શનિવારે સાંજે ખુલ્લો મૂકવામાં આવવાનો હોવાની જાહેરાત કરી હતી.

પૂર્વ ઉપનગરના વિક્રોલીમાં રેલવે પાટા ઉપર બાંધવામાં આવેલો આ પુલ પૂર્વ બાજુએ ઈસ્ટર્ન

(જુઓ પાનું ૪) ▸▸

# વરસાદને કારણે કોસ્ટલ રોડના કામમાં વિઘ્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ પરના ૭.૫ કિલોમીટર અને ૨૦ મીટર પહોળા બહુપ્રતિક્ષિત પ્રોમેનેડના કામમાં તાજેતરમાં પડેલા વરસાદને કારણે બે અઠવાડિયાનો વિલંબ થઈ ગયો છે.

હવે આ પ્રોમોનેડ મુંબઈગરા માટે જુલાઈમાં ખુલ્લો મુકાશે. મરીન ડ્રાઈવની માફક કોસ્ટલ રોડ પર જોગિંગ અને સાઈકલ ટ્રેક તેમ જ સિટીંગ એરિયા, ગ્રીન ઝોન અને ૨૦ પેડેસ્ટ્રીયન અંડરપાસ હશે.

બ્રીચ કેન્ડી ખાતે પ્રિયદર્શની પાર્ક અને બાન્દ્રા-વરલી સી લિંકના વરલી છેડા વચ્ચેના દરિયા કિનારાનો આ વિસ્તાર (પ્રોમોનેડ) ૧૫ જૂન સુધીમાં પૂર્ણ થવાનો હતો. જોકે ૨૬મેના રોજ પડેલા ભારે વરસાદ અને ત્યારબાદ સતત દરિયાકિનારે પડેલા વરસાદને કારણે કામમાં અવરોધ નિર્માણ થયો છે. કોસ્ટલ રોડ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ઉચ્ચ અધિકારીએ 'મુંબઈ સમાચાર'ને

(જુઓ પાનું ૪) ▸▸

# ટ્રાફિકનું નિયમન કરતા ડેપ્યુટી કમિશનરને રિક્ષાએ અડફેટે લીધાઃ ડ્રાઈવરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ ફરજ પર હાજર ડેપ્યુટી પોલીસ કમિશનર વાહનવ્યવહારનું નિયમન કરતા હતા ત્યારે પૂરપાટે વેગે આવેલી રિક્ષાએ તેમને અડફેટે લીધા હતા. રિક્ષા ડ્રાઈવરે ઇરાદાપૂર્વક આ કૃત્ય કર્યું હોવાનું પ્રથમદર્શી જણાતાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી.

ચિતળસર પોલીસે પકડી પાડેલા આરોપી રિક્ષા ડ્રાઈવરની ઓળખ હેમંત સંતોષ વર્મા (૨૭) તરીકે થઈ હતી. થાણેના વાગળે એસ્ટેટ વિસ્તારમાં સાઠે નગર ખાતે રહેતા વર્માએ ડેપ્યુટી પોલીસ કમિશનર (ટ્રાફિક) પંકજ નવનાથ શિરસાટને રિક્ષાની અડફેટે લીધા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના બુધવારની રાતે ૧૦ વાગ્યાની આસપાસ બની હતી. ડીસીપી શિરસાટ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ સાથે થાણેના માનપાડા જંક્શન પાસે ફરજ બજાવી રહ્યા હતા. થાણેથી ઘોડબંદર તરફ જતા માર્ગ પર વર્મા પૂરપાટ વેગે રિક્ષા

(જુઓ પાનું ૪) ▸▸

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં શરદ પવાર પાસે ગઠબંધન માટે અજિત પવારનો વિકલ્પ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શરદ પવારની એનસીપી અને અજિત પવારની એનસીપીએ અલગ-અલગ સ્થાપના દિનના કાર્યક્રમો યોજ્યા હોવા છતાં બંને જૂથો ફરીથી એક સાથે આવશે તેવી ચર્ચાઓ હજી થઈ રહી છે. મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા પરિષદ, પંચાયત સમિતિ અને નગરપાલિકાની ચૂંટણીઓ નજીકના ભવિષ્યમાં યોજાશે. વોર્ડ માળખા અંગેના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ બધા વચ્ચે, રાજકીય પક્ષો પણ જોરશોરથી તૈયારી કરી રહ્યા છે. એનસીપી-એસપીના વરિષ્ઠ સૂત્રોએ માહિતી આપી છે કે પાર્ટી આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ સિવાય કોઈપણ પાર્ટી સાથે

(જુઓ પાનું ૪) ▸▸

## એમવીએનું શું?

સૂત્રોએ માહિતી આપી છે કે મહાવિકાસ આઘાડી (એમવીએ)ના ઘટક પક્ષો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એક સાથે લડવા માટે ખૂબ ઉત્સુક નથી. એવી પણ માહિતી છે કે મહાવિકાસ આઘાડીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે એક સાથે આવવા અંગે હજુ સુધી કોઈ ચર્ચા થઈ નથી.

મહાવિકાસ આઘાડીમાં શિવસેના (યુબીટી) માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન મહત્વપૂર્ણ છે. અગાઉ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શિવસેના અને કોંગ્રેસ વચ્ચે સીધી લડાઈ થઈ હતી. હવે એવી શક્યતા છે કે શિવસેના (યુબીટી) મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે નવી રણનીતિ અમલમાં મૂકશે. ઠાકરેની શિવસેના મનસે

(જુઓ પાનું ૪) ▸▸

# ઉદ્ધવ ઠાકરે બોલાવશે તો ચોક્કસ મળવા જઈશ

## શિંદે સેનાના સંજય શિરસાટના વિધાનથી ચર્ચાને વેગ

પુણેઃ એકનાથ શિંદેની શિવસેનાના સભ્ય અને મહારાષ્ટ્ર સરકારના પ્રધાન સંજય શિરસાટે પુણેમાં કરેલા નિવેદનથી રાજકીય ગતિવિધિઓને નવો રંગ ચડ્યો છે. તેમણે કહ્યું છે કે જો શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે મને આમંત્રણ આપશે તો હું ચોક્કસ તેમને મળવા જઈશ. જોકે, આ વિધાનનું રાજકીય અર્થઘટન કરવા સામે તેમણે ચેતવણી પણ આપી હતી. તેમના આ નિવેદનથી ફરી એકવાર રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને મનસેના વડા રાજ ઠાકરે વચ્ચે મુલાકાત થતા શિવસેના-ઠાકરે જૂથ અને મનસે વચ્ચે ગઠબંધનની શક્યતા અંગે ચર્ચા નવેસરથી શરૂ થઈ હતી. આ સંદર્ભમાં રાજ્યના અનેક નેતાઓને

(જુઓ પાનું ૪) ▸▸

# મીઠી નદીની સફાઈ માટે આખરે બે નવા કૉન્ટ્રેક્ટરની નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાને આખરે મીઠી નદીની સફાઈ માટે કૉન્ટ્રેક્ટર મળી ગયો છે. બે વખત ડેડલાઈન ચૂકી ગયા બાદ પાલિકાએ હવે મીઠી નદીને સાફ કરવા માટે બે નવા કૉન્ટ્રેક્ટરની નીમણૂક કરી છે. અગાઉના કૉન્ટ્રેક્ટમાં કથિત ગેરરીતીઓ અંગે પોલીસ તપાસ ચાલી રહી હોવાથી આ પ્રોજેક્ટમાં વિલંબ થયો હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

વરસાદી પાણીનો નિકાલ કરવામાં મહત્ત્વની ગણાતી મીઠી નદી ૧૮ કિલોમીટર લાંબી છે. ચોમાસા દરમ્યાન શહેરનું વરસાદી પાણી મીઠીમાં ઠલવાતું હોય છે. તેથી મીઠી નદીની સફાઈ મહત્ત્વની હોવાથી ચોમાસા પહેલાની તૈયારીના ભાગરૂપે એપ્રિલથી જ મીઠી નદીની સફાઈ ચાલુ કરવામાં આવે છે. મુંબઈમાં ૨૦૦૫માં આવેલા વિનાશક પૂર પછી મીઠીની નિયમિત જાળવણી કરવા પર પાલિકા પર દબાણ રહ્યું છે. હાલ મીઠી નદીનો ગાળ કાઢવાનું કામ ત્રણ તબક્કામાં આયોજિત છે, જેનો અંદાજિત ખર્ચ ૨૦૨૫થી ૨૦૨૭ સુધીના સમયગાળા માટે ૧૦૦ કરોડ રૂપિયા છે.

જોકે મીઠી નદીના ગાળ કાઢવાના પ્રોજેક્ટમાં કૉન્ટ્રેક્ટરના કૌભાંડની પોલીસ તપાસ અને ગેરરીતિ બદ્દલ બીજી કંપનીને બ્લેકલિસ્ટ કરવામાં આવતા કામમાં વિલંબ થયો હતો. ૨૬મેના રોજ થયેલી અતિવૃષ્ટિને કારણે મશીનો ઘણા દિવસ સુધી પાણીમાં જઈ શક્યા નહોતા. તેથી પાલિકાએ નાળાસફાઈની મુદત સાત જૂન સુધી લંબાવી હતી.

(જુઓ પાનું ૪) ▸▸

# શનિ શિંગણાપુર દેવસ્થાનમના ૧૧૪ મુસ્લિમ કર્મચારીઓની હકાલપટ્ટી

અહલ્યાનગરઃ શનિ શિંગણાપુર દેવસ્થાનમ સમગ્ર હિન્દુ સમુદાયના આક્રમક વલણ સામે ઝૂકી ગયું છે. હિન્દુ સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ૧૧૪ મુસ્લિમ કર્મચારીઓ સહિત ૧૬૭ જેટલા કર્મચારીઓની હકાલપટ્ટી કરવામાં આવી છે. અલબત્ત હકાલપટ્ટીનું કારણ તેમનો ધર્મ નથી, પરંતુ અનિયમિતતા અને શિસ્તનું પાલન ન કરવાના કારણોસર તેમને છૂટા કરવામાં આવ્યા છે.

હિન્દુ મંદિરોમાં આટલી મોટી સંખ્યામાં મુસ્લિમ કર્મચારીઓ કેમ નોકરી કરે છે? એવો મુદ્દો ઉઠાવી કેટલાંક સંગઠનો ૧૪ જૂને શનિ શિંગણાપુર તરફ મોરચો લઈ જવાના છે. જોકે, મોરચો આવે એ પહેલા જ ટ્રસ્ટે હકાલપટ્ટીની કાર્યવાહી કરી લીધી છે.

હિન્દુ સંગઠનોના વાંધા અંગે ટ્રસ્ટે જણાવ્યું હતું કે આ મંદિરના કુલ સ્ટાફમાં ૧૧૪ મુસ્લિમોનો સમાવેશ હતો. અલબત્ત તેમાંથી કોઈની પણ મંદિરની અંદર નિયુક્તિ નહોતી કરવામાં આવી. આ કર્મચારીઓ મંદિર ટ્રસ્ટના કૃષિ વિભાગ, કચરા વ્યવસ્થાપન વિભાગ અને શિક્ષણ વિભાગમાં કામ કરતા હતા. એમાંથી ૯૯ કર્મચારીઓ છેલ્લા પાંચ મહિનાથી કામ પર

(જુઓ પાનું ૪) ▸▸

# રાજ્ય સંચાલિત વીજ કંપની મુંબઈમાં વીજળી વિતરણ કરવા ઉત્સુક

થાણાઃ મુંબઈમાં પગપેસારો કરવાના હેતુથી રાજ્ય સંચાલિત વીજ કંપની એમએસઇડીસીએલે મહારાષ્ટ્ર ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (એમઇઆરસી) સમક્ષ એક અરજી દાખલ કરી છે. અરજીમાં મુંબઈમાં વીજળીનું વિતરણ કરવા માટે લાઇસન્સની માંગ કરવામાં આવી છે.

મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (એમએસઇડીસીએલ અથવા મહાવિતરણ)એ એક પરિપત્રમાં જણાવ્યું હતું કે આ અરજી ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૪ અને ૧૫ હેઠળ એમઇઆરસી નિયમો, ૨૦૦૬ અને ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન લાઇસન્સ રૂલ્સ, ૨૦૦૫ની જોગવાઈઓ સાથે રજૂ કરવામાં આવી છે.

કંપનીએ કમિશનને વિનંતી કરી છે કે તેને મુંબઈના મુખ્ય વિસ્તારમાં વીજળી પૂરી પાડવાની મંજૂરી આપવામાં આવે. કંપનીએ કોલાબાથી માહિમ, બાંદ્રાથી દહિસર, વિક્રોલીથી ચુનાભટ્ટી અને માનખુર્દ, તેમજ ચેના, કાજુપાડા અને મીરા ભાયંદર મ્યુનિસિપલ

(જુઓ પાનું ૪) ▸▸

# નાગપાડામાં ₹૨.૫૫ કરોડના સોનાની લૂંટનો કેસ ઉકેલાયોઃ પાંચની ધરપકડ

મુંબઈઃ નાગપાડામાં ધોળેદહાડે ૨.૫૫ કરોડ રૂપિયાના સોનાની લૂંટનો કેસ પોલીસે ૧૨ કલાકમાં જ ઉકેલી કાઢીને પાંચ જણની ધરપકડ કરી હતી અને લૂંટેલું તમામ સોનું જપ્ત કર્યું હતું. આરોપીઓ ઝટપટ શ્રીમંત બનવા અને તેમનું દેવું ચૂકવવા માગતા હતા. એક આરોપી અગાઉ ઝવેરી સાથે કામ કરતો હતો અને તેની દુકાનના કામકાજ વિશે જાણતો હતો. આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ કુર્લાના વિનાયક અજય દળવી અને મંગેશ પંઢરીનાથ શિદે, શિવડીના શાહનવાઝ હુસૈન ખાન, નાગપાડાના અબ્દુલ હકીમ અબ્દુલ કાદીર શેખ તેમ જ સંતોષ જૈન તરીકે થઇ હતી. આરોપીઓને સ્થાનિક અદાલતમાં હાજર કરાતાં તેમને પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

દક્ષિણ મુંબઈના કાલબાદેવી વિસ્તારના ઝવેરીનો કર્મચારી તેના સગા સાથે ગુરુવારે સવારે સ્કૂટર પર લોઅર પરેલમાં આવેલી ઓફિસમાં જવા માટે નીકળ્યો હતો. તેઓ નાગપાડા પોલીસ સ્ટેશનની હદમાં નવજીવન સોસાયટી નજીક ડાયના બ્રિજ પરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટરસાઇકલ પર આવેલા બે આરોપી તેમને આંતર્યા હતા.

આરોપીએ તેમને ધમકાવ્યા હતા અને તેમની પાસેની બેગ આંચકી લીધી હતી, જેમાં ૨.૫૫ કરોડ રૂપિયાનું સોનું હતું. આરોપીઓએ તેમના સ્કૂટરની ચાવી પણ લઇ લીધી હતી, જેને કારણે તેઓ પીછો ન કરી શકે. સોનું લૂંટ્યા બાદ આરોપીઓ ત્યાંથી ફરાર થઇ ગયા હતા. સવારે ૮.૪૫ વાગ્યે આ ઘટના બની હતી અને કર્મચારીએ ઝવેરીનો સંપર્ક સાધીને તેમને ઘટનાની જાણ કરી હતી. ત્યાર બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# ગૌતમ ગંભીર ઈંગ્લૅન્ડનો પ્રવાસ અધવચ્ચે છોડીને દિલ્હીમાં

## ટીમ ઈન્ડિયાના હેડ-કોચના મમ્મીને હાર્ટ-અટૅક આવ્યો: ગંભીરની ગેરહાજરીમાં ડૉચેટ, મૉર્કલ, કોટક સંભાળી રહ્યા છે કોચિંગની જવાબદારી



યૉર્કશર: ભારતના ટેસ્ટ ખેલાડીઓ પાંચ મૅચની ટેસ્ટ-શ્રેણી રમવા ઇંગ્લૅન્ડ આવ્યા છે અને ૨૦મી જૂને શરૂ થનારી પ્રથમ ટેસ્ટ માટેની તૈયારીઓમાં વ્યસ્ત છે ત્યાં તેમનો મુખ્ય કોચ ગૌતમ ગંભીર ઈંગ્લેન્ડની ટૂર અધવચ્ચે છોડીને ભારત પાછો આવી ગયો છે. આ નિર્ણય પાછળનું કારણ તેના માતા સીમા ગંભીરને હૃદયરોગનો હુમલો આવતાં દિલ્હીની હૉસ્પિટલના આઇસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની સ્થિતિ હવે સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે ગૌતમ ગંભીરના માતા બુધવારે હાર્ટ અટૅકનો શિકાર થયા હતા જેને પગલે ગંભીર તેના પરિવાર સાથે તાબડતોબ ભારત આવવા રવાના થયો હતો. આ ઘટનાએ ટીમ ઈન્ડિયાના ચાહકોમાં ચિંતા જગાવી છે, કારણ કે ગંભીરની ગેરહાજરીથી ટીમની તૈયારીઓ પર વિપરીત અસર પડી શકે.

જો ગંભીરના મમ્મીની તબિયત સારી થઈ જશે તો ગૌતમ ગંભીર અઠવાડિયાની અંદર (૨૦મી જૂને લીડ્સમાં શરૂ થનારી પ્રથમ ટેસ્ટ પહેલાં જ) ઇંગ્લૅન્ડ પહોંચી જશે.

ગંભીરે ઇંગ્લૅન્ડથી પાછા આવવું પડ્યું હોવાથી શુક્રવારે ટીમ ઇન્ડિયાની બેકનહૅમમાં ઇન્ડિયા 'એ' સામે શરૂ થયેલી ચાર દિવસની પ્રૅક્ટિસ મૅચમાં ગંભીરની ગેરહાજરીમાં બાકીના સપોર્ટ સ્ટાફે ટીમને કોચિંગ આપવાની સંપૂર્ણ જવાબદારી સંભાળી લીધી હતી. ગૌતમ ગંભીરના સ્થાને સહાયક કોચ રાયન ટેન ડૉશ્ચેટે કોચિંગની મુખ્ય જવાબદારી સંભાળી લીધી છે. તેમની સાથે બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલ તેમ જ બૅટિંગ-કોચ સિતાંશુ કોટક પણ છે.

ઈંગ્લેન્ડ સામે આગામી શુક્રવારે શરૂ થનારી ટેસ્ટ શ્રેણી માટે ગંભીરની હાજરી મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ યુવા ટીમ અને યુવા કેપ્ટનની આગેવાની હેઠળનો પ્રવાસ છે. ગંભીરનો અનુભવ અને માર્ગદર્શન ટીમનું મનોબળ વધારવા માટે મહત્વપૂર્ણ છે.

ગૌતમ ગંભીરના પરિવાર પર આવેલું આ સંકટ જલદી ટળે અને તેઓ જલ્દી ટીમ સાથે જોડાશે. એવી ચાહકો પ્રાર્થના કરી રહ્યા છે. તેમની ગેરહાજરી ટૂંકા ગાળા માટે હોવા છતાં, ટીમની તૈયારીઓ પર તેની અસર પડી શકે છે. ■

# ડબ્લ્યૂટીસી ફાઇનલઃ સાઉથ આફ્રિકા પહેલી વાર ચૅમ્પિયન બનવાની તૈયારીમાં

## માર્કરમ-બવુમા વચ્ચે ૧૪૩ રનની ભાગીદારી

લૉર્ડ્સ: વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં શુક્રવારના ત્રીજા દિવસે ઑસ્ટ્રેલિયાએ આપેલા ૨૮૨ રનના લક્ષ્યાંક સામે સાઉથ આફ્રિકાએ રમતનાં અંત સુધીમાં માત્ર બે વિકેટના ભોગે ૨૧૩ રન કર્યા હતા અને જીતવા માટે બીજા ફક્ત ૬૯ રન બાકી હતા. ઓપનર એઇડન માર્કરમ ૧૦૨ રને અને કૅપ્ટન ટેમ્બા બવુમા ૬૫ રને રમી રહ્યો હતો. બન્ને વચ્ચે ૧૪૩ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. સાઉથ આફ્રિકાને પહેલી વાર મોટી ટૂર્નામેન્ટની ટ્રોફી જીતીને તેમ જ ફાઇનલ સહિતના નૉકઆઉટમાં પરાજિત થઈને 'ચૉકર્સ' તરીકેની છાપ ભૂંસી નાખવાની અમૂલ્ય તક છે.

બીજી તરફ, પૅટ કમિન્સના સુકાનમાં ઑસ્ટ્રેલિયાને ડિફેન્ડિંગ ચૅમ્પિયનના રૂપમાં ડબ્લ્યૂટીસીની ટ્રોફી જાળવી રાખવાનો મોકો મળ્યો જે ગુમાવાઈ રહ્યો હોય એવું શુક્રવારની રમતને અંતે લાગતું હતું.

સાઉથ આફ્રિકાની બન્ને વિકેટ મિચલ સ્ટાર્કે લીધી હતી. ઓપનર રાયન રિકલ્ટને છ રને અને વિઆન મુલ્ડરે ૨૭ રને વિકેટ ગુમાવી હતી.

એ પહેલાં, ઑસ્ટ્રેલિયાનો બીજો દાવ ૨૦૭ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો. ઑસ્ટ્રેલિયાના ઑલરાઉન્ડર મિચલ સ્ટાર્કે ૧૯૦ મિનિટ સુધી ટેમ્બા બવુમાની ટીમના બોલર્સનો સામનો કર્યો હતો અને પાંચ ફોરની મદદથી ૧૩૬ બૉલમાં ૫૮ રન કર્યા હતા અને અણનમ રહ્યો હતો. જોકે સામા છેડે વિકેટ પડતી રહી અને છેવટે ૬૫મી ઓવરના છેલ્લા બૉલમાં જૉશ હૅઝલવૂડ (૧૦૧ મિનિટમાં ૫૩ બૉલની મદદથી ૧૭ રન)ની વિકેટ પડી હતી અને આ લૉ-સ્કોરિંગ ફાઇનલમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયન ટીમની લડતનો અંત આવ્યો હતો. સ્ટાર્ક-હૅઝલવૂડ વચ્ચે ૧૩૫ બૉલમાં ૫૯ રનની લડાયક ભાગીદારી થઈ હતી.

સાઉથ આફ્રિકા વતી પેસ બોલર કૅગિસો રબાડાએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. પ્રથમ દાવની પાંચ વિકેટ સહિત આખી મૅચમાં તેણે નવ વિકેટ લઈને સાઉથ આફ્રિકાને જીતવાનો માર્ગ બતાવ્યો હતો. બીજા પેસ બોલર લુન્ગી ઍન્ગિડીએ બીજા દાવમાં ત્રણ તેમ જ એઇડન માર્કરમ, માર્કો યેનસેન અને વિઆન મુલ્ડરને એક-એક વિકેટ મળી હતી. હૅઝલવૂડની છેલ્લી વિકેટ માર્કરમે લીધી હતી. પ્રથમ દાવમાં ઑસ્ટ્રેલિયાના ૨૧૨ રન અને સાઉથ આફ્રિકાના ૧૩૮ રન હતા. કાંગારૂઓએ પહેલા દાવમાં ૭૪ રનની સરસાઈ લીધી હતી. ■




બન્ને દાવ મળીને રબાડાની કુલ નવ વિકેટ

# ઈંગ્લૅન્ડમાં ડબ્લ્યૂટીસીની ફાઇનલમાં અને ભારતની પ્રૅક્ટિસ-મૅચ પહેલાં વિમાન હોનારતના મૃતકોને અંજલિ






લંડન/બેકનહૅમ: અહીં લૉર્ડ્સમાં ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે ચાલી રહેલી વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં શુક્રવારના ત્રીજા દિવસની રમતની શરૂઆત પહેલાં બન્ને ટીમના ખેલાડીઓએ અમદાવાદની ગુરુવારની વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓને અંજલિ આપવા બે મિનિટનું મૌન પાળ્યું હતું અને તેઓ હાથ પર કાળી પટ્ટી પહેરીને રમ્યા હતા.

બીજી તરફ, બેકનહૅમમાં શુક્રવારે બપોરે ભારતીય ટેસ્ટ ટીમની ઇન્ડિયા 'એ' સામે ચાર દિવસની પ્રૅક્ટિસ-મૅચ શરૂ થઈ અને એ પહેલાં પણ બન્ને ટીમના પ્લેયર્સે પણ બે મિનિટનું મૌન પાળ્યું હતું અને પ્લેનની હોનારતમાં મૃત્યુ પામનાર લોકોને શ્રદ્ધાંજલિ આપવા તેઓ હાથ પર કાળી પટ્ટી પહેરીને મેદાન પર ઊતર્યા હતા.

ઍર ઇન્ડિયાના પૅસેન્જર પ્લેનમાં ૨૪૨ લોકો મુસાફરી કરી રહ્યા હતા જેમાંના ૨૪૧ જણનાં મૃત્યુ થયાં હતાં અને એક યુવાન બચી ગયો હતો. વિમાનના તમામ ૧૨ કર્મચારીઓ પણ માર્યા ગયા હતા તેમ જ ઍરપોર્ટની આસપાસ મેડિકલ હૉસ્ટેલ સહિતની ઇમારતો પર વિમાન પડવાને કારણે ઘણી વ્યક્તિઓનાં મૃત્યુ થયાં હતાં.

ઑસ્ટ્રેલિયા ડબ્લ્યૂટીસીનું ટાઇટલ ડિફેન્ડ કરી રહ્યું છે, જ્યારે સાઉથ આફ્રિકાને પહેલી વાર ટેસ્ટનો આ વર્લ્ડ કપ જીતવાનો મોકો છે.

બેકનહૅમમાં ઇન્ડિયા અને ઇન્ડિયા 'એ' ટીમના ખેલાડીઓ ઉપરાંત સપોર્ટ સ્ટાફના મેમ્બર્સે પણ હાથ પર કાળી પટ્ટી પહેરી હતી.

અનેક ક્રિકેટરોએ અમદાવાદની વિમાન દુર્ઘટના વિશે ગુરુવારે શોક વ્યક્ત કર્યો હતો. સચિન તેન્ડુલકરે શોક સંદેશમાં જણાવ્યું હતું કે 'અમદાવાદમાં હૃદય કંપી જાય એવી દુર્ઘટના બની. મને એ બનાવ વિશે જાણીને ખૂબ દુઃખ થયું હતું. મૃત્યુ પામેલાઓના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારજનોને આ સંકટના સમયનો સામનો કરવાની હિંમત આપે એવી પ્રભુને પ્રાર્થના કરું છું.'

ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે ૨૦મી જૂને પાંચ મૅચની ટેસ્ટ-શ્રેણી શરૂ થશે.■

# શૂટિંગમાં સુરુચિની 'સુવર્ણ હૅટ-ટ્રિક'

## મનુ ભાકર કૉમેન્ટરી બૉક્સમાં: હરિયાણાની ટીનેજ શૂટરની ખૂબ પ્રશંસા કરી




મ્યૂનિક: ૧૯ વર્ષની સુરુચિ નામની શૂટરે મહિલાઓના શૂટિંગ વર્લ્ડ કપમાં સતત ત્રીજા તબક્કામાં વ્યક્તિગત સ્પર્ધાનો ગોલ્ડ મેડલ જીતીને સનસનાટી મચાવી દીધી છે. તેણે ૧૦ મીટર ઍર પિસ્તોલ સ્પર્ધાની ફાઇનલમાં ફ્રાન્સની પૅરિસ ઑલિમ્પિક સિલ્વર-મેડલિસ્ટ કૅમિલી જેડ્રેજેવ્સ્કીને માત્ર ૦.૨ પૉઇન્ટ માટે પાછળ રાખીને સુવર્ણચંદ્રક પર કબજો કરી લીધો હતો.

આઇએસએસએફ વર્લ્ડ કપ તરીકે ઓળખાતી આ સ્પર્ધાની ફાઇનલમાં કુલ આઠ સ્પર્ધકો હતી અને એમાં સુરુચિએ ૨૪૧.૯ શૉટ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. કૅમિલી (૨૪૧.૭) બીજા સ્થાને આવતાં સિલ્વર જીતી હતી, જ્યારે ચીનની યાઓ કિઆનઝુઆન (૨૨૧.૭) ત્રીજા નંબરે રહી હતી અને બ્રૉન્ઝ જીતી હતી.

શૂટિંગનો આ વર્લ્ડ કપ ત્રણ તબક્કામાં યોજાય છે અને નૅશનલ રેકૉર્ડ ધારક સુરુચિ મ્યૂનિકના ત્રીજા તબક્કા અગાઉના બ્યૂનૉસ એરીઝ અને લિમા ખાતે પોતાના ડેબ્યૂ વર્લ્ડ કપ તબક્કાઓમાં પણ સુવર્ણચંદ્રક જીતી લીધા હતા.

એ સાથે, હરિયાણાની સુરુચિએ હવે ૧૯ વર્ષની ઉંમરે પોતાના પહેલા જ આઇએસએસએફ વર્લ્ડ કપના ત્રણેય તબક્કાના ગોલ્ડ મેડલ સાથે તરખાટ મચાવી દીધો છે.

આ વિશ્વ કપ માટેના ક્વૉલિફિકેશન રાઉન્ડમાં સુરુચિ ૫૮૮ શૉટ સાથે બીજા નંબરે હતી. એ સાથે, તેણે બે ઑલિમ્પિક મેડલ જીતનાર મનુ ભાકરના રાષ્ટ્રીય વિક્રમની બરાબરી કરી હતી. ચીનની યાઓ (જે ફાઇનલમાં બ્રૉન્ઝ જીતી) ક્વૉલિફિકેશનમાં ૫૮૯ શૉટ સાથે મોખરે હતી, જ્યારે મનુ ભાકર ૫૭૪ શૉટ સાથે છેક ૨૧મા નંબરે હતી.

મનુ ભાકર ફાઇનલ વખતે કૉમેન્ટરી બૉક્સમાં હતી અને તેણે સુરુચિના ગોલ્ડ મેડલ બદલ તેની ખૂબ પ્રશંસા કરી હતી. મનુએ કહ્યું હતું કે 'સુરુચિ શરૂઆતમાં થોડી નર્વસ હતી, પણ પછી તેણે પૂરા આત્મવિશ્વાસ સાથે ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.' ■

# સ્ટીવ સ્મિથની ટચલી આંગળી તૂટી, ફાઇનલની બહાર થઈ ગયો




લૉર્ડ્સ: ઑસ્ટ્રેલિયાના બૅટ્સમૅન સ્ટીવ સ્મિથની જમણા હાથની ટચલી આંગળીમાં ફ્રૅક્ચર થતાં તે ડબ્લ્યૂટીસીની સાઉથ આફ્રિકા સામે ચાલી રહેલી ફાઇનલની બહાર થઈ ગયો છે. તે સાઉથ આફ્રિકન કૅપ્ટન ટેમ્બા બવુમાનો પ્રથમ સ્લિપમાં કૅચ પકડવા ગયો ત્યારે બૉલ તેને ટચલી આંગળી પર વાગ્યો હતો અને ગંભીર ઈજા થઈ હતી.

સ્મિથ સામાન્ય રીતે પ્રથમ સ્લિપમાં સ્ટમ્પ્સથી જેટલો દૂર ઊભો રહેતો હોય છે એટલો દૂર નહોતો. તે સ્ટમ્પ્સની નજીકમાં હતો. બવુમાથી તે માત્ર ૧૪ મીટર દૂર હતો અને મિચલ સ્ટાર્કે કલાકે ૧૩૮ કિલોમીટરની ઝડપે શૉર્ટ બૉલ ફેંક્યો જેમાં બવુમાના બૅટની કટ લાગ્યા બાદ બૉલ સ્મિથ તરફ આવ્યો હતો જે ખભા જેટલો ઊંચો કૅચ ઝીલવામાં ઝડપી નહોતો. તે બૉલ ઝીલવામાં નિષ્ફળ ગયો હતો અને એ તેને આંગળી પર વાગ્યો હતો. સ્મિથને તાત્કાલિક મેદાનની બહાર લઈ જવાયો હતો અને ત્યાંથી એક્સ-રે માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. સ્મિથ હવે કેટલા દિવસ નહીં રમી શકે એ તો સ્પષ્ટ નહોતું થયું, પરંતુ ડબ્લ્યૂટીસીની વર્તમાન ફાઇનલ બાદ વેસ્ટ ઇન્ડિઝમાં ત્રણ ટેસ્ટની શ્રેણી રમવા તે શરૂઆતથી કદાચ નહીં જઈ શકે.

ઑસ્ટ્રેલિયાની વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ-સિરીઝ પચીસમી જૂને શરૂ થશે.

# આઈપીએલે અવગણ્યો, ૧૯ સિક્સરનો વર્લ્ડ રેકૉર્ડ રચી દીધો

## ફિન ઍલનનો ફાસ્ટેસ્ટ ૧૫૦ રનનો પણ વિશ્વ વિક્રમ

ઓકલૅન્ડ: ન્યૂ ઝીલૅન્ડના હાર્ડ-હિટર ફિન ઍલનને સતત ત્રણ આઈપીએલ સીઝનમાં ૧૦માંથી એક પણ ફ્રેન્ચાઈઝીએ નહોતો ખરીદ્યો, પણ ગુરુવારે તેણે અમેરિકાની મેજર લીગ ક્રિકેટ (એમએલસી) નામની ટી-૨૦ ટૂર્નામેન્ટની નવી સીઝનના પહેલા જ દિવસે ધમાલ મચાવી દીધી. તેણે એક ટી-૨૦ ઇનિંગ્સમાં સૌથી વધુ ૧૯ સિક્સર ફટકારવાનો નવો વિશ્વ વિક્રમ રચ્યો છે.

સૅન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન્સ નામની ટીમ વતી રમતા ઍલને (૧૫૧ રન, ૫૧ બૉલ, ૧૯ સિક્સર, પાંચ ફોર) ૨૯૭.૦૭ના સ્ટ્રાઇક રેટથી રન કર્યા હતા. તેણે ટી-૨૦ની એક ઇનિંગ્સમાં ફાસ્ટેસ્ટ ૧૫૦ રન (૪૯ બૉલમાં દોઢસો રન) કરવાનો વિશ્વ વિક્રમ પણ નોંધાવ્યો હતો. તેણે ડેવાલ્ડ બ્રેવિસનો બાવન બૉલમાં ૧૫૦ રનનો વિક્રમ તોડ્યો છે.

મૅન ઑફ ધ મૅચ ફિન એલને એક ટી-૨૦ મૅચમાં સૌથી વધુ ૧૮ છગ્ગા ફટકારવાનો વેસ્ટ ઇન્ડિઝના ક્રિસ ગેઇલ (૨૦૧૭માં બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં) અને એસ્ટોનિયાના ભારતીય મૂળના ક્રિકેટર સાહિલ ચૌહાણ (૨૦૨૪માં સાયપ્રસ સામે)નો સંયુક્ત વિશ્વ વિક્રમ તોડ્યો છે.

ગુરુવારે ઍલનના ૧૫૧ રનની મદદથી કૉરી ઍન્ડરસનના સુકાનમાં સૅન ફ્રાન્સિસ્કોની ટીમે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૬૯ રન કર્યા હતા જે એમએલસીનો નવો હાઈએસ્ટ ટીમ-સ્કોર છે.

ગ્લેન મેકસ્વેલની કેપ્ટન્સીમાં વૉશિંગ્ટન ફ્રીડમ ટીમ ૧૪૬ રનમાં ઑલઆઉટ થઈ હતી અને સૅન ફ્રાન્સિસ્કોનો ૧૨૩ રનથી વિજય થયો હતો. વૉશિંગ્ટનના ૧૪૬ રનમાં રચિન રવીન્દ્રના ૪૨ રન હાઈએસ્ટ હતા. પાકિસ્તાનના હારિસ રઉફ અને અમેરિકાના હસન ખાને સૌથી વધુ ત્રણ-ત્રણ વિકેટ મેળવી હતી.

એમએલસીની આ સીઝનમાં છ ટીમ ભાગ લઈ રહી છે. એમાં ભારતના ત્રણ ફ્રેન્ચાઈઝી (ચેન્નઈ સુપર કિંગ્સ, મુંબઈ ઇન્ડિયન્સ, કોલકાતા નાઈટ રાઇડર્સ)ની માલિકીની ટીમોનો સમાવેશ છે. આ ટીમોના નામ અનુક્રમે ટેક્સસ સુપર કિંગ્સ, એમઆઈ ન્યૂ યોર્ક અને લૉસ ઍન્જલ્સ નાઈટ રાઇડર્સ છે. ■



# 'કોહલીને ડર હશે કે ઇંગ્લૅન્ડમાં...' મૉન્ટી પનેસરે વિરાટના રિટાયરમેન્ટને લઈને કરી વિવાદાસ્પદ ટિપ્પણી

લંડન: રવિચન્દ્રન અશ્વિન તેમ જ રોહિત શર્મા અને ખાસ કરીને વિરાટ કોહલીની ટેસ્ટની નિવૃત્તિ પછી ભારતીયો થોડા દિવસમાં પહેલી જ વાર ટેસ્ટ-સિરીઝ રમવાના છે અને એને ધ્યાનમાં લઈને ઘણા ભૂતપૂર્વ ખેલાડીઓના મંતવ્યો આવી રહ્યા છે જેમાં ખાસ કરીને ઇંગ્લૅન્ડના ભારતીય મૂળના ભૂતપૂર્વ સ્પિનર મૉન્ટી પનેસરે વિરાટ કોહલી વિશે ચોંકાવનારી અને વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. પનેસરનું એવું કહેવું છે કે કોહલીને ઑસ્ટ્રેલિયાની જેમ ઇંગ્લૅન્ડમાં પણ ઑફ સ્ટમ્પની બહાર જતા બૉલમાં વિકેટ ગુમાવવાનો ડર હશે એટલે જ તેણે ટેસ્ટ-ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો.

સિખ સમુદાયનો ભૂતપૂર્વ લેફ્ટ-આર્મ સ્પિનર મૉન્ટી પનેસર ૪૩ વર્ષનો છે. તેનું આખું નામ મધુસુદન સિંહ પનેસર છે. તે ઇંગ્લૅન્ડ વતી ૨૦૦૬થી ૨૦૧૩ દરમ્યાન ૫૦ ટેસ્ટ, ૨૬ વન-ડે અને એક ટી-૨૦ મૅચ રમ્યો હતો અને કુલ ૧૯૦-પ્લસ આંતરરાષ્ટ્રીય વિકેટ લીધી હતી. પનેસર સૌરાષ્ટ્ર પ્રો ટી-૨૦ લીગમાં કૉમેન્ટરી આપવા ગુજરાત આવ્યો છે.

ભારતીય ટેસ્ટ ટીમ ૨૦મી જૂનથી ઇંગ્લૅન્ડમાં પાંચ મૅચની ટેસ્ટ-શ્રેણી રમશે. કોહલીએ તાજેતરમાં ટેસ્ટ-ક્રિકેટમાંથી અચાનક રિટાયરમેન્ટ જાહેર કરી દીધું હતું. તેણે ૧૪ વર્ષની ટેસ્ટ કરીઅરમાં ૧૨૩ ટેસ્ટમાં ૩૦ સેન્ચુરીની મદદથી કુલ ૯,૨૩૦ રન કર્યા હતા. પનેસરે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે 'કોહલીએ તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં ફાસ્ટ બોલર્સને ખૂબ ઉછાળ અપાવતી પિચો પર ઑફ સ્ટમ્પની બહાર (પાંચમા સ્ટમ્પ પર)ના બૉલને રમવામાં ખૂબ સંઘર્ષ કર્યો હતો. તે મોટા ભાગે એવા બૉલમાં વિકેટ ગુમાવી બેઠો હતો. એટલે તેણે (કોહલીએ) કદાચ વિચાર્યું હશે કે ઇંગ્લૅન્ડની પિચો પર બૉલ ખૂબ સ્વિંગ થશે. આવું વિચારીને તેણે પોતાની નબળાઈ દૂર કરવાની કોશિશ ન કરી અને તેને કોઈ ઉકેલ નહીં મળ્યો હોય એટલે તેણે રિટાયરમેન્ટ લઈ લીધું.'

પનેસરે એવું પણ કહ્યું કે 'કોહલીએ હવે પછી પોતાની બધી ઊર્જા આરસીબી પાછળ અને ભારત વતી રમાનારી વન-ડે મૅચો પાછળ આપવાનું પણ વિચાર્યું હશે. કોહલીને લાગ્યું હશે કે ઑસ્ટ્રેલિયાની જેમ ઇંગ્લૅન્ડમાં પણ ઑફ સ્ટમ્પની બહારના બૉલમાં ન રમી શકવાની તેની નબળાઈ ફરી એક્સપોઝ થઈ જશે તો બાકીની કારકિર્દીમાં પણ મુસીબત ઊભી થઈ શકે એવું વિચારીને જ તેણે ટેસ્ટમાંથી અચાનક સંન્યાસ લઈ લીધો.'







જોકે પનેસરે કોહલીને ક્રિકેટજગતના સર્વશ્રેષ્ઠ બૅટ્સમૅન તરીકે ઓળખાવ્યો છે અને કહ્યું છે કે તેણે દરેક ફૉર્મેટમાં ખૂબ સારું પર્ફૉર્મ કર્યું છે તેમ જ ક્રિકેટની રમતનો તે બહુ સારો ઍમ્બેસેડર (રાજદૂત) છે. તેણે દોઢ દાયકાની કરીઅરમાં બધુ જ હાંસલ કર્યું છે અને વિચાર્યું હશે કે હવે યુવા ખેલાડીઓએ આગળ આવવાનો સમય છે અને એ પણ તેના ઓચિંતા રિટાયરમેન્ટ પાછળનું એક કારણ હોઈ શકે.' ■

# મોહમ્મદ યુસુફનું રાજીનામું: અકીબ જાવેદની નિયુક્તિથી નારાજ હતો



લાહોર: પાકિસ્તાનના ભૂતપૂર્વ ટેસ્ટ સુકાની મોહમ્મદ યુસુફે લાહોર ખાતેની નૅશનલ ક્રિકેટ ઍકેડેમી (એનસીએ)ના બૅટિંગ-કોચના હોદ્દેથી રાજીનામું આપી દીધું છે.

પીટીઆઇના અહેવાલ મુજબ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ આ વાતને હજી પુષ્ટિ નથી આપી, પરંતુ ખુદ યુસુફે કહ્યું છે કે તેણે ગયા અઠવાડિયે રાજીનામું મોકલી દીધું હતું જે સ્વીકારી લેવામાં આવ્યું છે.

યુસુફ ઘણા વર્ષથી એનસીએનો બૅટિંગ-કોચ હતો અને પાકિસ્તાનની અન્ડર-૧૯ ટીમ ઉપરાંત સિનિયર ટીમ સાથે પણ તે જોડાયેલો હતો.

આ વર્ષે પાકિસ્તાનની ટીમ ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસે ગઈ હતી ત્યારે યુસુફ તેમની સાથે ગયો હતો, પરંતુ ગયા મહિને ઘરઆંગણે બાંગ્લાદેશ સામે ટી-૨૦ સિરીઝ રમાઈ ત્યારે યુસુફની સપોર્ટ સ્ટાફમાં જે ગેરહાજરી હતી એ ચર્ચાસ્પદ થઈ હતી.

આધારભૂત સૂત્રો કહે છે કે પીસીબીએ તાજેતરમાં ભૂતપૂર્વ ફાસ્ટ બોલર અકીબ જાવેદને એનસીએનો ડિરેક્ટર બનાવી દીધો એ યુસુફને નહોતું ગમ્યું. સૂત્રોના જણાવ્યા મુજબ યુસુફ એવું માનતો હતો કે તે સિનિયર હોવાથી તેને પ્રમોશન મળવું જોઈતું હતું.

# વીક એન્ડ


સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## ખેલ જગતના કમનસીબ ખેલંદા

### ૨૦૦૨માં ક્રિકેટર હન્સી ક્રૉન્યેનું રહસ્યમય વિમાન હોનારતમાં મૃત્યુ થયું અને અમેરિકાના સ્કેટર્સની બે ટીમ તથા ફૂટબૉલ ટીમ પણ પ્લેન ક્રેશનો ભોગ બની ચૂકી છે.

આંતરરાષ્ટ્રીય રમતવીરો અને વીરાંગનાઓએ પોતાના કૌશલ્ય અને ક્ષમતા બતાવવા હરીફાઈઓમાં ભાગ લેવા માટે દેશ-વિદેશમાં ઠેકઠેકાણે જવું પડતું હોય છે અને મોટા ભાગે વિમાન પ્રવાસ તેમના માટે સૌથી સરળ અને સૌથી અનુકૂળ વિકલ્પ હોય છે. ખેલાડી કે ઍથ્લીટે સ્પર્ધામાં ભાગ લેવા અન્ય દેશમાં જવાનું હોય તો સ્વાભાવિક છે કે પ્લેનની મુસાફરી જ કરવી પડે, પણ પોતાના દેશમાં પણ તેણે સ્પર્ધાના સ્થળે સમયસર અને કોઈ પણ પ્રકારની મુશ્કેલી વિના પહોંચવા માટે



કૉબે બ્રાયન્ટ અને પુત્રી જિયાના




રશિયાનાં ઈવાજેનિયા અને વાદિમ

વિમાનની મુસાફરી જ કરવી પડે છે. જોકે આ પ્રવાસ જ જ્યારે જીવલેણ બની જાય તો એ તેમની બહુ મોટી કમનસીબી કહેવાય. ગુરુવારે અમદાવાદમાં જે ગમખ્વાર વિમાન દુર્ઘટના બની એના પરથી ભૂતકાળના એવા કેટલાક બનાવો ફરી સ્મૃતિપટ પર આવી ગયા જેમાં જાણીતા ખેલાડીઓ અને ઍથ્લીટોના મૃત્યુ થયા હતા.

ભારતમાં ક્રિકેટ સૌથી લોકપ્રિય રમત છે અને પ્લેન-ક્રેશની કોઈ ઘટના બને ત્યારે ક્રિકેટપ્રેમીઓને સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ કૅપ્ટન હન્સી ક્રૉન્યેના આકસ્મિક અને રહસ્યમય મૃત્યુની ઘટના તરત યાદ આવી જાય. (૨૦૦૦ના મૅચ-ફિક્સિંગ કાંડ પહેલાં) ક્રૉન્યે કૅપ્ટન્સી, બૅટિંગ તેમ જ ટીમને અપાવેલી સફળતાઓ બદલ ક્રિકેટપ્રેમીઓમાં ખૂબ લોકપ્રિય હતો, પણ ફિક્સિંગના આક્ષેપોને પગલે તે લોકોના દિલમાંથી ઊતરી ગયો હતો. જોકે જૂન, ૨૦૦૨માં ૩૨ વર્ષની ઉંમરે વિમાન અકસ્માતમાં તેનું મૃત્યુ થતાં સમગ્ર ક્રિકેટ જગત શોકમગ્ન થયું હતું. એક સમયના અવ્વલ દરજ્જાના કૅપ્ટને આ રીતે ફાની દુનિયામાંથી વિદાય લીધી એનો આઘાત ક્રિકેટચાહકોના દિલોદિમાગમાંથી વર્ષો સુધી ઘટ્યો નહોતો. કારણ એ છે કે ક્રિકેટ જગતને સ્પર્શતી આ પહેલી જ ઘટના હતી. આજે જો ક્રૉન્યે જીવંત હોત અને ફિક્સિંગના આક્ષેપોના વમળમાંથી બહાર આવી ગયો હોત તો પંચાવન વર્ષની ઉંમરે જરૂર કોઈ રાષ્ટ્રીય ટીમનો કે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) જેવી નામાંકિત ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટની એકાદ ટીમનો હેડ-કોચ હોત.

ક્રૉન્યેનો જન્મ સપ્ટેમ્બર, ૧૯૬૯માં બ્લોમફોન્ટેન શહેરમાં થયો હતો. ૧૯૯૨થી ૨૦૦૦ની સાલ સુધીમાં ૬૮ ટેસ્ટ તથા ૧૮૮ વન-ડે રમીને એમાં કુલ ૧૨૭ સિક્સર તથા ૭૭૫ ફોર સહિત કુલ ૯,૩૦૦ જેટલા રન કરનાર ક્રૉન્યે મૅચ-ફિક્સિંગ કૌભાંડની તપાસના સમયકાળ દરમ્યાન ૨૦૦૨ની પહેલી જૂને વિમાનમાં જોહનિસબર્ગથી જ્યોર્જ શહેરના પ્રવાસે જવાની તૈયારીમાં જ હતો ત્યાં કોઈક કારણસર તેની ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. થોડી વાર પછી તેણે ટર્બોપ્રોપ ગૅસ ટર્બાઇન એન્જિનવાળા હૉકર સિડેલી એચએસ ૭૪૮ નામના ઍરક્રાફ્ટમાં પ્રવાસ કરવાનું નક્કી કર્યું



હન્સી ક્રૉન્યે

હતું. એ ટચૂકડા વિમાનમાં તે એકમાત્ર પ્રવાસી હતો. વિમાન જ્યોર્જ શહેરના ઍરપોર્ટ ખાતે પહોંચ્યું અને લૅન્ડિંગ કરવાની તૈયારીમાં જ હતું ત્યારે પાઇલટે પહાડો પરના પ્રવાસ વખતે ધૂંધળું દેખાતાં કાબૂ ગુમાવ્યો હતો જેને કારણે વિમાનને સલામત ઉતારી નહોતો શક્યો અને વિમાન પહાડ સાથે ટકરાતાં તૂટી પડ્યું હતું. ક્રૉન્યેનું તેમ જ વિમાનના પાઇલટનું મૃત્યુ થયું હતું. ત્યારે એ ઘટના વિશે ઉચ્ચ અદાલતમાં કેસ ચાલ્યો હતો જેમાં એવું ઠરાવાયું હતું કે પાઇલટની ભૂલને કારણે ઍરક્રાફ્ટ તૂટી પડ્યું હતું. જોકે વર્ષો સુધી એવી અટકળો થઈ હતી કે મૅચ-ફિક્સિંગની કબૂલાત કરી ચૂકેલા ક્રૉન્યે દ્વારા વધુ કોઈ નામ જાહેર ન થઈ શકે એ હેતુથી તેમ જ સત્યને કાયમ માટે છુપાવવાના આશયથી ક્રૉન્યેની હત્યા કરવામાં આવી હતી.

વિમાન હોનારતમાં ખેલજગત સાથે સંકળાયેલા ઍથ્લીટોના મૃત્યુ થયા હોવાની આમ તો ઘણી ઘટના બની ગઈ છે, પણ હજી પાંચ મહિના પહેલાં એક એવો બનાવ બન્યો હતો જેણે સમગ્ર વિશ્વને આઘાતમય કરી દીધું હતું. ૨૦૨૫ની ૨૯મી જાન્યુઆરીએ વૉશિંગ્ટનમાં કમર્શિયલ જેટ વિમાન અને લશ્કરના હેલિકૉપ્ટર વચ્ચે હજારો ફૂટ ઊંચે આકાશમાં ટક્કર થઈ હતી જેમાં અમેરિકાની ૧૧થી ૧૬ વર્ષ વચ્ચેની ઉંમરની અગિયાર સ્કેટર, તેમના કોચ તેમ જ પરિવારજનો સહિત કુલ ૨૮ જણનાં મૃત્યુ થયાં હતાં. તમામ સ્કેટર મોટી હરીફાઈમાં ભાગ લીધા બાદ ઘરે પાછી આવી રહી હતી ત્યારે આ દુર્ઘટના થઈ હતી. મૃત્યુ પામેલાંઓમાં રશિયન વર્લ્ડ ચૅમ્પિયન જોડી ઇવાજેનિયા તથા વાદિમનો પણ સમાવેશ હતો.

વધુ દુઃખની વાત એ છે કે ૧૯૬૧માં પણ અમેરિકાની એક આખી ફિગર સ્કેટિંગ ટીમના ઍથ્લીટોનાં બેલ્જિયમની વિમાન હોનારતમાં મૃત્યુ થયાં હતાં.

વિશ્વભરમાં ફૂટબૉલ, ક્રિકેટ, ટેનિસ, રગ્બી, ચેસ તથા બૅડમિન્ટનની જેમ બાસ્કેટબૉલની રમત ખૂબ લોકપ્રિય છે અને એના લેજન્ડ કૉબે બ્રાયન્ટનું ૨૦૨૦ની સાલમાં (કોરોનાની મહામારી ફેલાઈ એ પહેલાં) હેલિકૉપ્ટર તૂટી પડતાં મૃત્યુ થયું હતું. બ્રાયન્ટ સાથે તેની ૧૩ વર્ષની દીકરી જિયાના હેલિકૉપ્ટરમાં પ્રવાસ કરી રહી હતી અને તે પણ મૃત્યુ પામી હતી. એ દુર્ઘટનામાં બીજા સાત જણ પણ મૃત્યુ પામ્યાં હતાં. ૧૯૭૭માં પણ બાસ્કેટબૉલ જગતને ધ્રુજાવી નાખે એવી ઘટના બની હતી જેમાં અમેરિકાની ઇવાન્સવિલ નામની બાસ્કેટબૉલ ક્લબની ટીમના તમામ ૧૪ ખેલાડીઓ અને હેડ-કોચ બૉબી વૉટ્સનના મૃત્યુ થયાં હતાં.

૧૯૭૦ની સાલમાં ફૂટબૉલ જગતને શોકગ્રસ્ત કરનારી ઘટના બની હતી જેમાં વિમાન અકસ્માતમાં અમેરિકાની એક ફૂટબૉલ ટીમના તમામ ખેલાડીઓના મૃત્યુ નીપજ્યા હતા. માર્શલ યુનિવર્સિટીની ફૂટબૉલ ટીમના ૩૬ ખેલાડીઓ અને તેમના કોચ-સપોર્ટ સ્ટાફ જૂથના ૩૯ મેમ્બર્સ સહિત કુલ ૮૦થી પણ વધુ લોકો ચાર્ટર્ડ જેટમાં પ્રવાસ કરી રહ્યા હતા અને વેસ્ટ વર્જિનિયામાં હન્ટિંગ્ટન ખાતેના ઍરપોર્ટ પર લૅન્ડિંગ કરવાની તૈયારીમાં જ હતું ત્યાં થોડી મિનિટો પહેલાં તેમનું વિમાન કેટલાક ઊંચા ઝાડ સાથે ટકરાયા પછી પહાડ સાથે અથડાયું હતું અને તૂટી પડ્યું હતું. એ વિમાનમાં પ્રવાસ કરી રહેલા તમામ લોકોના મૃત્યુ થયાં હતાં. ૨૦૦૬ની સાલમાં એ ઘટના પરથી ‘ વી આર માર્શલ’ નામની ફિલ્મ રિલીઝ થઈ હતી અને એને બહુ સારો પ્રતિસાદ મળ્યો હતો. ■



### ઑસ્ટ્રેલિયન ક્રિકેટર કિથ મિલર હતા ફાઈટર-પાઈલટ

૧૯૪૬-૧૯૫૬ દરમ્યાન ઑસ્ટ્રેલિયા વતી પંચાવન ટેસ્ટ રમનાર મહાન ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર કિથ મિલર લશ્કરના પાઇલટ હતા. તેમણે ૧૯૪૦ના દાયકા દરમ્યાન (ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ વખતે) રૉયલ ઑસ્ટ્રેલિયન ઍરફોર્સના પાઇલટ તરીકેની ફરજ બજાવી હતી. મચ્છર જેવા દેખાતા તેમના ફાઇટર-ઍરક્રાફ્ટનું નામ ‘ધ મૉસ્ક્યૂટો’ હતું. ઑસ્ટ્રેલિયાના ગ્રેટેસ્ટ-એવર ઑલરાઉન્ડર ગણાતા મિલરે પંચાવન ટેસ્ટના ૯૫ દાવમાં કુલ ૧૭૦ વિકેટ લીધી હતી અને ૨,૯૫૮ રન કર્યા હતા. ઑસ્ટ્રેલિયન હવાઈ દળના આ બાહોશ ફાઇટર-પાઇલટ ક્રિકેટના મેદાન પર કાતિલ બોલિંગ અને ધમાકેદાર બૅટિંગથી ભલભલી બાજી ફેરવી નાખવા માટે જાણીતા હતા. ઑસ્ટ્રેલિયાના એ સમયના બીજા ફાસ્ટ બોલર રે લિન્ડવૉલ સાથેની તેમની જોડી ક્રિકેટજગતમાં લોકપ્રિય હતી. તેઓ ડૉન બ્રેડમૅનની કૅપ્ટન્સીમાં ઘણી મૅચો રમ્યા હતા. ૨૦૦૪માં ૮૪ વર્ષની ઉંમરે મેલબર્નમાં કિથ મિલરનું નિધન થયું હતું.

---

અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## ઓડાવારા-ફુજીની દિશામાં પહેલો પડાવ...











છેલ્લાં થોડાં વર્ષોમાં પ્રવાસનું આયોજન કરવાની, ક્યાં જવું અને ક્યાં ન જવું, શું ખાવું, શું ખરીદવું, બધી બાબતમાં સોશિયલ મીડિયાનો પોતાનો અભિપ્રાય હોય છે. હવે તેમાં AI પાવર્ડ સર્ચ ઉમેરાયા પછી ખરું શું છે અને ખોટું શું છે તે એક્યુરસી પણ નથી. એવામાં ઓનલાઈન કન્ટેન્ટ પાસેથી પ્રેરણા મેળવવી હોય તો સાચી અને કામની માહિતી તારવવાની આવડત પણ કેળવવી પડે છે. જોકે બુકિંગ કરવાની એપ્સ, મેપ્સ, બધું જ ઓનલાઇન છે, એટલે માત્ર ઓફલાઇન પ્લાનિંગ તો શક્ય છે જ નહીં. જાપાનમાં ટ્રેન કાર્ડ, ઓનલાઇન પેમેન્ટ, બધું એપ્સ મારફતે ચાલે છે. એવામાં અમે શક્ય એટલાં સોર્સિસ અને રિસર્ચ પછી સારા વેધરના દિવસો માઉન્ટ ફુજી માટે બાકી રાખ્યા હતા. ખાસ તો એટલા માટે કે ઘણાં મુલાકાતીઓની વાતો સાંભળી હતી કે બે-ત્રણ જાપાનની ટ્રિપ, અલગ અલગ સીઝનમાં કરી હોવાં છતાં વાદળો અને ધુમ્મસ વચ્ચે તેમને એક પણ વાર માઉન્ટ ફુજીની ટોચ જોવા નહોતી મળી. કેટલાંક તો ફુજીની તળેટીમાં ઊભાં રહીને પણ ટોચ નહોતાં જોઈ શક્યાં. એવામાં અમને વેધર એપ્પે બતાવ્યું કે આગલા બે દિવસો કોરા અને વાદળ ફ્રી હોઈ શકે. જોકે તે સમયે તો સ્નો પડતો હતો. વસંતની શરૂઆતમાં તડકા અને સ્નો વચ્ચે આમ પણ વેધર ગમે ત્યારે પલટાઈ શકે તે ખબર હતી, છતાંય અમે થોડા કલાકોની સનશાઇન પર આશા રાખીને હાકોને તરફ નીકળી પડ્યાં.

શિન્જુકુ સ્ટેશન પર ઓડુક્યુ લાઇન પર રામાન્સ કાર સવારે આઠ વાગ્યામાં હાકોને તરફ જતી હતી. પહેલાં ઓડાવારા સ્ટેશન પર જાઓ, ત્યાંથી બસ લઈને ધીરે ધીરે હાકોને પહોંચવાનું હતું. હાકોનેથી પાંચ-છ ફુજી-સાન વ્યુ પોઇન્ટ છે, એટલું જ નહીં, ત્યાં લેકમાં બોટ રાઇડ, પર્વતની ટોચ પર જતો રોપ વે, જ્વાળામુખીના લાવામાં પાકેલાં એગ્સ, આવું ઘણુ બધું જોવાનું, ખાવાનું, માણવાનું હતું. અમે આ બધું તડકામાં એન્જોય કરીશું એ મનમાં પાક્કું કરી લીધું હતું. અમે આમ તો જ્યાં પણ જતાં ત્યાં કાર રેન્ટ કરીને જાતે જ બધે પહોંચીને એક્સપ્લોર કરવાનું પસંદ કરતાં, પણ જાપાનનું પબ્લિક ટ્રાન્સપોર્ટ એટલું વખણાય છે કે કમ સે કમ પહેલી ટ્રિપમાં તો તેને પગે ચાલીને અને ટ્રેન લઈને જોવું જ રહ્યું. શિન્જુકુ સ્ટેશનમાં આમ તો નાનકડું શહેર જ વસે છે. ત્યાં હાકોને જવાની માહિતી માટે ખાસ અલગ બૂથ છે. ત્યાંથી આગલી રાત્રે અમે બ્રોશર અને માહિતી મેળવી ચૂક્યાં હતાં.

સવારમાં હોટલ પર બ્રેકફાસ્ટ માટે ટાઇમ ન હતો. અમે તે આમ પણ ઓપ્શનલ રાખેલો, એટલે ખાલી હોટલનાં ઇન્ક્લુસિવ બ્રેકફાસ્ટ માટે થઈને અમે સવારે મોડાં ન પડીએ. એક ટ્રેન બદલીને અમે થોડી વારમાં રોપોન્ગીથી શિન્જુકુ આવી ગયાં. હવે ત્યાં કઈ દિશામાં શું આવેલું છે, દોડીને ટ્રેન કઈ રીતે પકડવી, કયા ખૂણેથી કયો કન્વિનિયન્સ સ્ટોર આવશે, ક્યાંની ચીઝ કેક સારી છે અને ક્યાંની સેન્ડવિચ, બધું હવે જાણે અમારું હોમટાઉન હોય એવું યાદ રહી ગયું હતું. કોને ખબર હતી કે પાંચ-છ દિવસમાં જ્યારે ટોક્યો છોડવાનું આવશે ત્યારે અહીં પાછાં આવવું છે અને રહી જવું છે વચ્ચે બીજા હજારો વિચારો સાથે લાગ્યું કે આ શહેર સાથે જાણે અલગ જ અટેચમેન્ટ થઈ ગયું છે. તે સમયે તો હાકોને તરફ જતી ઓડાવારાની ટ્રેનનું તો નામ પણ રોમાન્સ કાર હતું. હજી અહીંની બુલેટ ટ્રેન શિન્કાનસેનમાં તો બેસવાનું બાકી હતું. તે મોકો તો ક્યોટો અને ઓસાકા તરફ જઈએ ત્યારે જ મળવાનો હતો. અહીં નાનાં ડિસ્ટન્સમાં શિન્કાન્સેન મોંઘી પડે તેવું હતું. જોકે ત્યાંની સ્થાનિક ટ્રેન પણ એકદમ ચકાચક અને પંક્ચ્યુઅલ હતી.

ટ્રેનમાં ગોઠવાઈને અમે સાથે લાવેલો નાસ્તો ચાલુ કર્યો. થોડું વાંચવાનું, થોડી વાર પોડકાસ્ટ, અને દેખાય ત્યાં સુધી બહાર જોવાનું, કલાક પહેલાં તો ઓડાવારા આવી પણ ગયું. અમે ધાર્યું હતું તેના કરતાં ટ્રેન એકદમ સ્મૂધ નીકળી. ટ્રેનનો મેઇન કન્ડક્ટર જે પણ સીટની દિશામાં લોકોને પીઠ બતાવીને જતો ત્યાં પાછળ ફરીને નમીને ગ્રીટ કરતો. ટ્રેન અને રસ્તામાં જાપાનીઝ નમ્રતા વિષે જેટલું સાંભળ્યું હતું તે બધું નરી આંખે જોવા પણ મળી રહ્યું હતું. ઓડાવારા સ્ટેશન આવતાં જ હિલ સ્ટેશનનો માહોલ આવી ગયો. છેલ્લાં થોડા દિવસો શહેરની મધ્યે વિતાવ્યા હતા, કંટ્રી સાઇડમાં નજર પડે ત્યાં એકાદ-બે પ્લમ બ્લોસમ વૃક્ષો દેખાઈ જતાં. અહીં તો ટ્રેન સ્ટેશનની બંને સાઇડ એટલી ફુરસતથી કંડારીને બનાવેલી હતી કે સ્ટેશન જોઈને જ વેકેશન જેવું ફીલ થવા લાગ્યું હતું. રસ્તાની સાઇડ પર થોડો સ્નો પણ પડેલો દેખાતો હતો. રાત્રે ભરપૂર સ્નો પડેલો, વૃક્ષો પર લદાયેલો સ્નો હવે સવારના તડકામાં ટીપે ટીપે નીચે આવી રહ્યો હતો. અમે એવામાં ઓડાવારાથી હાકોને જતી ટ્રેન લેતાં પહેલાં ટાઉનમાં એક આંટો મારવા નીકળ્યાં.


ઓડાવારા ખરેખર સાબિત થઈ ચૂક્યું હતું કે અહીં હિલ સ્ટેશન જ હતું. છૂટી છવાઈ રેસ્ટોરાં, સુવિનિયર શોપ્સ, સ્થાનિક સ્ટોર્સ અને હોટલ જોઈને થયું કે થોડો સમય તો અહીં પણ વિતાવી શકાય. તેમાંય એક ઓનસેન એટલે કે પારંપરિક જાપાનિઝ સ્પા જોઈને તો લાગ્યું કે હાકોનેના બદલે અહીં જ રાત રોકાવાનું શક્ય હતું. જોકે હાકોને માટે તો હજી વધુ અડધા કલાકની જર્ની બાકી હતી. પ્લાન તો સીધો હાકોને જતી બસ પર ચઢવાનો જ હતો, પણ કોણ જાણે કેમ એવું લાગ્યું કે ઓડાવારાને પણ થોડો ન્યાય આપવો રહ્યો. અને જોતજોતામાં એમ કરવાનો રિવોર્ડ પણ અમને આ નાનકડાં ગામે આપી દીધો. અહીંની શ્રાઇન, કિલ્લો, સ્પાનું વૈવિધ્ય અમારી આંખો સામે હતું. એટલું જ નહીં, અહીં સમરમાં તો મિયૂકી બીચ પર પણ જઈ શકાય તેમ હતું. અમારે હજી સારા વેધરમાં યોગ્ય વ્યુ પોઇન્ટથી ફુજી સાનનો વ્યુ જોવાનો હતો. તે દિશામાં ઓડાવારા હજી અમારો પહેલો પડાવ હતો. અહીં ક્યારેક પાછાં આવીને ઓડાવારા કાસલમાં નિન્જા ગાઇડેડ ટૂર લેવી પડશે. ટ્રાવેલ આમ તો ઘણું શીખવાડે છે, પણ જેટલું વધારે જુઓ એટલું જ વધારે જોવાની ઇચ્છા અને જોવાનાં સ્થળોનું લિસ્ટ પણ મોટું થતું જાય છે. જોકે તે સમયે તો ઓડાવારાથી નીકળીને હવે ફુજી દેખાય ત્યાં સુધી વેધર સાફ રહે તે એક જ ઇચ્છા પર ફોકસ હતું. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# કામણગારી કોલગર્લ પામેલા બોર્ડસ અત્યારે ક્યાં છે?

### આ મોહક ભારતીય સુંદરી અને શસ્ત્રોના ખતરનાક સોદાગર ખાશોગી એટલે ઈન્ટરનેશનલ પોલિટિક્સનું કાતિલ કોકટેલ...એક સમયે એમણે આખી દુનિયા ગજાવી હતી.




ત્યારની ને અત્યારની પામેલા બોર્ડસ



અદનાન ખાશોગી

પામેલા બોર્ડસ.... નવી પેઢીના વાચકોને ખ્યાલ નહિં હોય, પણ જે લોકો એંસી-નેવુંના દાયકાઓ દરમિયાન વિવિધ મેગેઝિન્સ વાંચવા ટેવાયેલા હતા એમની આંખ આ નામ વાંચીને જરૂર ચમકશે.

પામેલા એક હાઈ સોસાયટી ગર્લ હતી. ઇન્ટરનેશનલી હાઈ પ્રોફાઈલ ગણાતા લોકોની પ્રાઈવેટ પાર્ટીમાં પામેલાની હાજરી અચૂક રહેતી. મોટા પદો પર બિરાજતા અનેક વગદાર લોકોના ચહેરા પામેલાને જોઈને ખીલી ઊઠતા. શબ્દો ચોર્યા વિના કહી શકાય કે પામેલા એક હાઈ સોસાયટી કોલ ગર્લ હતી. એની મહત્ત્વાકાંક્ષાએ એને ભારતથી ઊંચકીને આખી દુનિયાની સેર કરાવી. આ ચક્કરમાં એના નામ સાથે એવું મોટું સેક્સ સ્કેન્ડલ જોડાઈ ગયું કે આજે ય કોઈ પોલિટિકલ સ્કેન્ડલની વાત બહાર આવે ત્યારે જાણકારો પામેલા બોર્ડસનું નામ અચૂક યાદ કરે છે.

૧૯૬૨માં ભારત-ચીન યુદ્ધ દરમિયાન રોહતકના એક ગામના વતની મેજર મહિન્દર સિંહ શહીદ થયા. હજી આગલા વર્ષે જ મેજરની પત્નીએ એક દીકરીને જન્મ આપેલો. નામ પાડેલું પામેલા. બાપવિહોણી થઇ ગયેલી પામેલાની જવાબદારી માતા શકુંતલાને શિરે હતી. એની સાથે જીવનનિર્વાહ પણ કરવાનો હતો એટલે શકુંતલાએ ચંડીગઢની સરકારી કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં વોર્ડનની નોકરી સ્વીકારી લીધી. હરિયાણાના તત્કાલીન મુખ્ય પ્રધાન બંસીલાલની દીકરી પણ અહીં જ રહીને ભણતી. એ હિસાબે શકુંતલાની ઓળખાણ બંસીલાલ સાથે થઇ અને એ ઓળખાણના જોરે એને હરિયાણા પબ્લિક કમિશનમાં નોકરી ય મળી ગઈ.

શકુંતલાની કેરિયર તો સેટ થઇ ગઈ, પણ બાપ વિના મોટી થઇ રહેલી ટીનએજ દીકરી હાથમાંથી સરકી રહી હતી. શકુંતલા અને પામેલા વચ્ચે ક્યારેય મનમેળ ન થઇ શક્યો. દિલ્હી ખાતે કોલેજનું ભણતર પૂરું કર્યું ત્યાં સુધીમાં પામેલાએ એક બોલ્ડ છોકરી તરીકેની ઈમેજ બરાબર ઊપસાવી લીધી. અધૂરામાં પૂરું, ૧૯૮૨માં મિસ ઇન્ડિયાની સ્પર્ધામાં ભાગ લઈને એમાં પણ જીતી ગઈ! બોલ્ડ તો હતી જ, એમાં બ્યુટીફૂલનું હક્કપૂર્વકનું લેબલ લાગી ગયું. દુનિયાની તમામ સુખસગવડ પામવા હોય તો એના માટે એક 'શોર્ટકટ' છે એ વાત પામેલા બહુ વહેલી પામી ગયેલી. 'મિસ ઇન્ડિયા'નો ખિતાબ જીત્યા પછી 'મિસ યુનિવર્સ' બનવાને બહાને એ યુરોપ સરકી ગઈ.

યુરોપ-અમેરિકામાં મોડેલિંગનું કામ ચાલતું હતું, પણ પામેલાને ખરો રસ ત્યાંની હાઈસોસાયટીની પાર્ટીઝમાં રહેતો. આવી પાર્ટીમાં સમાજના ઇજ્જતદાર લોકોથી માંડીને ઊલટા-સીધા ધંધા કરનાર ગુનેગારો સાથે પણ મુલાકાતો થતી રહેતી. આ બધામાં એક જ બાબત કોમન એ હતી કે પાર્ટીમાં આવનાર દરેક પાસે ચિક્કાર દોલત હતી. મોડેલિંગના બહાને પામેલાને એક પછી એક દેશોમાં ફરવાનું થયું અને એક પછી એક પુરુષો પામેલાના સંપર્કમાં આવતા ગયા. હેન્રી બોર્ડસ નામના એક સંગીતકાર સાથે એ પરણી ય ગઈ, પણ પામેલા હાઉસવાઈફ બનવા માટે થોડી જન્મી હતી?

દુનિયાના તમામ રંગ જોઈ ચૂકેલી પામેલા કોઈક રીતે ઇંગ્લેન્ડના એક હાઈપ્રોફાઈલ બ્રોથેલ વેશ્યાલય સુધી પહોંચી. યુરોપના ઘણા દેશમાં બ્રોથેલ્સને કાયદાકીય પ્રવૃત્તિ માનવામાં આવે છે અને વગદાર લોકો ય એની 'સર્વિસ' લેતા અચકાતા નથી. પામેલા જ્યાં સર્વિસ આપતી એ બ્રોથેલના કસ્ટમર્સમાં પણ મોટાં મોટાં વગદાર નામ હતાં. પામેલાના જીવનમાં મોજમજા અને મહત્ત્વાકાંક્ષાનું મહત્ત્વ સૌથી વધારે હતું. એણે તમામ સુખ પામી લેવા હતા, જીવનમાં ટોચ સુધી પહોંચવું હતું. જો એણે મનને અંકુશમાં રાખ્યું હોત તો એ બધું જ શક્ય હતું, પણ પામેલા હદ ઓળંગી ગઈ.

મજા અને મહત્ત્વાકાંક્ષા સાથે એક ત્રીજો એન્ગલ પણ ઉમેરાઈ ગયો ષડયંત્ર! રાજકારણમાં આ ત્રણેય શબ્દોના

કોકટેલની કોઈ નવાઈ કોઈ છોછ નથી. પામેલાના ખાસમખાસ 'ચાહકો'માં 'ધ સન્ડે ટાઈમ્સ'ના તત્કાલીન એડિટર એન્ડ્રુ નીલ, 'ધ ઓબ્ઝર્વર'ના તત્કાલીન એડિટર ડોનાલ્ડ ટ્રેલફોર્ડ અને બ્રિટનની એ સમયની કન્ઝર્વેટિવ પાર્ટીની સરકારના મંત્રીનો સમાવેશ થતો હતો. લીબિયાના કર્નલ ગદ્દાફી સાથે ય પામેલાનું અફેર હતું. આ લિસ્ટમાં હજી એક નામ ઉમેરાયું. એ હતું એક સમયે શસ્ત્રોના સોદાગર તરીકે આખી દુનિયામાં પ્રખ્યાત અદનાન ખાશોગીનું. અદનાન અનેક દેશોની સરકારો પર પ્રભુત્વ ધરાવતા હતા. ખાશોગી પોતે રંગીન પાર્ટીઓનો શોખીન હતો, પણ પામેલા એ ખાશોગી સુધી પહોંચી કઈ રીતે? આ પ્રશ્નનો ઉત્તર સાબિત કરે છે કે પામેલાની પહોંચ કઈ કઈ પાવરફુલ લોબી સુધી હતી.

૧૯૯૧માં ખાશોગી ભારત પ્રવાસે આવેલો ત્યારે તત્કાલીન પ્રધાનમંત્રી ચંદ્રશેખરના ભોન્ડસી ખાતે આવેલ ફાર્મ હાઉસ પર રોકાયેલો. અહીં એની મુલાકાત એ સમયના પાવર સેન્ટર ગણાતા ગોડમેન ચંદ્રાસ્વામી સાથે ગોઠવવામાં આવી.

ચંદ્રાસ્વામીએ ખાશોગીને પામેલા સાથે ઓળખાણ કરાવી આપી. પછી તો પામેલાએ ખાશોગી પર એનો એવો જાદુ ચલાવ્યો કે એ ખાશોગીની ખાસ લવર બની ગઈ! જાણકારો ત્યાં સુધી કહે છે કે પામેલા કોની સાથે રહે એ વાતને લઈને એકવાર ખાશોગી અને સાઉદી અરબના એક અમીર વચ્ચે ખાસ્સો તણાવ પેદા થઇ ગયેલો.

પત્રકારો, રાજકારણીઓ, શસ્ત્રોનો સોદાગર અને એક અત્યંત મહત્ત્વાકાંક્ષી વેશ્યા... આંતરરાષ્ટ્રીય સ્તરે આ કોમ્બો બહુ કાતિલ પુરવાર થાય એવી શક્યતાઓ હતી. પામેલા પોતે પણ આ બધું સમજતી હતી એટલે એણે એવા જ પાવરફુલ પુરુષો સાથે સંબંધો વિકસાવ્યા, જે ધનાઢ્ય હોવાની સાથે સાથે પોલિટિકલી પણ પાવરફુલ હોય. બ્રિટનના એક મંત્રી તો પામેલા પર એટલી હદે મહેરબાન હતા કે એમણે બ્રિટનની સંસદમાં અવરજવર કરવા માટે પામેલાને એક વિશેષ પાસ પણ અપાવેલો!

જો કે પામેલાની પડતીની શરૂઆત પણ અહીંથી જ થઇ. પાવર પોલિટિક્સને પોતાના નિયમો હોય છે. ઉદાહરણ તરીકે, આરબ વેપારી ખજૂર વેચે તો એ નોર્મલ બાબત ગણાય, પણ ખજુર પોતે જ જો આરબ વેપારીના સોદા કરવા માંડે તો વહેલામોડું એ ખજૂરની ચટણી બની જ જાય!

કોઈ એક પત્રકારને કોઈક રીતે પામેલાના મોટી હસ્તીઓ સાથેના સુંવાળા સંબંધોની માહિતી મળી ગઈ. પામેલા જે વેશ્યાલયમાં કામ કરતી હતી, એની મેડમે જ એક પત્રકારને સાધીને પોતાના હાઈપ્રોફાઈલ ક્લાયન્ટ્સ વિશેની સ્ટોરી પ્રગટ કરાવી,. એનો હેતુ માત્ર પ્રસિદ્ધિ મેળવવાનો હતો, પણ એમાં પામેલા અને એના પ્રેમીઓની વાત લીક થઇ અને હોબાળો મચી ગયો.

પછી તો બ્રિટનના ટેબ્લોઈડ્સ એમાં બરાબર મરીમસાલો ભરીને છાપવા માંડ્યા. એક વેશ્યાને બ્રિટનની પાર્લામેન્ટમાં બેરોકટોક જવાની પહોંચ ક્યા હિસાબે મળી? અખબારોમાં અનેક પ્રકારની કોન્સ્પીરસી થિયરી છપાવા માંડી. ઘણા માનવા લાગ્યા કે પામેલા પ્રકરણની બદનામીને કારણે બ્રિટિશ ગવર્મેન્ટનું પતન થશે. ઘણાને આની પાછળ મોટું આંતરરાષ્ટ્રીય ષડયંત્ર દેખાતું હતું. એ ઉપરાંત કોઈ એક હાઈ પ્રોફાઈલ કોલગર્લ માનનીય સાંસદો અને શસ્ત્રોના કુખ્યાત સોદાગરોની માનીતી કઈ રીતે હોઈ શકે?

પછી તો પામેલાનું નામ બ્રિટન અને પછી આખી દુનિયામાં ચર્ચાવા માંડ્યું. ભારતીય મીડિયાએ પણ પામેલા બોર્ડસની રંગીન-રોચક કથાઓ પાનાઓ ભરી ભરીને છાપી. એ પછી પામેલા જાહેર જીવનમાંથી સરકીને અચાનક જાણે ભૂગર્ભમાં ઊતરી ગઈ.

દેશ માટે શહીદ થનાર આર્મી ઓફિસરની દીકરી આ રીતે ખોટા માર્ગે જઈને વિશ્વભરમાં વગોવાઈ જાય એ વાત કોઈ ડ્રામાથી કમ નથી. પામેલાનું મજબૂત ભારત કનેક્શન હોવા છતાં કોઈએ એના જીવન પરથી ફિલ્મ કેમ નથી બનાવી એ આશ્ચર્યજનક છે. બધું ગ્લેમર છોડી દીધા પછી આજની તારીખે પામેલા એક સિમ્પલ ફોટોગ્રાફર તરીકે ગોવામાં એકલવાયું જીવન જીવે છે. એ પણ એક ચમત્કાર જ ગણવો પડે. કેમકે ઇંટરનેશનલ પાવર સર્કલ્સમાં આટલા ઊંડે પહોંચ્યા પછી કોઈ કામુક સુંદરી જીવતી પાછી ફરી શકે એ વાત ચમત્કારથી કમ થોડી છે? ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# શું ઉંદર સ્થપતિ છે?






ઘણી ચર્ચા માગી લે તેવો આ પ્રશ્ન છે. એમ જણાય છે કે મોટાભાગના લોકો ઉંદરને સ્થપતિ તરીકે માનવા તૈયાર હશે. તે પોતાનું દર પોતાની રીતે જાતે જ બનાવે છે, તેનો ઉપયોગ પણ કરે છે, અને આ દર તેની દરેક પ્રકારની જરૂરિયાતો સંતોષે પણ છે. અહીં તેને વાતાવરણનાં વિપરીત પરિબળોથી રક્ષણ મળે છે. અહીં શિકારી પશુ-પક્ષીથી પણ તે પોતાની જાતનું રક્ષણ કરી શકે છે. અહીં તેનું કુટુંબ વસે છે, અહીં જ તેનાં સંતાનો ઉછરે છે. ઉપયોગિતાની દ્રષ્ટિએ ઉંદર માટે આ સૌથી અસરકારક આવાસ છે.

આવાસની રચનામાં ઉપયોગિતાનું મહત્ત્વ આમ પણ વધુ છે. આવાસની રચના પાછળના મુખ્ય હેતુમાં જે તે કાર્ય માટેની અનુકૂળતા, પાસેની સામગ્રી - ઉપકરણો - સંપત્તિની સાચવણી તથા વિપરીત પરિસ્થિતિ સામે રક્ષણનો સમાવેશ થાય છે. આ તો આવાસમાં હોવું જ જોઈએ, આટલી બાબતોનો આવાસમાં સમાવેશ થયેલો હોવો જ જોઈએ. ઉંદરના બનાવેલા દરમાં આટલું તો સિદ્ધ થાય છે. પણ એટલું પૂરતું નથી.

આવાસ એ સાધન નથી, એ ચોક્કસ પ્રકારની અભિવ્યક્તિ છે. આવાસમાં વ્યક્તિની દરેક પ્રકારની - ભૌતિક, શારીરિક, માનસિક, આધ્યાત્મિક, સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક, પરંપરાગત - જરૂરિયાતો સંતોષાવી જોઈએ. આવાસ માત્ર ઉપયોગિતા પ્રમાણેનું નિર્ધારણ નથી, તેની સાથે વ્યક્તિત્વ, લાગણીઓ, બુદ્ધિમતા, પરંપરા, મૂલ્યો, પસંદગીનો અગ્રતાક્રમ જેવી બાબતો પણ સંકળાયેલી હોય છે. આવાસમાં આ બધી બાબતોનો સમાવેશ, ઉપયોગિતા સાથે બાંધછોડ કર્યા વગર, કળાત્મક રીતે થઈ શકે તે જોવાનું કામ સ્થપતિનું છે. મજબૂતાઈ અને ઉપયોગિતા સાથે સ્થપતિ સંવેદનાઓ અને વ્યક્તિત્વને આવાસની રચનામાં સાંકળી લે છે. કદાચ ઉંદર પાસે આ પ્રમાણેનું સામર્થ્ય નથી.

જેની ઉપયોગિતામાં યાંત્રિકતા હોય તેને મશીન કહેવાય. પાણી ચઢાવવાનો પંપ મશીન છે, આ પંપ સ્થાપત્યની રચના નથી. જે માત્ર ઉપયોગી છે તેને સાધન કહેવાય, કલાત્મક રચના નહીં. હથોડી સાધન છે, હથોડી સ્થાપત્યની રચના નથી. હથોડી સાથે કોઈપણ પ્રકારની દ્રશ્ય અનુભૂતિ સંકળાયેલી નથી હોતી. હથોડીની રચનામાં સાંસ્કૃતિક પરંપરા પ્રતિબિંબિત નથી થતી. હથોડી વ્યક્તિને ગૌરવ અપાવે તેવી રચના નથી. હથોડીમાં ભાવનાત્મક ખુશી અપાવવાની ક્ષમતા નથી હોતી. આ પરિપ્રેક્ષ્યમાં ઉંદરનું દર સાધન સમાન છે. એ ઉપયોગી છે પરંતુ તેનામાં કલાત્મકતા કે ભવિષ્યની વિચારસરણીને પ્રતિબિંબિત કરવાની ક્ષમતા નથી. જો આ સિદ્ધાંત સ્વીકારવામાં આવે તો, જો આ સત્ય સ્વીકારવામાં આવે તો, ઉંદર સ્થપતિ નથી, માત્ર ખોદકામ કરીને પોતાની પ્રાથમિક અને મૂળભૂત જરૂરિયાત માત્ર સંતોષાય એ પ્રમાણે ખોદાણ કરનાર શ્રમિક છે.

આ પ્રશ્ન પછી પક્ષીઓ માટે પણ પૂછી શકાય, શું પક્ષી સ્થપતિ છે. પક્ષીની બાબતમાં ક્યારેક આ જવાબ હામાં આવી શકે અને ક્યારેક નામાં. કેટલાક પક્ષીઓ માત્ર રહેવા માટેની ગોઠવણ તૈયાર નથી કરતાં, પરંતુ તેમાં કલાત્મકતા અને લાગણીઓ ઉમેરે છે. એ પક્ષીઓ એનું ધ્યાન રાખે છે કે પોતાનો માળો જોવાલાયક હોય, તે માળો તેને ગૌરવ અપાવી શકે તેવો હોય. આવાં પક્ષીઓ પોતાના વ્યક્તિત્વના પ્રતિબિંબ તરીકે, પોતાની પસંદગીની રજૂઆત તરીકે પોતાના માળાને દર્શાવી શકે. આ પક્ષીઓ સ્થપતિ છે.

સ્થાપત્યની પ્રત્યેક રચનામાં આવાસમાં સૌથી વધુ સંવેદનશીલતા વણાયેલી હોવી જોઈએ. અહીં લાગણીઓને પ્રતિનિધિત્વ મળવું જોઈએ, વ્યક્તિત્વનું પ્રતિબિંબ ઝીલાવવું જોઈએ, સામર્થ્યની રજૂઆત થવી જોઈએ, પરંપરા તથા ભૂતકાળને સ્થાન મળવું જોઈએ, વર્તમાન સંતોષાવો જોઈએ, ભવિષ્યના સપનાની વાત થવી જોઈએ, કૌટુંબિક સમીકરણો ઘડાવા જોઈએ, સામાજિક સમીકરણને સ્થાન મળવું જોઈએ, બૌદ્ધિક વિચારધારા વ્યક્ત થવી જોઈએ, પસંદ-નાપસંદ અનુસારની અભિવ્યક્તિ હોવી જોઈએ અને ક્યાંક મૂંઝવણ તો ક્યાંક સ્પષ્ટતા વર્તાવી જોઈએ. આ બધું કરવાની ઉંદરની ક્ષમતા ન હોય.

આવાસની રચનામાં સાથે સાથે ઉષ્માની અનુભૂતિ થવી જોઈએ, પોતાપણાનો ભાવ સ્થાપિત થવો જોઈએ, ગૌરવની અનુભૂતિ થવી જોઈએ, જિંદગીની સરળતા માટે એક પ્રકારનો વિશ્વાસ સ્થાપિત થવો જોઈએ, સરળતાની સાથે સાથે રસ પણ જળવાયેલો હોવો જોઈએ, ચોક્કસ સમયાંતરે થોડા બદલાવની સંભાવના પણ હોવી જોઈએ, કુટુંબની દરેક વ્યક્તિની સંભાવનાઓને અનુરૂપ પરિસ્થિતિ હોવી જોઈએ, ક્યાંક વ્યક્તિગતતા દેખાવી જોઈએ તો ક્યાંક સામૂહિકતા માટે સ્થાન હોવું જોઈએ અને આ બધા સાથે થોડો રોમાંચ, કંઈક આત્મીયતા અને થોડીક અગવડતા પણ જરૂરી છે.

એક રીતે જોતાં આવાસ એ જીવંત અસ્તિત્વ છે. તે પ્રતિભાવ આપે છે અને પ્રતિભાવ ઘડે છે. એ કંપન સ્થાપિત કરે છે અને કંપન ઝીલે છે. તે કુટુંબના સભ્યોના વિકાસમાં મદદરૂપ થાય છે અને સ્વયં પણ વિકાસ પામે છે. આવાસ ધબકે છે અને ધબકારને સાચવે છે. આવાસ એ કંઈ ઈંટ-સિમેન્ટની ગોઠવણી માત્ર નથી, તે તો ધબકતું અસ્તિત્વ છે. આવાસ કંઈ ટેકનોલોજી કે કૌશલ્યનો નમૂનો નથી, તે વિવિધ પ્રકારની ભાવનાનો સરવાળો છે. આવાસ કંઈ ભૌતિક અસ્તિત્વ નથી, કુટુંબ સાથે જોડાયેલ કુટુંબનું સભ્ય છે. આવાસનું આ રીતનું નિર્ધારણ સંવેદનશીલ સ્થપતિ જ કરી શકે. ઉંદરમાં આ પ્રકારની ક્ષમતા હોવાની સંભાવના નથી.

અહીં ઉંદરની વાત નથી કરવાની, આવાસની રચનામાં જે પ્રકારની સંવેદનશીલતા જરૂરી છે તેની વાત કરવાની છે. હકીકત તો એ છે કે આજના સમયે કેટલાક આવાસ ઉંદરના દર સમાન હોય છે. તેમાં પણ ખાસ કરીને ડેવલોપર દ્વારા બનાવેલા આવાસ મહદ્અંશે આ શ્રેણીમાં જ આવે. અહીં માત્ર ઉપયોગિતા સંતોષાતી હોય છે, લાગણીઓ નહીં. અહીં જરૂરિયાતો પર ધ્યાન અપાયું હોય છે, વ્યક્તિગત સંવેદનાઓ પર નહીં. અહીં માત્ર નિર્ધારિત બજેટમાં માળખું ઊભું થઈ જતું હોય છે, તેમાં જીવંતતા નથી પરોવાતી. આ આવાસ દર સમાન હોય છે અને તેના સ્થપતિ ઉંદર સમાન. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# લો, વિદ્યાર્થીઓની પેરોલ પૂરી લ્યો...



આજકાલ વોટસએપ ગ્રંથાલયમાં એક ખોફનાક કિસ્સો ફરે છે. વાંચનારનું હૃદય એક થડકારો ચુકી જાય એવો આ કિસ્સો છે. વાંચો...

અમારી સોસાયટીનો વિશ્વાસ ન આવે એવો કિસ્સો,જેને સાંભળીને તમારા રુંવાડાં ઊભાં થઈ જશે.

એ જાલીમોના હાથ ના ધ્રુજયા. સવારના ૭:૦૦ વાગે માત્ર ૬ વર્ષનો છોકરો જે એટલો સમજદાર પણ ન હતો. એને ત્રણ જણાએ ઘેરી લીધો.

જાણો છો એ કોણ હતાં?? એનો સગો બાપ, એની મા અને એનો સગો ભાઈ...

પહેલાં એને મીઠી મીઠી વાતું કરીને ફોસલાવ્યો. અને પછી...ફળિયાની વચ્ચોવચ દબોચી લીધો. એ હાથ જોડતો રહ્યો- રોતો રહ્યો-કરગરતો રહ્યો. એની ચીસોથી આસમાનને પણ શરમ આવી ગઈ પણ સગા મા - બાપ અને ભાઈએ એની એક પણ ના સાંભળી અને જબરદસ્તી નવડાવી દીધો. પછી નિશાળ રવાના કરી દીધો....

આપણે તો પહેલાં સ્કૂલે જવાની દિલ દગડાઈને કારણે મા-બાપ ઢસડીને શાળાએ મૂકી જતા, પણ બે- ચાર દિવસ પછી મિત્રોને કારણે ઊંધુ થતું, સ્કૂલેથી ઢસડીને ઘરે લાવવા પડે એવું ગોઠી જતું. શાળાએ જવાની મસ્તી અલગ હતી ફરજિયાત કશું જ ન હતું, પરંતુ ધમાલ- મસ્તી કરવા માટે થઈ નિયમિત શાળાએ જવા નીકળતા અને અધિકતમ સમય શાળાએ રહેવાનો પ્રયત્ન કરતા.

અઠવાડિયે એક વાર જ્યારે લેસન ચેક કરવાનું હોય ત્યારે ચુનિયાને અચૂક પેટમાં દુખવા ઊપડતું અને એ ઘરે આરામ કરતો. એ બેંચ પર બેઠો નથી તેનાથી વિશેષ બેંચ પર ઊભો છે. ફૂટપટ્ટી લીટી આંકવામાં નથી વપરાઈ એટલી વાંસામાં ફટકારવા માટે વપરાતી.

ભણતર તો હતું જ પણ સાથે ગણતર પણ મળતું.

મુશ્કેલીમાંથી રસ્તો કેમ કાઢવો તે બાળગોઠિયાઓ સાથે મળી અને વિચારતા અને માસ્તરને ગોટે ચડાવતા. ત્યારના માસ્તરો બાળક સામેથી આવતું હોય કે તરત ઓળખી જતા કે એ શું પ્રવૃત્તિ (કાંડ વાચો! ) કરીને આવ્યું છે. અત્યારના શિક્ષકો પોતાની સાઇકોલોજીમાં ગોથા ખાય છે તો childની psychology ક્યાંથી સમજી શકે?

સ્કૂલ શરૂ થઈ ગઈ છે, પરંતુ હજી કેટલાંક બાળકો સ્કૂલમાં પણ મોબાઈલ ખોલી ને બેસે છે. ભલેને માસ્તર સામે ઊભો ઊભો બરાડા પાડે. ઘણાં બાળકોએ તો ફરિયાદ પણ કરી કે મહેરબાની કરીને અમને શાંતિથી ગેમ રમવા દો... અમને ગેમ રમતાં રમતાં ભણવાની આદત છે.

સ્કૂલ સાથે જોડાયેલા અમુક ધંધાધારીઓ નફો કમાઈ અને ફરવા માટે નીકળી ગયા છે. પરિવારમાં અને મિત્રોમાં ચાર - પાંચ ઉઠેલ પાનિયા હોય તો દરેકને એક સ્કૂલમાં કેમ ગોઠવવા? એટલે તેમાંથી અમુકને સ્કૂલ ડ્રેસની દુકાન તો અમુકને ભણવાની ચોપડીઓની દુકાન કરી દીધી અને નમાલા વાલીઓને ફરજિયાત ત્યાંથી જ બધો માલ સામાન લેવો એવી સૂચના આપી દીધી છે. એટલે એમની કમાણી પૂરી થઈ ગઈ.

આજકાલ એક નવી ચિંતા ઊભી થઈ છે. કોઈ છોકરા - છોકરીઓ નાપાસ જ થતા નથી. બધાને સરસ ટકાવારી આવે છે. દેશને ચિંતા રહે છે કે 'જો, આવું ને આવું રહ્યું તો દેશને ચલાવવાવાળા નેતાઓ, મંત્રીઓ, ધારાસભ્યો, સંસદ સભ્યો ક્યાંથી મળશે?

અત્યારે વિદ્યાર્થીઓને જેટલા ટકા આવે છે તેટલો આપણને તાવ આવતો : ૯૯- ૯૮.૫.... આ દેશને શું થવા બેઠું છે?'

હમણાં અમારા ફ્લેટમાં ઉપરના માળે ધબધબાટી અને રોકકળનો અવાજ આવ્યો. મને મનમાં થયું કે હજુ ગઈકાલે જ છોકરો ૯૦ ટકા લઈ અને પાસ થયો છે એમાં આજે વળી શું થઈ ગયું?

હું દોડતો ઉપર પણ પહોંચ્યો તો તેની મોમ કે'તા મમ્મી છોકરાને મારતી હતી કે 'આટલા ઓછા ટકા કેમ આવ્યા?'

હું વચ્ચે પડ્યો અને ગેરસમજ દૂર કરવાનો પ્રયત્ન કર્યો. મેં કહ્યું : 'તમે માર્કશીટ કદાચ જોઈ નથી... ૯૦ ટકા આવ્યા છે. ગઈકાલ સુધી તમે ખુશ હતા. આખી શેરીમાં જેની સાથે બોલવા વ્યવહાર નહોતા એમના ઘરે પણ કામનું બહાનું કાઢી સમાચાર આપી આવ્યા છો.'

તો પેલા મોમ મને કહે : 'આજે સવારે જ સમાચાર મળ્યા છે કે ઉપરવાળીનો ૯૫ ટકા લઈ આવ્યા છે.'

મને મનમાં થયું કે ઉપરવાળી અને ઉપરવાળો બંને હોશિયાર છે. કૂવામાં હોય તેવું અવેડામાં આવે.

તમારા બે માણસના જેટલા ટકા આવ્યા હતા તેનું ટોટલ કરો તો પણ તમારો ગગો પાંચ ટકા વધારે લઈને આવ્યો છે.

દેખાદેખીમાં પેલી મોમે છોકરાનો વાંસો અને ગાલ લાલ કરી નાખ્યા હતા. દેખાદેખીમાં તો આજકાલના મા -બાપ છોકરાઓ સાથે કેદીઓ જેવો વ્યવહાર કરે છે. સવારે ક્યારે ઊઠશે અને રાત્રે ક્યારે સૂશે ત્યાં સુધીનું ટાઈમ ટેબલ બનાવી દે...યે બડી ના-ઈન્સાફી હૈ... ■

**વિચાર વાયુઃ**

*ભણતર જરૂરી છે તેમાં ના નહીં,*
*પરંતુ ગણતર વગરનું ભણતર ગુલામી કરવાની માનસિકતા ધરાવતું હોય છે.*
*આ ફર્ક પહેલી બેંચ અને છેલ્લી બેંચ વચ્ચેનો છે.*

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# એક ચાલ તારી એક ચાલ મારી!

## દેશ-વિદેશમાં ખેલાતા ગર્વિષ્ઠ અને ગદ્દાર જાસૂસોના ખેલ ખતરનાક અને એ બધા વચ્ચે આલેખાયેલી રાજકીય જાસૂસીની સ્ફોટક કથાઓ વિશે પણ જાણવા જેવું છે

ભારતીય સૈન્યના ‘ઑપરેશન સિંદૂર’ પછી આપણા દેશમાં પ્રસરેલી એક છૂપી જાસૂસી જાળના ભેદી જાળાં બહાર આવ્યા, જેને આપણી ‘રાષ્ટ્રીય જાસૂસી એજન્સી (NSA)’ તથા ‘રો’ એ એકસામટા તોડી પાડ્યાં છે.

એવું નહોતું કે આપણા દુશ્મન દેશનાં આવાં કારનામાની આપણી એજન્સીઓને ખબર નહોતી. એમના પર છૂપી નજર તો હતી જ, માત્ર આપણે અજાણ્યા છીએ એવો ડોળ કરીને ક્યારે એ બધા પર ત્રાટકવું એની જ રાહ જોવાતી હતી અને એમાં પાકિસ્તાન સંચાલિત આતંકવાદીઓએ કાશ્મીરમાં હિંસાનો કાળો કેર વરસાવ્યો એ સાથે જ ‘ઑપરેશન સિંદૂર’નાં પગલે પગલે આપણી ‘નેશનલ સિક્યોરિટી એજન્સી (NSA)’ના માર્ગદર્શન અને સૂચના અનુસાર સ્થાનિક ગુપ્ચર અને પોલીસ ટીમે પાકિસ્તાનના લાભાર્થે દેશ સાથે ગદ્દારી કરતાં એ લોકોને ઝડપી લીધા...

આમાં બહાર આવતી માહિતી મુજબ ‘ટ્રાવેલ વીથ જો’ નામની ટ્રાવેલ એજન્સીની કર્તાહર્તા એવી હરિયાણાની યુટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાની સાથે પંજાબનો જસબીર સિંહ પણ ઝડપાયો છે. આ જસબીર પણ યુટ્યૂબર છે, જે ‘ જાન મહેલ’ ચેનલ પર ૧૧ લાખથી વધુ ફોલોવર્સ ધરાવે છે અને એ પણ જ્યોતિની જેમ ૬ વાર પાકિસ્તાન ‘લટાર’ મારી આવ્યો છે. જ્યોતિ અને જસબીર બન્ને એકમેકનાં સતત સંપર્કમાં હતાં. એ બન્ને પાછા દિલ્હીમાં પાકિસ્તાન હાઈકમિશ્નરના એક વરિષ્ઠ અધિકારી દાનિશના સંપર્કમાં હતાં. જસબીરની ફોનબુકમાં તો ૧૫૦થી વધુ પાકિસ્તાનીના સેલ ફોન નંબર પણ મળ્યા છે !

આ જ્યોતિ અને જસબીર ઉપરાંત પાકિસ્તાન માટે જાસૂસી કરી રહેલાં તારીફ-અર્માન ગઝાલા - ગગનદીપ - રાકિબ - દેવેન્દ્ર સિંહ-સહદેવ ગોહિલને પણ તાજેતરમાં ઝડપી લેવામાં આવ્યા છે. મૂળ ભારતીયો એવા બધાને પોતાની જાસૂસી જાળમાં ફસાવવા માટે પાકિસ્તાનની ખોફનાક જાસૂસી એજન્સી ISIના આકાઓ રૂપયૌવનાની હનીટ્રેપથી લઈને નગદ નાણાં અને બ્લેક મેલિંગની મોડસ ઑપરેન્ડી પણ અપનાવે છે.

જોકે, આપણે અહીં તાજા પકડાયેલા આ દેશદ્રોહીઓની વાત નથી કરવી. આપણે વાત કરવી છે આજે આંતરરાષ્ટ્રીય સ્તરે કેવા કેવા પ્રકારના જાસૂસીના ખેલ ચાલી રહ્યા છે એનો સચોટ એક્સ-રે દર્શાવતી અમુક નમૂનેદાર પુસ્તકોની.

પાંચેક વર્ષ પહેલાં જેમનું અવસાન થયું એવા રાજકીય ષડ્યંત્ર અને જાસૂસીકથાના બેતાજ બાદશાહ સમા બ્રિટિશ આઈરીશ લેખક જહોન લા કારે (ખરો ઉચ્ચાર : જોહન લુહ કારાય !)એ ડિપ્લોમેટ માટે એક તદ્દન યર્થાથ વ્યાખ્યા આપી હતી. એ કહેતા: ‘અર્ધો જાસૂસ અર્ધો પત્રકાર બરાબર એક રાજદૂત..!’ બીજા શબ્દોમાં આ ત્રણેયની ખૂબી જેની પાસે હોય એ સારો પત્રકાર એલચી કે પછી અચ્છો જાસૂસ બની શકે!


અંગ્રેજીમાં જેને ‘એસ્પિઅનાઝ’ (espionage) કહે છે એ પ્રકારની બે દેશ વચ્ચે ખેલાતી રાજકીય જાસૂસી રમતની કથા આલેખવામાં જહોન લા કારે લા-જવાબ હતા. ખાસ કરીને, અમેરિકા- રશિયા વચ્ચે ૧૯૪૭થી ૧૯૯૧ના ‘કોલ્ડ વૉર’ વખતે એ બે દેશ વચ્ચે ચાલતી ખાનગી જાસૂસી રમતને કલ્પનાના રંગ આપીને ‘ધ સ્પાય હુ કેઈમ ફ્રોમ કોલ્ડ ’, ‘સ્માઈલી’સ પિપલ ‘ધ કોન્સ્ટન્ટ ગાર્ડનર’ જેવી કેટલીક અફલાતૂન નવલકથા જહોને લખી હતી. એ કથાની રજૂઆત એટલી બધી વાસ્તવિક રહેતી કે વાચકો તો ઠીક, શાસકોને પણ લાગતું કે જહોન લા કારે ખુદ ખાનગીમાં ગુપ્ચર સેવા સાથે સંકળાયેલા છે..!


હકીકતમાં એવું ન હતું. હા, રાજકીય જાસૂસી કરતા બે-ત્રણ ગુપ્તચર તથા બે-ચાર રાજદૂતો સાથે એમનાં અંગત સંબંધ સારા. એમની પાસેથી મળતી બાતમી-માહિતીમાં પોતાની આગવી કલ્પનાઓ ઊમેરી એવી કથા રજૂ કરતાં કે એ ‘સ્પાઈ માસ્ટર’ તરીકે પંકાઈ ગયા હતા.


આજે સિનારિયો પલટાયો છે. લેખક જહોન લા કારેના સમયમાં લખાતી જાસૂસકથા જેવી હવે કોલ્ડ વૉર કે શીત યુદ્ધની સ્પાઈ ગેમ ખેલાતી નથી. ડિજિટલ યુગના આગમન સાથે સાયબરના પાતાળલોકમાં થતાં યુદ્ધ નિરાળાં છે.


બે દેશ (જરૂરી નથી કે બન્ને વચ્ચે દુશ્મનાવટ હોય!) એક બીજાની આર્થિક-લશ્કરી તાકાતનો ક્યાસ કાઢવા એકબીજા પર આવી ગુપ્તચરગીરી કરતા રહે છે. આવી કામગીરી માટે એમને ભૂતપૂર્વ રાજદૂત કે અનુભવી પત્રકારનોય સાથ મળતો રહે છે. અલબત્ત, આવાં કામ માટે જે-તે શાસન તરફથી એમને તગડું ‘મહેનતાણું’ પણ મળે છે.


-તો બીજી તરફ, કેટલાંક એવા પણ પત્રકારો છે, જે કોઈ પણ શાસકના હાથો બન્યા વગર જાતમહેનતે ઈન્વેસ્ટિગેટ કરીને -ચીવટભરી તપાસ કરીને- સ્ફોટક માહિતી મેળવે છે. પાછળથી એમનાં છૂટક અહેવાલો પુસ્તકરૂપે પ્રગટ થાય છે ત્યારે વાચકોને ઘણી બધી અજાણી વાતો જાણવા મળે છે અને શાસક વર્ગમાં પણ અંદરખાને સળવળાટ જાગે છે.



પાકિસ્તાન પોતાની ધરતી પર આતંકવાદીઓને પાળી-પંપાળીને તાલીમ આપીને ભારતમાં ‘નિકાસ’ કરવા માટે વખોડાયેલું છે. આ હકીકત-વાસ્તવિકતા ધ્યાનમાં રાખીને આ ક્ષેત્રના અનુભવી એવાં પત્રકારો-જાસૂસો દ્વારા ત્રણ-ચાર પુસ્તક લખાયાં છે, જેની આંતરરાષ્ટ્રીય ફલક પર એની વિશેષ નોંધ લેવાઈ છે.

આમાંનું એક પુસ્તક છે: ‘ટેરર ઈન ઈસ્લામાબાદ’. એક ભારતીય પત્રકાર અમર ભૂષણ લિખિત આ પુસ્તકમાં પાકિસ્તાની ખુફિયા એજન્સી ISI (આઈએસઆઈ- ઈન્ટર સર્વિસીસ ઈન્ટેલિજન્સ) કેવી નિર્મમ -નિર્દયી છે એના કેટલાંક કિસ્સા ટાંક્યા છે. ખાસ વિદેશોમાં કામ કરતી આપણી જાસૂસી એજન્સી ‘RAW' (રિસર્ચ એન્ડ ઍનાલિસિસ વિંગ)ના એક ભારતીય એજન્ટનું ‘આઈએસઆઈ’ દ્વારા અપહરણ થયું પછી એનાં પર થયેલાં શારીરિક-માનસિક અત્યાચાર ઉપરાંત ‘આઈસી’ના બીજાં કાળાં કારનામાઓની વાત અહીં કાલ્પિનક પાત્રો દ્વારા નવલકથારૂપે રજૂ કરવામાં આવી છે. કારણ એ જ કે એ પત્રકાર-લેખકને આ બધી બાતમી-માહિતી આપનારા એકથી વધુ શખસની ખરી ઓળખ છતી ન થાય..

અહીં વિધિની વક્રતા એ છે કે આ પુસ્તકના લેખક અમર ભૂષણ ખુદ એક તબક્કે આપણા ‘રો’ માં જોબ કરતા હતા. એ વખતે એમના હાથમાંથી જ દુશ્મન તરફી એક શંકાસ્પદ ભારતીય એજન્ટ આબાદ છટકી ગયો હતો!

આ ઘટનાને લઈને ‘રો’ ની જોબ છોડ્યા પછી અમર ભૂષણે ‘એસ્કેપ ટુ નોવેર’ નામે નવલકથા પણ લખી હતી..એમની બન્ને કથામાંથી વાચકોને સ્પષ્ટ જાણવા મળે છે કે આપણા ‘રો’ના એજન્ટસ અને આપણા વિદેશ ખાતાના સરકારી બાબુઓ વચ્ચે જોઈતો મનમેળ નથી. આવા આંતરિક કલહના કારણે પાકિસ્તાનની ISI સામે આપણા ‘રો’ની કામગીરી હંમેશાં નબળી પૂરવાર થઈ છે.

આતંકના જથ્થાબંધ વેપારી જેવા પાકિસ્તાનના આકાઓ અને એના પગારદાર આદમીઓ પોતાના દેશ અને દેશની બહાર જાસૂસીની કેવી ગેમ રમે છે એનો ચિતાર આપતાં હજુ એક પુસ્તકે બધાનું ધ્યાન ખેંચ્યું છે. એમાં પણ સાચી વાત-ઘટનાઓને વાર્તા સ્વરૂપે પેશ કરવામાં આવી છે. ‘ઑનર એમોન્ગ સ્પાઈસ’ લખ્યું છે પાકિસ્તાનની કાવાદાવા-જાસૂસી કરતી બદનામ છતાં બહુ પાવરફૂલ એજન્સીના ISI-આઈએસઆઈના રિટાયર્ડ ચીફ અસદ દુરાનીએ.. અનેક વિવાદ પછી નિવૃત થયેલા દુરાનીમિયાંએ અહીં પાકિસ્તાની ગુપ્તચર જગતની અનેક ખાનગી વાત એનાં પાત્રો પાસે છતી કરાવી છે. ખાસ કરીને, પાકિસ્તાનમાં લપાયેલા ઓસામા બિન લાદેનની અત્યંત ગુપ્ત માહિતી પાકિસ્તાનના કયા વરિષ્ઠ આર્મી ઑફિસરોએ અમેરિકાની લશ્કરી ટુકડીને પહોંચાડી અને એ ત્રાટકી ત્યારે એના હેલિકોપ્ટર્સ રડારમાં ન આવે એ રીતે પાકિસ્તાની લશ્કરે પોતાની આખી આર્મી સિસ્ટમ કઈ રીતે કામચલાઉ ખોરવી નાખવી, વગેરે,વગેરેની ગોઠવણ કરી હતી. અલબત્ત, આ ‘મદદ’ બદલ પાકિસ્તાનના ટોચના શાસકો અને લશ્કરી અધિકારીઓને કરોડો ડોલરની ‘ગિફ્ટ’ પહોંચી હતી!

આવી બધી સ્ફોટક અને રોચક માહિતી ‘ઑનર એમોન્ગ સ્પાઈસ’ નવલકથામાં આપવામાં આવી છે.

જો કે, આ બન્ને પુસ્તક કરતાંય સૌથી વધુ ચર્ચા અને વિવાદ જગાડ્યો છે : ‘ધ સ્પાઈ ક્રોનિક્લસ’ નામના પુસ્તકે, કારણ કે પુસ્તકના જોડિયા લેખકનાં નામ જ જબરાં ચકચાર જગાડનારાં છે. એક લેખક છે આપણી જાસૂસી વીંગ ‘રો’ના નિવૃત વડા એ.એસ. દુલાત અને બીજા છે પાકિસ્તાનની જાસૂસી એજન્સી ISIના રિટાયર્ડ ચીફ અસદ દુરાની..!

ભારત-પાક જેવા પાડોશી છતાં એકમેકના કટ્ટર વિરોધી દેશની જાસૂસી સંસ્થાના વડા સામસામા થવાને બદલે બન્ને સાથે બેસીને એક પુસ્તક લખે એ જ આખી દુનિયા માટે અવાક થઈ જવા જેવી અભૂતપૂર્વ ઘટના હતી. દુશ્મન એવા બે દેશના આવા બે નિવૃત ચીફને ઈસ્લામાબાદ-બેંગકોક -કાઠમાંડુમાં એકઠા કરીને આ પુસ્તક લખવા માટે તૈયાર કરવાનો શ્રેય જાય છે અન્ય એક અનુભવી પત્રકાર આદિત્ય સિંહાને.. આ પુસ્તકમાં બન્ને અનુભવી ચીફે એકબીજા સામે સ્પાઈ ગેમ રમવાની વાત બાજુએ મૂકીને બન્ને દેશ અને એની પ્રજાને પજવતા ઈસ્લામિક ત્રાસવાદ-કાશ્મીર- ધર્માંધ વૈરી હુમલાને કેમ નિવારવાની ચર્ચા કરી છે. એ જ રીતે, ક્રિકેટ- બોલિવૂડ- કળા-સાંસ્કૃતિક પ્રવૃતિઓ કઈ રીતે વિકસાવીને બન્ને દેશની પ્રજાને વધુ નજીક કઈ રીતે આણવી એની ચર્ચા-વિચારણા પણ થઈ. બીજા શબ્દોમાં આ પુસ્તક દ્વારા સમજૂતીનો એક સેતુ તૈયાર કરવાનો સંનિષ્ઠ પ્રયાસ થયો.

ભવિષ્યની વાત ભવિષ્યમાં, પણ આ પુસ્તક પ્રગટ થયાં પછી આપણા ‘રો’ના દુલાતજીને કોઈ સરકારી નડતર આવ્યું નથી, પણ ISIના દુરાની મિયાં પર પાકિસ્તાની શાસકો ખરેખર બગડ્યા હતા..હજુ પણ અનેક ખુલાસા એમની પાસેથી માગવામાં આવી રહ્યા છે. પરિણામે, અસદ દુરાનીએ એક વધુ નવલકથા લખવાની શરૂ કરી, જેમાં એમની સ્પાઈ એજન્સીના વધુ ભાંડા ફોડી દેવાની ત્યાંના શાસકોને ચીમકી પણ આપી છે! ■

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# ‘ખ’ ખરીદીનો ‘ખ’... ભીતરથી કોતરતી કલા



ઘણીવાર એમ થાય કે સાલો, આપણો આ જન્મ ફક્ત ખરીદીઓ કરવા ને બિલ ભરવા માટે જ થયો છે! આપણે માણસ છીએ પણ માણસના રૂપમાં ગ્રાહક બની રહેવા માટે શાપિત લોકો છીએ. જ્યારથી સમજણા થયા, ત્યારથી સતત કંઈક ને કંઈક ખરીદી જ રહ્યા છીએ ને લાગે છે કે ખરીદી કરતાં કરતાં જ આપણો જીવ ‘આત્મ’ નામની ચકલીની જેમ ઊડી જશે ને કદી પાછો નહીં આવે. પછી એક સાવ સાદું કફન ખરીદવામાં આવશે ને એ આપણને ઓઢાડવામાં આવશે. એ કફન સાદું સફેદ હશે. એના પર કંઇ ફૂલ, પાન, ચાંદ, તારા, પતંગિયું, પક્ષી જેવી ડિઝાઇન કે એની કિનારી પર ઝૂલ લગાડેલી નહીં હોય. ત્યારે કોઈ નહીં કહે કે ‘અરેરે..આ કેવું સાવ કચરા જેવું કફન છે? ના તો એના પર બોર્ડર લગાડેલી છે કે ના તો એમાં રંગબેરંગી ડિઝાઇન છે..! ’

એ દિવસે આપણે ખરીદીની શાપિત જાદૂઈ કળાથી મુક્ત થઈશું, જે આપણને સતત ૨૪ કલાક ઘરાક બનવા માટે મજબૂર કરે છે.

આ ખરીદીકલા ક્યાં નથી? દરેક સડેલી વસ્તુ પર સુંદર લેબલ ચોંટાડેલું હોય છે, ખરાબ ફિલ્મોના પોસ્ટર આકર્ષક હોય છે, નકામી સંસ્થાઓ એમની સુંદર ઇમારતો માટે પ્રખ્યાત છે ને બોરિંગ માણસના ઘરમાં સુંદર ચિત્રો ટાંગેલાં હોય છે, જે આપણને મોહિત કરે છે. જે કંટાળાજનક શબ્દોનાં ગણગણાટને કોઈ સાંભળતું નથી, પણ એ ગીતના સૂરસંગીતની ધમાલ સાથે બને ત્યારે પોપ્યુલર છે.

આ જ સંસ્કૃતિ છે, આ જ કળા છે જેમાં આપણે સૌ ફસાયા. તમે ખરીદીની મારફાડ માર્કેટિંગ કલાથી બચીને ક્યાં જશો! લોકો કપડાને નહીં, પણ એનો રંગ કે મજબૂતાઈ જુએ છે. લોકો ખોપડીને નહીં પણ એની ઝુલ્ફોનાં શણગારને જુએ છે.

એકવાર મારી પત્ની દુકાનમાં બંગડીઓ ખરીદતી હતી. મને લાગ્યું કે મારું જીવન અહીં જ ઊભા ઊભા વીતી જશે પણ વાઇફ બહાર નહીં આવે. સ્ત્રીના જીવનમાં મેચિંગ રંગની બંગડીઓની શોધ બહુ અગત્યની હોય છે, જે સતત હંમેશાં ચાલુ જ રહે છે. બંગડી એક કલા છે ને જીવનમાં કલાએ ક્યાં ક્યાં કાણાં નથી પાડ્યાં?

મૂળા ને ગાજરની, ખીચડીથી લઇને ડાઇનિંગ ટેબલની સજાવટમાં વેજ સલાડ સુધીની એમની જીવનયાત્રા કેટલી કલાત્મક છે! એ જ મૂળા ને ગાજર, કોણ કયા ખેતરમાંથી આવ્યાં, પણ જો સજાવટનો આધુનિક ટ્રેન્ડ ન હોત તો કોણ એમને પૂછત? આજે ડાઇનિંગ ટેબલની હાલત એવી છે કે મૂળા, ગાજર, ટામેટા ને બીટરૂટની ગોળ કાતરી સાથે સલાડ જ્યારે પાંદડાઓનો લીલો દુપટ્ટો ઓઢીને બેઠું હોય ત્યારે જ આપણું મન ખીલી ઊઠે છે. આ માર્કેટિંગ છે, બાપુ!

કલા જે કરે એટલું ઓછું.. એક વાર મેં કોઇને પૂછ્યું, ‘કઈ જલેબી સારી હોય?’ એણે કહ્યું, ‘નાની.’ આ છે જીવન પર કલાનો પ્રભાવ! અરે, જલેબી બધી જ મીઠી હોય,

ચાસણી જલેબીનો આત્મા છે, પણ ના, પેલાએ કહ્યું- ‘નાની જલેબી.’

ઇન શોર્ટ, આકાર અસર કરે કે ડિઝાઇન આપણી જીભને અસર કરે છે. વાત લખાણમાં નથી, પણ હાંસિયામાં છે. પ્રેમપત્રો લખાય છે, જગ્યા છોડી દેવામાં આવે છે જેથી અક્ષરો ખીલે ને વાંચી શકાય, પણ મન કહે છે કે હાંસિયા પણ ભરી નાખીએ, જ્યાં જગ્યા બાકી હોય, ત્યાં દિલની વાત કહી દઈએ પણ અહીં કલા આડી આવે છે. પ્રેમપત્ર છોડો. મારે કોઇનું દેવું ચૂકવાનું બાકી છે, પણ એ ભાઈ એટલો સુંદર પત્ર લખે કે ક્યારેક મને પૈસા ચૂકવવાનું મન થઈ આવે! કલાનો આદર કરવો આપણી પરંપરા છે. આખી જિંદગી કલા માટે પૈસા ચૂકવવામાં વિતી ગઈ તો પેલાનાં કેમ નહીં?.

મેક-અપ એવો જ માર્કેટિંગનો મોર્ચો છે. એકવાર દુકાનમાં જોયું કે લિપસ્ટિક હવે અનેક રંગોમાં મળે છે. જે સ્ત્રીઓ એ બધીને હોઠ પર ઘસે છે, એ ગજબ છે. હું નસીબદાર છું કે હું સ્ત્રી નથી. પણ એનાથી શું? એક સજ્જન મને કહી રહ્યા હતા કે મેં જે શર્ટ પહેર્યું છે એના કોલરની ફેશન આજકાલ આઉટ ઓફ ડેટ થઈ ગઈ છે. કેટલી વિચિત્ર વાત છે કે શર્ટ જૂનું નથી થયું, પણ કોલર ‘આઉટ ઓફ ડેટ’ છે!

મેં એને પૂછ્યું, ‘હવે શર્ટનું શું કરું?’

પેલાએ કહ્યું, ‘એને સાચવીને રાખી મૂકો, આ ફેશન ફરી પાછી આવશે.’

એમણે સાચું કહ્યું. ભવિષ્યમાં ચોક્કસ એવું થશે. મારા પિતાજી જો આજે જીવતા હોત, તો એ પુરુષોની ફેશનમાં મોખરે હોત. એમના સમયમાં, પહોળી ટાઈની ફેશન હતી. આજે એ જ ફેશન પાછી આવી છે અને પાછા ફરેલા મિત્રની જેમ આપણને ભેટી પડી છે. બૌદ્ધ સાધુઓના શરીર પરનું ચાદર જેવું કેસરી રંગનું વસ્ત્ર, જે ગઈ કાલ સુધી ફક્ત સાધુ-સંતોની મિલકત હતી, હવે તો એ દરેક નેતાનો પ્રિય રંગ બની ગયો છે.

માણસની રુચિ બહુ ઉદાર બની રહી છે. કલા તરીકે એને શું ગમશે એ કહેવું મુશ્કેલ છે. નક્કામી સૂક્કી ડાળીઓ ડ્રોઇંગરૂમમાં સજાવટની આઇટમ બની ગઈ છે, ગરીબ લોકોની લુંગી આધુનિકતાનું પ્રતીક બની ગઈ છે, કમર ખુલી ગઈ ને સાડીઓ નાભિ દેખાય એવી વિચિત્ર સ્ટાઇલમાં પહેરાવા લાગી છે. આજકાલ માણસની દ્રષ્ટિ સાંકડી થતી જાય છે પણ ચશ્માં મોટા થઈ રહ્યા છે!

હું આ ફેશન અને માર્કેટિંગની દોડમાં નથી. હું જે પેન્ટ પહેરું છું તે કાઉબોય જેવા નથી. જોકે એ એટલા જૂના પણ નથી કે એમની મોરી પહોળી હોય, છતાં હું ચિંતિત છું. વળી મને મારા ઘરમાં કેક્ટસનો અફસોસ છે. મેં સાંભળ્યું છે કે આજકાલ કેક્ટસથી સજાવટ કરવાનો રિવાજ નથી. મેં ઘણા બધા ભેગા કરી નાખ્યા છે. કેક્ટસ નવી કલા અને આધુનિકતાનું પ્રતીક હતાં. પણ હવે એ બધા કેક્ટસ ઘરની પાછળ એક ખૂણામાં તરછોડાયેલા પડ્યા છે ને હું એમને ફેંકી શકતો નથી કારણકે જો એમની ફેશન પાછી આવે તો?

**ઈન શોર્ટ:**

***માર્કેટ, ખરીદી અને બજાર આપણને ચલાવે છે. આપણે ખરીદી નથી કરતા, બજાર આપણને ખરીદે છે.*** ■

વિશેષ
મનોજ પ્રકાશ
feedback@bombaysamachar.com

# આતંકવાદથી ડર્યા... પર્યટક ટુરિઝમ સંકટમાં

પહલગામમાં આતંકવાદીઓએ કરેલા નરસંહારને પગલે પર્યટન ઉદ્યોગ હચમચી ગયો છે. ટુરિઝમથી ગુજરાન ચલાવનારા જ નહીં, પરંતુ શોખીન સહેલાણી અને દેશની નીતિ આગળ વધારનારા રાજનેતા પણ ડરેલા-સમસમી ગયેલા છે. પહલગામથી શરૂ થયેલો આ ભય ચારધામ યાત્રા અને કૈલાશ યાત્રામાં જ નહીં, પરંતુ હંમેશા જ્યાં ભીડ જોવા મળે છે એ નૈનીતાલ, સિમલા અને મનાલી જેવા સદાબહાર ટુરિસ્ટ પ્લેસમાં પણ સહેલાણી દેખાતા નથી. આતંકવાદને લીધે કડક બનાવવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થા અને ઝડતીની માઠી અસર સામાન્ય ટુરિસ્ટ પર પડી છે.

સરકાર સુરક્ષા ગમે એટલી જડબેસલાક બનાવે, સહેલાણીને ગમે એટલી સુવિધા આપે, પરંતુ સહેલાણીના મનમાંથી એવો ડર નાબૂદ થયો નથી કે કોઈ અનિચ્છનીય ઘટના બનશે. જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઉમર અબ્દુલ્લાએ કબૂલાત કરી હતી કે કાશ્મીર વેલીમાં ટુરિઝમ ઉદ્યોગ સંપૂર્ણપણે ભાંગી પડ્યો છે.અમે અમરનાથ યાત્રા પછી પાટા પર પ્રવાસન ઉદ્યોગ લાવીશું. આનો અર્થ એ થયો કે ઉમર પણ કહી શક્યા નહીં કે પરિસ્થિતિ પૂર્વવત થઈ છે. હકીકત એ છે કે પહલગામ પહેલાં આતંકવાદીઓએ પર્યટક-શ્રદ્ધાળુ પર કદી હુમલો કર્યો નથી. સહેલાણીઓમાં ગભરાટ એટલો પેસી ગયો છે કે તેઓ પર્વત તરફ જોઈ પણ શકતા નથી. આ જ કારણ છે કે ચારધામ યાત્રામાં પહેલા જેટલી ભીડ નથી. અહીં સહેલાણીની સંખ્યા દસ ટકા ઘટી છે. બીજા ટુરિસ્ટ સિટીમાં પહેલાં તો ભયંકર ભીડ જોવા મળતી હતી, પરંતુ ત્યાં પણ ભીડ નથી. કાશ્મીરના યુવાનો કહે છે કે અમારે પથ્થરબાજી નથી કરવી, અમારે કામ જોઈએ છે. હવે બાળકોનું વેકેશન પડ્યું છે અને મેદાન પ્રદેશમાં ગરમી વધી ગઈ છે તો પણ પર્યટન સ્થળોમાં ટુરિસ્ટોની સંખ્યા ઓછી જ છે. જે વેપારીઓની રોજીરોટી મે-જૂન મહિનાની કમાણીથી ચાલે છે એ લોકો એમ કહી રહ્યા છે કે ટુરિસ્ટોમાં જોશ નથી.



આતંકવાદીને તેમનાં કુકર્મોની સજા જરૂર મળશે, પરંતુ આતંકવાદીઓએ ટુરિઝમ ઉદ્યોગને મોટો ફટકો માર્યો છે.

હવે પર્યટકોનો ડર કેવી રીતે કઢાય એ સવાલ બધાની સામે છે. મનોચિકિત્સક કહે છે કે સહેલાણી એમ વિચારે કે કોઈ દુર્ઘટના નહીં થાય. તેઓ કહે છે કે ‘આનંદ’ ફિલ્મના સદાબહાર ડાયલોગ આપણને જીવન જીવવાનું શીખવાડે છે. આમાં રાજેશ ખન્ના કહે છે કે ‘જિંદગી અને મરણ ઉપરવાળાના હાથમાં છે. જહાંપનાહ આને ન તો તમે બદલાવી શકશો અને ન હું, આપણે બધા રંગમંચની કઠપૂતળી છીએ જેની દોર ઉપરવાલાના હાથમાં છે. કોણ કેવી રીતે ઉઠાવે એ કોઈ જાણતું નથી.’

ટુરિઝમ એક્સપર્ટે કહ્યું હતું કે તમે એવી વસ્તુઓ કરો જેથી તમે કમ્ફર્ટ ઝોનથી બહાર આવો. ધીરે ધીરે એક્સપોઝર વધારો જેથી તમારી અસહજતા, ડર, ચિંતા અને પરેશાનાની ભાવના જતી રહે. આ એવી મનોવૈજ્ઞાનિક થેરપી છે કે જે તમને ડરનો સામનો કરવામાં મદદ કરે છે. ડરથી બચવા યોગમાં ઘણાં આસનો છે જે તમને ઘરની બહાર રીલેક્સ કરી શકે.

ટુરિઝમ એક્સપર્ટ માને છે કે ડર તો છે પરંતુ પહલગામની ઘટનાએ ફેલાવ્યો એટલો ન હોવો જોઈએ. તેઓ કહે છે કે સહેલાણી એ જગ્યા પર જાય જેની સુરક્ષા વ્યવસ્થા અંગે તેમને ખાતરી હોય. સામૂહિક યાત્રા આનો એક ઉપાય છે. ટુર ઓપરેટર અને સ્થાનિક મિત્ર-કુટુંબીજનનો સંપર્ક કરવાથી તેમનો ડર ઓછો થશે. સકારાત્મક વિચાર, સંગીતનો આનંદ, પ્રકૃતિથી નિકટતાથી અને પર્યટક સાથીદારોથી વાતચીતથી સહેલાણીમાં ડર ગાયબ થઈ જાય.

દેશમાં યાત્રા દરમિયાન ડરની ટકાવારી કેટલી છે એના પર થોડી ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. આની સાથે સુરક્ષા વ્યવસ્થા, આતંકવાદી સમર્થક દેશોથી છેટું અને બહેતર પર્યટક વ્યવસ્થાને પણ ધ્યાનમાં રાખવો જોઈએ જેથી ભયમુક્ત યાત્રા થાય. પાકિસ્તાનને સમર્થન દેનારા તુર્કી અને અજરબૈજાન જેવા દેશોના બહિષ્કારથી પણ આતંકવાદની કમર તોડી શકાશે.

પર્યટકોમાં રહેલો ડર દૂર કરવાનો એક જ ઉપાય છે કે નવાં પર્યટક સ્થળોનો વિકાસ કરવો. જમ્મુ અને કાશ્મીરના ચાર ડઝનથી વધારે પર્યટક સ્થળો સુરક્ષા એજન્સીઓની સલાહથી કેન્દ્ર સરકારે પ્રતિબંધિત કર્યા છે. આવામાં નવા પર્યટન સ્થળોનો વિકાસ જરૂરી છે. હાલનાં વર્ષોમાં આદિ કૈલાશ-ઓમ પર્વત નવા ધાર્મિક સ્થળ બન્યાં છે. આસામના ચરાઈદેવ મોઈરદામ જેવા પર્યટક સ્થળોના રૂપમાં સામે આવ્યા છે. જે ધાર્મિક, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક આનંદ આપે છે. કેન્દ્ર સરકારે હવે બીજા બે ડઝન સ્થળોને પર્યટક સ્થળો તરીકે વિકસાવવાનું નક્કી કર્યું છે. સહેલાણી ડરી ગયા છે, પરંતુ સાવધાનીથી સ્થળની પસંદગી કરવી જોઈએ જેથી સિદ્ધ થશે કે ડરની આગળ જીત છે. ■

# ઈરાન-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધથી ચિંતિત ભારત, બંન્ને પક્ષોને તણાવ ઘટાડવાનો કર્યો આગ્રહ

નવી દિલ્હીઃ ઇરાન અને ઈઝરાયલ વચ્ચેના લશ્કરી સંઘર્ષને લઇને ભારતે ચિંતા વ્યક્ત કરી હતી. ભારતે શુક્રવારે કહ્યું કે તે ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના તાજેતરના સંઘર્ષને લઇને ખૂબ જ ચિંતિત છે અને પરિસ્થિતિ પર ‘નજર’ રાખી રહ્યું છે. ભારતે બંને દેશોને તણાવ વધારનારા કોઈપણ પગલાં ન ભરવા વિનંતી કરી છે.

વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું હતું કે ક્ષેત્રમાં રહેતા તમામ ભારતીય નાગરિકોને સાવધાની રાખવા, સુરક્ષિત રહેવા અને સ્થાનિક સુરક્ષા સૂચનોનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતા તણાવ વચ્ચે વિદેશ મંત્રાલયે આ નિવેદન જાહેર કર્યું છે.

રિપોર્ટ અનુસાર, ઈઝરાયલે ઈરાનમાં અનેક સ્થળોએ હુમલાઓ કર્યા હતા જેમાં પરમાણુ સંવર્ધન કેન્દ્રોનો પણ સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીએ પણ આ વાતની પુષ્ટી કરી છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “અમે ઈરાન અને ઇઝરાયલ વચ્ચેના તાજેતરના ઘટનાક્રમ પર ઊંડી ચિંતા વ્યક્ત કરીએ છીએ. અમે પરમાણુ સ્થળો પર હુમલાના અહેવાલો સહિત તમામ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ.”

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ભારતે ‘બંને પક્ષોને તણાવ વધારવાના કોઈપણ પગલાંથી દૂર રહેવા’ વિનંતી કરી હતી. વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ‘તણાવ ઘટાડવા માટે રાજદ્વારી અને વાતચીતના માધ્યમોનો ઉપયોગ કરવો જોઈએ.’

ભારતે ભાર મૂક્યો છે કે તે બંને દેશો સાથે ‘નજીકના અને મૈત્રીપૂર્ણ સંબંધો’ જાળવી રાખે છે અને તણાવ ઘટાડવા માટે ‘તમામ શક્ય સહાય કરવા તૈયાર’ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘બંને દેશોમાં અમારા મિશન ભારતીય સમુદાયના સંપર્કમાં છે. પ્રદેશમાં રહેતા તમામ ભારતીય નાગરિકોને સતર્ક રહેવા, સુરક્ષિત રહેવા અને સ્થાનિક સુરક્ષા સૂચનોનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે.’ ■



**ધૂળનું તોફાનઃ** ગુરુગ્રામમાં શુક્રવારે ધૂળની ડમરીઓ ઊડતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. (પીટીઆઇ)

# પાકિસ્તાને ઈરાન પર ઇઝરાયલી હુમલાને વખોડ્યું

ઇસ્લામાબાદઃ પાકિસ્તાને શુક્રવારે ઇરાન પર ઇઝરાયલના હુમલાની આકરા શબ્દોમાં નિંદા કરતાં તેને ‘અયોગ્ય’ ગણાવ્યો હતો.

નોંધનીય છે કે ઇઝરાયલે શુક્રવારે વહેલી સવારે ઇરાનની રાજધાની પર હુમલો કર્યો હતો. જેનો ઉદ્દેશ્ય દેશના પરમાણુ કાર્યક્રમને નિશાન બનાવવાનો હતો. આ હુમલામાં મુખ્ય લશ્કરી કમાન્ડર અને પરમાણુ વૈજ્ઞાનિકોના મોત નીપજ્યા હતા.

પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું કે ઇઝરાયલી લશ્કરી હુમલાઓ ઇરાનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કરે છે. તેમજ આ સ્પષ્ટપણે સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાના મૂળભૂત સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે. વિદેશ કાર્યાલયે જણાવ્યું કે પાકિસ્તાન ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઇરાન સામે ઇઝરાયલ દ્વારા કરવામાં આવેલા ગેરવાજબી અને ગેરકાયદેસર આક્રમણની સખત નિંદા કરે છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે ઇરાનને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરની કલમ ૫૧ હેઠળ સ્વ-બચાવનો અધિકાર છે. ઇઝરાયલને માન્યતા ન આપનાર પાકિસ્તાને કહ્યું કે તે ઇરાનના લોકો સાથે સંપૂર્ણ એકતામાં ઊભું છે. તેમજ આ સ્પષ્ટ ઉશ્કેરણીજનક કાર્યવાહીની નિંદા કરે છે. જે સમગ્ર પ્રદેશ અને તેનાથી આગળ શાંતિ, સુરક્ષા અને સ્થિરતા માટે ગંભીર ખતરો છે અને તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે.

તેણે આંતરરાષ્ટ્રીય સમુદાય અને સંયુક્ત રાષ્ટ્રને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા, આ આક્રમણને તાત્કલિક રોકવા અને હુમલાખોરને તેના કાર્યો માટે જવાબદાર ઠેરવવાની જવાબદારી નિભાવવાની વિનંતી કરી છે. ■

# આસામમાં ૬.૫ કરોડ રૂપિયાના ડ્રગ્સ સાથે પાંચની ધરપકડ

ગુવાહાટીઃ આસામના શ્રીભૂમિ જિલ્લામાં ૬.૫ કરોડ રૂપિયાના ડ્રગ્સ સાથે પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ જાણકારી રાજ્યના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમાએ આપી હતી.

મુખ્ય પ્રધાનના જણાવ્યા અનુસાર પોલીસે મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરતા વોટરબોન્ડ વિસ્તારમાંથી ૪૪,૦૦૦ યાબા ગોળીઓ જપ્ત કરી હતી. તેમ જ આ મામલે પાંચ શંકાસ્પદ દાણચોરોની ધરપકડ કરવામાં આવી છે. સરમાએ પોલીસને ઓપરેશનની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે ગુરુવારના રોજ એક્સ પર જણાવ્યું હતું કે જરૂરી કાયદાકીય પ્રક્રિયાઓ પહેલાથી જ શરૂ કરી દેવામાં આવી છે. યાબાનો થાઇ ભાષામાં અર્થ ‘ક્રેઝી મેડિસિન’ થાય છે. તેમાં મેથામ્ફેટામાઇન હોવાથી તે પ્રતિબંધિત છે. તેમાં નિયંત્રિત પદાર્થો અધિનિયમ હેઠળ શેડ્યુલ ટુ પદાર્થ અને કેફીન હોય છે. ■

# એલઆઈસીએ એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાના પીડિતો માટે દાવાની પતાવટ પ્રક્રિયા હળવી કરી

નવી દિલ્હીઃ ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી) એ શુક્રવારે જણાવ્યું હતું કે તેણે એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાના પીડિતો માટે દાવાની પતાવટ પ્રક્રિયા હળવી કરી છે અને પ્રક્રિયાને ઝડપી પણ બનાવી છે.

નિગમે કહ્યું કે તે વિમાન દુર્ઘટનામાં અસરગ્રસ્ત લોકોને ટેકો આપવા માટે પ્રતિબદ્ધ છે અને પીડિતો માટે દાવાની પતાવટ ઝડપી બનાવશે.

‘એલઆઈસીએ એલઆઈસી પોલિસીના દાવેદારોની મુશ્કેલીઓ ઘટાડવા માટે ઘણી છૂટછાટોની જાહેરાત કરી છે. મૃત્યુ પ્રમાણપત્રના બદલે, વિમાન દુર્ઘટનાને કારણે પોલિસીધારકના મૃત્યુના સરકારી રેકોર્ડમાં કોઈપણ પુરાવા અથવા કેન્દ્ર/રાજ્ય સરકાર/એરલાઇન સત્તાવાળાઓ દ્વારા ચૂકવવામાં આવતા કોઈપણ વળતરને મૃત્યુના પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે,’ એમ વીમા કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

દાવેદારો સુધી પહોંચીને અસરગ્રસ્ત પરિવારોને દાવાની ઝડપથી પતાવટ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે, એમ વીમા કંપનીએ જણાવ્યું હતું.

વધુ સહાય માટે, દાવેદારો એલઆઈસીની નજીકની શાખા અથવા વિભાગનો સંપર્ક કરી શકે છે, એમ તેમણે જણાવ્યું હતું.

દાવેદારો એલઆઈસીના કોલ સેન્ટર ૦૨૨-૬૮૨૭૬૮૨૭ પર પણ કોલ કરી શકે છે.

દરમિયાન, બજાજ આલિયાન્ઝ લાઇફ ઇન્સ્યોરન્સે એમ કહ્યું હતું કે તેણે આ દુર્ઘટનાને કારણે પ્રભાવિત થયેલા તેના ગ્રાહકો માટે મૃત્યુ અને અપંગતાના દાવાઓની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવા માટે એક સમર્પિત ખાસ દાવા સમાધાન ડેસ્કની સ્થાપના કરી છે.

બજાજ આલિયાન્ઝ લાઇફ ઇન્સ્યોરન્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ પોલિસી દાવાઓનો ઝડપી નિકાલ કરવા માટે અત્યંત તાકીદ સાથે એક ઝડપી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અકસ્માતથી પ્રભાવિત તેના પોલિસીધારકોના પરિવારોને મદદ કરવા માટે ખાસ પગલાં લેવામાં આવ્યા છે. પ્રક્રિયાને સરળ બનાવવા માટે, બજાજ આલિયાન્ઝે ન્યૂનતમ દસ્તાવેજીકરણ પ્રક્રિયાની યાદી આપી છે જે નોમિની, કાનૂની વારસદારો અથવા પોલિસીધારકોએ તેમના દાવાઓની પ્રક્રિયા કરવા માટે સબમિટ કરવાની જરૂર છે, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# પંજાબમાં સરહદ પારથી ડ્રગ દાણચોરી રેકેટનો પર્દાફાશ

ચંદીગઢઃ પંજાબની એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે બે દાણચોરોની ધરપકડ કરીને તેમની પાસેથી ૪.૫ કિલો હેરોઇન અને ૧૧ લાખ રૂપિયાની કિંમતની ડ્રગ મની જપ્ત કરીને સરહદ પારથી ડ્રગ દાણચોરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે.

પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવના જણાવ્યા અનુસાર નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ એફઆઇઆર નોંધવામાં આવી છે. તેમજ સમગ્ર નેટવર્કની ભાળ મેળવવા માટે તપાસ ચાલી રહી છે. યાદવે એક્સ પર જણાવ્યું કે એક મોટી સફળતામાં બોર્ડર રેન્જ અમૃતસરના એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ(એએનટીએફ)એ સરહદ પારથી ડ્રગ્સની દાણચોરી કરતી ગેંગનો પર્દાફાશ કરીને બે દાણચોર ગુરભેજ સિંહ અને અભિજીત સિંહની ધરપકડ કરી છે. તેમ જ ૪.૫ કિલો હેરોઇન અને ૧૧ લાખ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે.

ડીજીપીએ જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ગુરભેજ પાકિસ્તાનસ્થિત દાણચોર રાણા સાથે સીધો સંપર્કમાં છે અને માલની ડિલિવરીનું સંકલન કરે છે. બંને આરોપીઓ હેરોઇન વેચવાનો પ્રયાસ કરતી વખતે ઝડપાયા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે પંજાબ પોલીસ પાકિસ્તાન પ્રાયોજિત નાર્કો-આતંકવાદી નેટવર્કની કરોડરજ્જુ તોડવા અને ડ્રગ મુક્ત પંજાબ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. ■

# વિમાન દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને અનેક રાજકીય પક્ષનાં કાર્યક્રમો રદ

લખનઊઃ અમદાવાદમાં એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને ભાજપ અને કોંગ્રેસે શુક્રવારે યોજાનાર તેમના તમામ કાર્યક્રમો રદ કર્યા છે, એમ પાર્ટીના નેતાઓએ જણાવ્યું હતું. “અમદાવાદમાં એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને ૧૩ જૂને યોજાનાર ભાજપના તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે. ૧૨ જૂનના કેટલાક કાર્યક્રમો પણ રદ કરવામાં આવ્યા હતાં,” એમ ઉત્તર પ્રદેશ ભાજપ પ્રમુખ ભૂપેન્દ્ર સિંહ ચૌધરીએ જણાવ્યું હતું.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે અમદાવાદમાં થયેલા દુઃખદ વિમાન દુર્ઘટનામાં ૨૪૧ મુસાફરો અને ક્રુ સભ્યોના મોત બાદ શુક્રવારે યોજાનાર તેમના તમામ જાહેર કાર્યક્રમો રદ કર્યા હતા.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અજય રાયે જણાવ્યું હતું કે કોંગ્રેસના તમામ કાર્યક્રમો “રદ કરવામાં આવ્યા છે અને તેમને ‘શ્રદ્ધાંજલિ સભા’માં બદલી નાખવામાં આવ્યા છે.”

સમાજવાદી પાર્ટીએ પીડિતો પ્રત્યે આદર દર્શાવવા માટે આગામી ત્રણ દિવસ માટે પાર્ટીના કાર્યક્રમો સ્થગિત કરવાની પણ જાહેરાત કરી હતી. ■

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ચીલો | કંજૂસ |
| ચીવટ | કપડાનો કટકો |
| ચીર | રિવાજ |
| ચિર | પરવા |
| ચિંગુસ | લાંબો વખત |

## ઓળખાણ પડી?




આપણી તાકાત ગણાતા બ્રહ્મોસ મિસાઈલનું પહેલું પરીક્ષણ ૨૦૦૧માં થયું હતું. ભારતે કોના સહયોગમાં તૈયાર કર્યું હતું?

અ) જર્મની  બ) ઈઝરાયલ  ક) રશિયા  ડ) ચેક રિપબ્લિક

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ વા | ૩ ર | ૪ ન | વા | ૫ ર | ■ | ૬ આ | ડ | ૭ શે |
| ૮ થ | ડ | કા | ર | ■ | ૯ ચે | ૧૦ ચ | ક | ■ | તા |
| વા | ■ | ૧૧ સ | મ | ૧૨ ન | ■ | ૧૩ મ | ળો | ■ | નિ |
| ■ | ૧૪ હ | ■ | ૧૫ ગ | જ | ■ | ત્કા | ■ | ૧૬ વ | ચ |
| ૧૭ મૂ | જી | ■ | ૧૮ ર | મ | ■ | ૧૯ રિ | યા | સ | ત |
| ળ | ■ | ૨૦ હ | મ | ■ | ૨૧ પા | ક | ■ | ન | ■ |
| ૨૨ ભૂ | ૨૩ ત | લ | ■ | ૨૪ આ | ર | ■ | ૨૫ મા | ■ | ૨૬ ગુ |
| ૨૭ ત | બ | ક | ■ | તુ | ■ | ૨૮ પ | ણ | ■ | ને |
| ■ | ડ | ■ | ૨૯ આ | ર | પા | ર | ■ | ૩૦ ના | ગા |
| ૩૧ એ | ક | વિ | ધ | તા | ■ | ૩૨ શૂ | ર | વી | ર |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ૫ |
| | ■ | | ■ | ૬ | | ■ | | ■ | |
| ૭ | | | ■ | | ■ | ૮ | | ૯ | |
| | ■ | ■ | ૧૦ | | ૧૧ | | ■ | | ■ |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | | ■ | ૧૫ | | ૧૬ |
| ■ | ૧૭ | ૧૮ | ■ | | ■ | ૧૯ | | ■ | |
| ૨૦ | | | ■ | ૨૧ | ૨૨ | | ■ | ૨૩ | |
| | ■ | ૨૪ | | ■ | ૨૫ | | ૨૬ | ■ | |
| ૨૭ | | | ■ | ૨૮ | | ■ | ૨૯ | ૩૦ | ■ |
| | ■ | ૩૧ | | | ■ | ૩૨ | | | |

### આડી ચાવી

૧. ખાસિયત (૪)
૩. ગભરાટ, ક્ષોભ, કોલાહલ (૫)
૬. કરવત (૨)
૭. પાકો બાંધેલો રસ્તો (૩)
૮. ઝબકારો, ચમક, કંપારી (૪)
૧૦. ખગોળશાસ્ત્રી ઋષી (૪)
૧૨. નિશાન, ઉદ્દેશ, ધ્યાન (૨)
૧૪. છાપરાની પાંખો (૩)
૧૫. કારણ, સબબ (હિ.) (૩)
૧૭. માલસામાન, ધન (૨)
૧૯. કૃષ્ણનું સુદર્શન-જાણીતું છે (૨)
૨૦. પુસ્તક, ચોપડી (હિ) (૩)
૨૧. વાંક, ગુનો (૩)
૨૩. અદૃશ્ય (૨)
૨૪. બીક (૨)
૨૫. શિવાજીની --- તલવાર (૩) (જો.છૂ.)
૨૭. મહેફિલો. જયાફતો (બ.વ.) (૩)
૨૮. રસ્તો (૨)
૨૯. ઘા (૨)
૩૧. ઝંઝટ, મુસીબત, આફત (૩)
૩૨. કાર્યમાં કુશળ (૪)

### ઊભી ચાવી

૧. વિકાસોન્મુખ (૫)
૨. છનો સમૂહ (૩)
૩. સાચી (૨)
૪. ભ્રાંતિ, વહેમ, રહસ્ય (૩)
૫. ટીકા, ટિપ્પણી (૩)
૬. હેરતઅંગેજ (૬)
૮. --- મંગની પટ બ્યાહ (૨)
૯. મૃત્યુ પછીની વિધિ (૩)
૧૦. --- કહેવાય પ્રેમ (૨)
૧૧. ભમ્મર, આંખની ઉપરનો ભાગ (૨)
૧૩. યોગ્યતા, ગુંજાશ, સમર્થતા (૩)
૧૫. વાંકુ (૨)
૧૬. જડબું (૪)
૧૮. તુરંત (૫)
૧૯. તમારી અક્કલ --- ગઇ છે? (૩)
૨૦. પાત્ર (૪)
૨૨. બહાદુર લડવૈયો (૩)
૨૬. નિવારી શકાય એવું (૩)
૨૮. એક કઠોળ (૨)
૩૦. બાતલ (૨)

## ગુજરાત મોરી મોરી રે

સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રતિષ્ઠિત ગણાય છે. આ સન્માન મેળવનારા પ્રથમ ગુજરાતી સર્જક કોણ હતા એ જાણો છો?

અ) ઉમાશંકર જોશી  બ) મહાદેવ દેસાઈ
ક) રાજેન્દ્ર શાહ  ડ) નિરંજન ભગત

## જાણવા જેવું

સાગરની હેઠળ કેટલાક એવા જીવો વસે છે, એનાં દર્શન કરવાં એ એક અજાયબી છે. સાગર હેઠળની દુનિયાની ઘણી હકીકતો બહાર આવી છે અને તે છતાં સાગર હેઠળનો ભેદ હજુયે એમ ને એમ પડ્યો છે. ગેબી દુનિયાની ઘણી વાતો આપણને જાણવા નથી મળી.

## સુડોકુ-૯૦૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૪ | ૨ | | | | ૧ | |
| ૮ | | | ૩ | | | | | |
| | ૨ | ૩ | | | ૪ | ૬ | | |
| | ૪ | | | | | ૩ | | |
| | ૬ | | ૮ | ૫ | ૩ | | ૭ | |
| | | ૨ | | | | | ૯ | |
| | | ૬ | ૧ | | | ૭ | ૨ | |
| | | | | | ૬ | | | ૮ |
| | ૮ | | | | ૭ | ૪ | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૬ | ૩ | ૨ | ૧ | ૭ | ૯ | ૪ |
| ૯ | ૪ | ૧ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૩ |
| ૭ | ૨ | ૩ | ૫ | ૪ | ૯ | ૮ | ૧ | ૬ |
| ૫ | ૭ | ૨ | ૧ | ૮ | ૩ | ૪ | ૬ | ૯ |
| ૬ | ૯ | ૮ | ૨ | ૫ | ૪ | ૩ | ૭ | ૧ |
| ૧ | ૩ | ૪ | ૬ | ૯ | ૭ | ૨ | ૮ | ૫ |
| ૨ | ૧ | ૯ | ૭ | ૩ | ૫ | ૬ | ૪ | ૮ |
| ૪ | ૮ | ૫ | ૯ | ૬ | ૨ | ૧ | ૩ | ૭ |
| ૩ | ૬ | ૭ | ૪ | ૧ | ૮ | ૯ | ૫ | ૨ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

વિશ્વમાં જ્વાળામુખીની - વોલ્કેનોની સંખ્યા હજારોમાં જાય છે. કયા દેશમાં સૌથી વધુ સક્રિય જ્વાળામુખી છે એ જણાવો.

અ) જાપાન  બ) ચીલી
ક) ઈન્ડોનેશિયા  ડ) સુદાન

## નોંધી રાખો

જીવનની સફરની સડકો - રસ્તા તો સીધા અને સરળ જ હોય છે. મનના વળાંકો જ તમને નડીને મુશ્કેલી ઊભી કરે છે.

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨, ૭, ૧૬, ૨૯, ૪૬, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૪૬ પછી કઈ સંખ્યા આવે?

અ) ૫૮  બ) ૬૧
ક) ૬૭  ડ) ૭૧

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ભાનુ | સૂરજ |
| શશાંક | ચંદ્ર |
| વ્યોમ | આકાશ |
| નક્ષત્ર | તારકપુંજ |
| ઉલ્કા | ખરતો તારો |

ઓળખાણ પડી: APACHE

માઈન્ડ ગેમ: ૯૩

ગુજરાત મોરી મોરી રે: તળાજા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: બેહરીન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) નીતા દેસાઈ (૬) ખુશરૂ કાપડિયા (૭) નુતન વિપીન શાહ (૮) લજિતા ખોના (૯) પુષ્પા પટેલ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મહેશ દોશી (૧૪) નિખિલ બંગાળી (૧૫) તાહેર ઔરંગાબાદવાલ (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) અમીશી બંગાળી (૧૯) પ્રવીણ વોરા (૨૦) મુલરાજ કપૂર (૨૧) મહેશ એન. સંઘવી (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભાવના કર્વે (૨૫) અંબરીષ ઓઝા (૨૬) અરવિંદ કામદાર (૨૭) જગદીશ ઠક્કર (૨૮) અલકા વાણી (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) વિણા સંપટ (૩૧) દિપીકા દોશી (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) હિના દલાલ (૩૫) રમેશ દલાલ (૩૬) ડાયના સંતોકે (૩૭) નિતિન જયંતિલાલ બજરિયા (૩૮) પુષ્પા ખોના (૩૯) કિશોર બી. સંઘરાજકા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) નયના ગિરીશ દોષી (૪૩) ધીરેન ઉદેશી (૪૪) ગીતા ઉદેશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ડો. પ્રકશ કટકિયા

# મિડલ-ઇસ્ટનું ટેન્શનઃ ભારે અફડાતફડી બાદ સેન્સેક્સમાં ૫૭૩ પોઇન્ટની જોરદાર પછડાટ, નિફ્ટી ૨૪,૭૫૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઇઝરાયલે આખરે જ અટકળોને સાચી પાડતાં ઇરાન પર ભયાનક મિસાઇલ હુમલો શરૂ કરી દીધો હોવાથી મધ્યપૂર્વમાં વદેલી તંગદીલી વચ્ચે સેન્સેક્સમાં ૧૩૦૦ પોઇન્ટની જોરદાર પછડાટ જોવા મળી હતી અને નિફ્ટી ૨૪,૭૫૦ની નીચે સરકી ગયો હતો. સેન્સેક્સ ૮૧,૬૯૨ પોઇન્ટના પાછલા બંધ સામે ૧૨૬૫ પોઇન્ટની જોરદાર પછડાટ સાથે ૮૦૪૨૭.૮૧ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ સવારના જ સત્રમાં ૧૩૩૭ પોઇન્ટના તોતિંગ કડાકા સાથે ૮૦,૩૫૫ પોઇન્ટની બાવન સપ્તાહની નીચી સપાટીએ પટકાયો હતો.

સત્રને અંતે સેન્સેક્સ ૫૭૩.૩૮ પોઇન્ટ અથવા તો ૦.૭૦ ટકાના મોટા ગાબડાં સાથે ૮૧,૧૧૮.૬૦ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૧૬૯.૬૦ પોઇન્ટ અથવા તો ૦.૬૮ ટકાના મોટા ગાબડાં સાથે ૨૪,૭૧૮.૬૦ની સપાટીએ સ્થિર થયો હતો.

ઈરાન પર ઈઝરાયલના મિસાઈલ હુમલાથી ભારે ઉથલપાથલ મચી ગઈ હોવાને કારણે શેરબજારમાં તીવ્ર કડાકો બોલાયો અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. ઈરાનની પરમાણુ સુવિધાઓને નિશાન બનાવીને કરવામાં આવેલા આ હુમલાથી મધ્ય પૂર્વમાં તણાવ તીવ્રપણે વધી જવાને કારણે રોકાણકારોએ સોના અને સરકારી બોન્ડ જેવી સેફ હેવન એસેટ તરફ દોડ લગવી હતી. પુરવઠામાં વિક્ષેપ અને ઈરાન તરફથી સંભવિત પ્રતિહુમલાાની ચિંતાએ બજારની અસ્થિરતાને વધુ વેગ આપ્યો હોવાથી બજારમાં વ્યાપક વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

શુક્રવારે ભારતીય શેરબજારમાં કામકાજની શરૂઆત જ ભયાનક પછડાટ સાથે થઇ હતી. ઇઝરાયલ દ્વારા ઇરાન પર લશ્કરી હુમલાઓ શરૂ થઇ ગયા હોવાને કારણે ખખડી ગયેલા મોરલ વચ્ચે એશિયન બજારોમાં તીવ્ર પીછેહઠ જોવા મળી હતી. આ લશ્કરી અથડામણને કારણે ક્રૂડ ઓઇલ સમૃદ્ધ મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તંગદીલીમાં ઝડપી વધારો થયો હતો.

અદાણી પોર્ટસ, આઇટીસી, સ્ટેટ બેન્ક, ઇન્ડસઇન્ડ બેન્ક, એચડીએફસી બેન્ક, ટાઇટન, કોટક મહિન્દ્રા બેન્ક અને અલ્ટ્રાટ્રેક સિમેન્ટ ટોપ લુઝર રહ્યા હતા. જ્યારે સેન્સેક્સના શેરોમાં ટેક મહિન્દ્રા, ટાટા કન્લ્ટન્સી સર્વિસીસ, સન ફાર્મા અને મારુતિ સુઝુકી સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૭.૪૪ ટકાના ઉછાળા સાથે બેરલદીઠ ૭૪.૫૨ ડોલર બોલાયું હતું.

એરિસઇન્ફ્રા સોલ્યુશન્સ રૂ. ૪૯૯.૬૦ કરોડના જાહેર ભરણા સાથે ૧૮ જૂન, ૨૦૨૫ના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે અને સબ્સક્રિપ્શન ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૩ જૂન, ૨૦૨૫ના રોજ ફાઇનલ થવાની અપેક્ષા છે અને બીએસઇ તથા એનએસઇ પરે તેની લિસ્ટિંગ તારીખ ૨૫ જૂન, ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૧૦થી રૂ. ૨૨૨ પ્રતિ શેર નક્કી થઇ છે. અપર બેન્ડને આધારે કંપનીનું વેલ્યુએશન રૂ. ૧૮૦૦ કરોડ જેવું થાય છે.

ક્રૂડ ઓઇલના ભાવ ઉછાળાને કારણે ભારત પેટ્રોકેમિકલ કોર્પોરેશનના શેરમાં ૬.૧૧ ટકાનો, હિંદુસ્તાન પેટ્રોકેમિકલ કોર્પોરેશનના શેરમાં ૫.૩૪ ટકાનો અને ઇન્ડિયન ઓલિ કોર્પોરેશનમાં ૩.૧૯ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. સ્પાઇસ જેટના શેરમાં ૫.૬૪ ટકા અને ઇન્ટરગ્લોબલ એવિએશનના શેરમાં ૫.૬૨ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. એલઆઇસી ઓફ ઇન્ડિયાએ ગુરુવારે અમદાવાદ ખાતે થયેલી વિનાશખ વિમાન દૂર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના સગાઓને રાહત અને વીમાના દાવાના ઝડપી નિકાલ માટે ડેથ સર્ટિફિકેટ સહિતની કેટલીક છૂટછાટ જાહેર કરી છે, જે વિમાનના મુસાફરો ઉપરાંત અકસ્માતને કારણે મૃત્યુ પામેલા તમામને ઉપલબ્ધ થશે.

ઓટોમેટેડ રોબોટિક લાઇન્સ તેમજ કસ્ટમ ઓટોમેશન સોલ્યુશન્સ ડિઝાઇનર અને મેન્યૂફેક્ચરર, પાટિલ ઓટોમેશન લિમિટેડ ૧૬ જૂને ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇઝ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૧૪થી રૂ. ૧૨૦ છે. લોટ સાઇઝ ૧,૨૦૦ શેરની છે. ભંડોળનો ઉપયોગ નવા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની સ્થાપના, ઉધારની ચુકવણી અને મૂડી ખર્ચ માટે કરવામાં આવશે. ભરણું ૧૮ જૂન, ૨૦૨૫ના રોજ બંધ થશે.



એશિયાઇ બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઇનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા. યુરોપના શેરબજારો નીચા મથાળે ટ્રેડ થઇ રહ્યાં હતાં. અમેરિકાના બજારો ગુરુવારે પોઝિટિવ ઝોનમાં બંધ થયા હતા. શુક્રવારે મૂડીબજારમાં પ્રવેશેલા ઓલવાલ પમ્પનો આઇપીઓ પહેલા દિવસે ૧૭ ટકા ભરાયો હતો. રેયઝાન સોલારે રૂ. ૧૫૦૦ કરોડના આઇપીઓ માટે સેબીને દસ્તાવેજ સુપરત કર્યા છે. વિશ્લેષકોને કોર્પોરેટ સેક્ટરના નાણાકીય પરિણામો નબળા રહેવાની આશંકા છે. કોર્પોરેટ ઈન્ડિયાના તાજેતરમાં માર્ચ ૨૦૨૫ના અંતના ચોથા ત્રિમાસિકના નાણાકીય પરિણામો એકંદર સારી વૃદ્ધિના જાહેર થવા છતાં સમીક્ષકો ચાલુ પૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે સાવચેતી સાથે વૃદ્ધિના અંદાજો ઘટાડીને મૂકવા લાગ્યા છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં ટેક મહિન્દ્ર ૧.૦૨ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૩૮ ટકા અને સન ફાર્મા ૦.૧૦ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે અદાણી પોર્ટ્સ ૨.૭૧ ટકા, આઈટીસી ૧.૬૭ ટકા, સ્ટેટ બેન્ક ૧.૬૪ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૫૯ ટકા, એચડીએફસી બેન્ક ૧.૧૫ ટકા, ટાઈટન ૦.૯૫ ટકા કોટક બેન્ક ૦.૮૫ ટકા, રિલાયન્સ ૦.૮૩ ટકા, પાવર ગ્રીડ ૦.૮૧ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૭૯ ટકા ઘટ્યા હતા.

કોર્પોરેટ હલચલમાં રિલાયન્સે બ્લોકડીલમાં એશિયન પેઇન્ટ્સના રૂ. ૭૭૦૩ કરોડના શેર વેચ્યા છે. અંબર એન્ટરપ્રાઇસ નોઇડાના ઇલેક્ટ્રોનિક્સ પ્લાન્ટમાં રૂ. ૬૦૦૦ કરોડનું રોકાણ કરશે. એનસીએલટીએ આઇનોક્સ વિન્ડ એનર્જી અને આઇવનોક્સ વિનડના મર્જરને મંજૂરી આપી છે. જાહેર ક્ષેત્રની ઇરેડિઆએ ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યુશનલ પ્લેસમેન્ટ મારફત રૂ. ૨૦૦૦ કરોડ એકત્ર કર્યા છે. મિન્ડા કોર્પે ઓટોમોટીવ સ્વીચીસ માટે જાપાનીઝ કંપની ટોયોડેન્સો સાથે જોઇન્ટ વેન્ચર સ્થાપ્યું છે. નઝારા ટેકનોલોજીમાં રેખા ઝુનઝુનવાલાએ પોતાનો લગભગ ૫૦ ટકા હિસ્સો ઓપન માર્કેટ સેલમાં વેચીને ૩.૬૦ ટકા સ્ટેક રાખ્યો છે. ટાટા મોટર્સ ૨૦૩૦ સુધીમાં સાત નવા મોડલ સહિતના પ્રોડક્ટ લોન્ચ માટે રૂ. ૩૩,૦૦૦ કરોડથી રૂ. ૩૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે.

સુઝલોન એનર્જીમાં પ્રમોટર્સ ફેમીલી બલ્ક ડીલમાં ૧.૪૫ ટકા હિસ્સો વેચશે. ઇલેક્ટ્રિસિટ ડેરિવેટીવ્ઝ માટે એમસીએક્સને સેબીની મંજૂરી મળી છે. અદાણી જૂથે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કરવેરાની ચૂકવણી માટે રૂ. ૭૫,૦૦૦ કરોડનો અંદાજ જાહેર કર્યો છે. સ્ટેટ બેન્કે સરકારને ૨૦૨૫ માટે ડિવિડંડ પેટે રૂ. ૮૦૭૬.૮૪ કરોડની ચૂકવણી કરી છે. વેદાંતા રૂ. ૫૦૦૦ કરોડના એનસીડી ફંડનો ઉપયોગ હાઇ કોસ્ટ ડેટ ઘટાડીને રૂ. ૩૫૦ કરોડનો વ્યાજ ખર્ચ બચાવવા માટે કરશે. સેઇલે પાછલા વર્ષે અંદાજે રૂ. ૭૫૦ કરોડનું કરજ ઘટાડ્યું છે. સેન્ટ્રલ બેન્કે રૂ. ૫૭ કરોડના રોકાણ સાથે ફ્યુચર જેનરાલી ઇન્ડિયા લાઇફ ઇન્સ્યુરન્સનો ૨૫.૧૮ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે.

શેરબજારમાં ભયાનક અફડાતફડી અને સાર્વત્રિક વેચવાલી વચ્ચે રિયલ્ટી અને હેલ્થકેર સલામત રહ્યાં હોવાથી સેક્ટરલ ઈન્ડાયસીસમાં માત્ર રિયલ્ટી અને હેલ્થકેર ઈન્ડેક્સ વધ્યા હતા, જ્યારે સર્વિસીસ અને બેન્કેક્સ સૌથી અધિક ઘટ્યા હતા. માર્કેટ કેપ રૂ. ૨.૧ લાખ કરોડ ઘટ્યું હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૩૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૦ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૧ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સની ૪ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૬ સ્ક્રિપ્સ ઘટી હતી.

શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૧,૧૧૮.૬૦ના બંધથી ૫૭૩.૩૮ પોઈન્ટ્સ (૦.૭૦ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૦,૪૨૭.૮૧ ખૂલીને ઊંચામાં ૮૦,૪૨૭.૮૧ સુધી અને નીચામાં ૮૦,૩૫૪.૫૯ સુધી જઈને અંતે ૮૧,૧૧૮.૬૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૪૯.૪૭ લાખ કરોડથી રૂ. ૨.૧ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૭.૩૭ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ રિયલ્ટી ૦.૧૩ ટકા અને હેલ્થકેર ૦.૦૮ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે સર્વિસીસ ૨.૦૬ ટકા, બેન્કેક્સ ૧.૦૧ ટકા, એફએમસીજી ૦.૯૪ ટકા, યુટિલિટીઝ ૦.૯૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૮૫ ટકા, મેટલ ૦.૮૧ ટકા, પાવર ૦.૭૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૬૭ ટકા, એનર્જી ૦.૬૩ ટકા, કોમોડિટીઝ ૦.૫૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૫૭ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪૯ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૪ ટકા અને ઓટો ૦.૩૩ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૧૨૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૫૧૬ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૬૯ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૩૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૮૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૭ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૨૦૯ સ્ટોક્સને ઉપલી જ્યારે ૨૦૬ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૦૯.૦૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૫૩૦ સોદામાં ૧,૯૦૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૬,૮૧,૨૭૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૫૧,૪૨,૧૪૩.૭૪ કરોડનું રહ્યું હતું.

# ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતી અને ક્રૂડતેલના ભાવ ઉછળતા રૂપિયો ૫૯ પૈસા ગબડ્યો

મુંબઈઃ ઈઝરાયલના લશ્કરે ઈરાનનાં ન્યૂક્લિયરના મથકો પર હવાઈ હુમલા કર્યાનાં અહેવાલો સાથે મધ્ય પૂર્વનાં દેશોમાં તણાવમાં વધારો થવાની ભીતિ સપાટી પર આવી હતી અને આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં સાત ટકા કરતાં વધુ માત્રામાં ઉછાળો આવવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હતું. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ભૂરાજકીય તણાવ વધતાં નરમાઈનું વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૫૯ પૈસા ગબડીને ૮૬ની સપાટી પાર કરીને ૮૬.૧૧ના મથાળે બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૫૨ના બંધ સામે ગબડીને ૮૬.૨૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૨૫ અને ઉપરમાં ૮૫.૯૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૫૯ પૈસા ઘટીને ૮૬.૧૧ના મથાળે બંધ રહ્યો હતો.

ઈઝરાયલની લશ્કરી કાર્યવાહીનાં અહેવાલોની બજાર પર માઠી અસર પડતાં આજે ડૉલર સામે રૂપિયો તીવ્ર ઘટાડા સાથે ૮૬.૨૫ના મથાળે ખૂલ્યા બાદ ૮૬.૧૧ના મથાળે બંધ રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડૅવાઈઝર્સના ટ્રેઝરી વિભાગના હેટ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનીલ કુમાર ભણસાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે જો ક્રૂડતેલના ભાવમાં ૧૦ ડૉલરનો વધારો થાય તો દેશની વેપાર ખાધમાં ૧૨ અબજ ડૉલરનો વધારો થાય અને ફુગાવામાં ૫૦ બેસિસ પૉઈન્ટનો વધારો થતો હોવાથી આજે રિઝર્વ બૅન્કે ગબડતા રૂપિયાને ટેકો આપ્યો હોવાની શક્યતા નકારી ન શકાય. હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સોમવારે ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૫.૭૫થી ૮૬.૫૦ આસપાસની રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. દરમિયાન આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૭૩.૩૮ પૉઈન્ટનો અને ૧૬૯.૬૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૮૩૧.૪૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશ હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. વધુમાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૩ ટકા વધીને ૯૮.૨૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૭.૨૭ ટકા વધીને બેરલદીઠ ૭૪.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું જણાવ્યું હતું.

### ઈઝરાયલનો ઈરાન પર હુમલો, મધ્ય પૂર્વમાં તણાવ વધતા વૈશ્વિક સોનું બે મહિનાની ટોચે

# સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ ૧૬૦૩ ઉછળીને ₹ ૯૯,૦૦૦ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈઝરાયલી લશ્કરે ઈરાનની ન્યુક્લિયર સુવિધાઓ પર હુમલો કર્યાનાં અહેવાલો સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સોનામાં સલામતી માટેની વ્યાપક લેવાલી નીકળતાં હાજર અને વાયદાના ભાવમાં ૧.૧ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો અને હાજર ભાવ ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી કુદાવીને બે મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, ચાંદીના ભાવ વધ્યા મથાળેથી ૦.૫ ટકા જેટલા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૫૬ પૈસા નબળો પડ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો પણ વધી આવતા સ્થાનિક ઝવેરી બજારમાં હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૯૬થી ૧૬૦૩નો ઉછાળો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાના વેરારહિત ધોરણે ભાવ રૂ. ૯૯,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૬૬૯ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને સોનામાં વિશ્વ બજારનાં પ્રોત્સાહક અહેવાલ અને ડૉલર સામે રૂપિયો ૫૬ પૈસા તૂટ્યો હોવાથી આયાત પડતરો વધવાથી



વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૯૬ની તેજી સાથે રૂ. ૯૮,૬૬૧ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૬૦૩ના ઉછાળા સાથે રૂ. ૯૯,૦૦૦ની સપાટી પાર કરીને રૂ. ૯૯,૦૫૮ના મથાળે રહ્યા હતા. જોકે, તેજીના માહોલમાં સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તેમ જ રિટેલ સ્તરની માગ સુસ્ત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં ખાસ કરીને વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૬ ડૉલરની ઉપર જળવાઈ રહ્યા હોવાથી સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૬૬૯ વધીને રૂ. ૧,૦૬,૧૬૭ના મથાળે રહ્યા હતા.

ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો હોવાના નિર્દેશો અને અમેરિકી લશ્કર નાગરિકોને મધ્ય પૂર્વમાંથી નીકાળવાની યોજના ધરાવી રહ્યું હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતાં સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની સલામતી માટેની વ્યાપક લેવાલી નીકળતા હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ૨૨ એપ્રિલ પછીની ઊંચી સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૪૧૯.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૩.૩ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. વધુમાં આજે સોનાના વાયદામાં પણ ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૪૩૯.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૬.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં સોનાએ ઈઝરાયલનાં ઈરાન પર થયેલા હુમલાને ધ્યાનમાં લેતા ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની પ્રતિકારક સપાટી કુદાવી છે અને જો આ ભૂરાજકીય તણાવ જળવાયેલો રહે અથવા તેમાં વધારો થાય તો તેજી હજુ આગળ ધપી શકે છે. તેમ જ ઈઝરાયલ-ઈરાન વચ્ચે વિવાદ વધે અને યુદ્ધ અથવા તો રાજકીય કારણોસર ક્રૂડતેલના પુરવઠામાં વિક્ષેપ પડે તો સોનામાં તેજી વધુ આગળ ધપી શકે છે, એમ વિશ્લેષક ટીમ વૉટરરે જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે અમેરિકી શ્રમ વિભાગે જાહેર કરેલા ફુગાવામાં થોડો વધારો થયો હોવાનું જણાવ્યું હતું. જોકે, આ ડેટાની જાહેરાત પશ્ચાત્ ટ્રેડરોનું માનવું છે કે ફેડરલ રિઝર્વ આ વર્ષના અંત આસપાસ અર્થાત્ સપ્ટેમ્બર મહિનાથી રેટ કટની શરૂઆત કરશે તેમ જ વર્ષ ૨૦૨૫માં પંચાવન બેસિસ પૉઈન્ટના રેટ કટની ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

# ધાતુમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

મુંબઈઃ ઈઝરાયલના ઈરાક પરનાં હુમલાને કારણે મધ્ય પૂર્વનાં દેશોમાં તણાવ વધતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ક્રૂડતેલના ભાવ વધી આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને નિકલ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણે હેઠળ ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. ચાર ઘટી આવ્યા હતા. આ સિવાય નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, લીડ ઈન્ગોટ્સ અને ટીનમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર કોપર વાયરબાર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. છ અને રૂ. બેનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫૦ ટકાના ઘટાડા સાથે ટનદીઠ ૯૫૫૩.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આજે માત્ર કોપર વાયર બારમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. છનો અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૬૭ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૨૨, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૨૫૨, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૨૪૬ અને રૂ. ૨૮૨૪ તથા કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૪૯, રૂ. ૮૩૭ અને રૂ. ૧૮૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૨૪, રૂ. ૫૯૫, રૂ. ૫૫૪ અને રૂ. ૨૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ખાંડમાં મથકો પાછળ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે મિલોની વેચવાલીનાં દબાણ સામે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૨૦થી ૩૭૭૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. આઠથી ૧૦નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, મથકો પાછળ આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૮૯૨થી ૩૯૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૮થી ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૪૨થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.



# કન્ટેનરોના નૂર ભાડા વધી આવતાં દેશી-આયાતી તેલમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૪૧ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે ઈઝરાયલે ઈરાનના ન્યૂક્લિયર સ્થાનો પર કરેલા હવાઈ હુમલા અને ત્યાર બાદ ઈરાને પણ હુમલા કરતાં મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધવાં ક્રૂડ તેલના ભાવમાં ૭.૨૫ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. તેમ જ વિશ્વ બજારમાં કન્ટેનરોનાં નૂર ભાડામાં પણ ૧૨ ટકા જેટલો વધારો થયો હોવાથી આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આરબીડી પામોલિન અને સરસવના ભાવમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને સોયા રિફાઈન્ડ, સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં પાંચની આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર પાંખાં રહ્યા હતા. આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૩૦ અને રૂ. ૧૧૪૦, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૩૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૧૫, રૂ. ૧૧૪૦ અને રૂ. ૧૩૫૦, કારગીલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૨૫ અને પતંજલી ફૂડ્સના પાતાલગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, કામકાજો અત્યંત પાંખાં રહ્યા હતા.

આજે ગુજરાતમાં ગોંડલની મંડીમાં જૂની મગફળીની ૬૦૦૦ ગૂણીની અને નવી મગફળીની ૬૦૦૦ ગૂણી મળી કુલ ૧૨,૦૦૦ ગૂણીની આવક હતી, જેમાં જૂની મગફળીનાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૮૦માં અને નવીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૫૦માં થયા હતા. આ સિવાય રાજકોટની મંડીમાં ૧૭,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૫૦માં થયા હતા.




રાજકોટમાં સરદારનગર મેઈન રોડ શેરી નં ૧૮ના કોર્નર ઉપર આવેલાં વર્ષોથી બંધ મકાનના ફળિયામાં ખૂબ કચરો પડ્યો હતો. આ કચરામાં ઓચિંતાની આગ લાગી હતી. ફાયર બ્રિગેડ સ્ટાફે પાણીનો મારો ત્વરિત કરીને આગને બુઝાવી હતી. (તસવીર– પ્રવિણ સેદાણી, રાજકોટ)

# અમદાવાદ-લંડન વિમાન દુર્ઘટનામાં મૂળ કચ્છનો પરિવાર ભોગ બન્યો: કચ્છના કોડકી ગામના માતા-પુત્ર-પૌત્ર સહિત ત્રણ એનઆરઆઈ મુસાફરો હોમાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અમેરિકાની બોઇંગ કંપની દ્વારા નિર્મિત ડ્રિમ લાઈનર સિરીઝનું ૭૮૭-૮ એર ઇન્ડિયાનું વિમાન અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પરથી લંડન જવા માટે ઉડાન ભર્યાની ગણતરીની સેકંડોમાં ક્રેશ થતાં ૨૪૨ ઉતારુઓનાં મૃત્યુ થવાના ગોઝારા બનાવથી સમગ્ર વિશ્વમાં અરેરાટી ફેલાઈ હતી. હૈયું હચમચાવી દેનારી દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓમાં કચ્છના ત્રણ બિનનિવાસી ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થાય છે.

ભુજ તાલુકાના કોડકી ગામના અને વર્ષોથી યુનાઇટેડ કિંગ્ડમ ખાતે રહેતા માતા, પુત્ર અને પ્રથમ વાર ભારત આવેલા પૌત્રનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થતાં નાનકડાં એવા કોડકી ગામમાં ગમગીની પ્રસરી જવા પામી હતી. જીવ ગુમાવનારા ૫૬ વર્ષીય સુરેશ ધનજી પટેલ, તેમના માતા રાધાબાઈ (ઉ‌વ ૮૦) અને ૨૫ વર્ષીય અશ્વિન સુરેશ પટેલના મોતના દુઃખદ સમાચારથી કોડકી ગામમાં સન્નાટો છવાઈ ગયો હતો.

યુ.કે.થી કોકડી પોતાના ઘરે બે માસ સુધી સુરેશ, તેમનો દીકરો અને રાધામાં રોકાયા હતા. ગોઝારા ગુરુવારની વહેલી સવારે રાધામાં બહાર ઓટલા ઉપર બેઠા હતા અને સવારે ૧૦ વાગ્યે ઘરેથી અમદાવાદ એરપોર્ટ જવા મોટરકારમાં નીકળ્યાં હતાં.

સુરેશભાઈના વર્ષો જૂના પાડોશી એવા પ્રેમજી કેરાઈએ જણાવ્યું હતું કે, બે દિવસ અગાઉ સુરેશભાઈ અને તેમના પરિજનો પણ તેમના હાલ સૂના પડેલા ઓટલા ઉપર બેઠાં હતાં. તે સમયે સુરેશભાઈએ આવતીકાલે લંડન જવા માટે અમદાવાદ નીકળશું, એવી વાત કરી ફરી થોડા મહિના બાદ મળશું એવું કહ્યું હતું. જોકે, બપોરે તેમના દુઃખદ નિધનના સમાચાર આવ્યા જે આ સાંભળીને ખૂબ દુઃખ થયું હતું. આ પરિવાર દર વર્ષના ડિસેમ્બર દરમિયાન બે ત્રણ મહિના માટે માદરે વતનમાં રોકાવા આવતો હતો, પરંતુ આ વર્ષે ગત એપ્રિલમાં ગામના સ્વામિનારાયણ મંદિરના ૨૫ વર્ષના પાટોત્સવ પ્રસંગની ઉજવણીમાં સામેલ થવા માટે આવ્યા હતા. સુરેશભાઈનો પુત્ર અશ્વિન પહેલી વાર ભારત આવ્યો હતો. ■

# ભાવનગરના સોની વેપારીની દીકરી, જમાઈ સહિત ત્રણનાં વિમાની દુર્ઘટનામાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: અમદાવાદ શહેરમાં પ્લેન ક્રેશ થયાની હૃદયદ્રાવક ઘટનામાં ભાવનગરના સોની વેપારીના દીકરી, તેમના જમાઈ સહિત ત્રણનાં કરૂણ મોત થયાં હતાં. આ હચમચાવનારી ઘટનાની જાણ થતાં ભાવનગરના જવેલર્સો અને સોની સમાજમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું હતું.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુરુવારે અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના બેથી અઢી મિનિટ જેટલા ટૂંકા સમયમાં જ વિમાન ક્રેશ થયું હતું.આ દુર્ઘટનામાં ભાવનગરના પ્રખ્યાત પ્રેમજી જવેલર્સના માલિક (ભાગીદાર) ભરતભાઈ વૃજલાલ લંગાળિયાના પુત્રી યોગાબેન સ્વપ્નિલભાઈ સોની, જમાઈ સ્વપ્નિલભાઈ સોની, યોગાબેનના જેઠાણી અલ્પાબેન નિશિતભાઈ સોની અને પરિવારની અન્ય એક વ્યક્તિ પણ મોતને ભેટયાંના દુઃખદ સમાચાર મળ્યા હતા. યોગાબેન અને તેમના પરિવાર સભ્યો અમદાવાદથી લંડન ફરવા માટે જઈ રહ્યા હતા. ભાવનગર શહેરના આતાભાઈ ચોક વિસ્તારમાં પિતાનું ઘર ધરાવતા યોગાબેનનો એક ભાઈ છે, જેઓ પણ ઓસ્ટ્રેલિયામાં સ્થાયી છે. જ્યારે પિતા ભરતભાઈ સોનીનું એકાદ-બે વર્ષ પૂર્વે ઓસ્ટ્રેલિયામાં હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. સ્વ.ભરતભાઈ નામાંકિત સોની વેપારી ઉપરાંત સેલ્સ ટેક્સ-ઈન્કમ ટેક્સના એડવોકેટ હતા. જયારે, યોગાબેનનો એક દિકરો વિદેશમાં અભ્યાસ કરી રહ્યો હોવાનું પણ જાણવા મળ્યું હતું. આ વિમાન દુર્ઘટનામાં સોની પરિવારના મૃત્યુની જાણ થતાં તેમના સગા-સબંધીઓ તાબડતોડ અમદાવાદ દોડી ગયા હતા. યોગાબેનના અંદાજે ૨૦ વર્ષ પૂર્વે લગ્ન થયા બાદ તેઓ અમદાવાદ સ્થાયી થયા હતા. ■

# અષાઢી બીજ નિમિત્તે રાજકોટમાં ૨૩મી જગન્નાથ રથયાત્રાનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં અષાઢી બીજના રોજ, ઇસ્કોન મંદિર રાજકોટ દ્વારા ૨૩મી ભવ્ય જગન્નાથ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભગવાન જગન્નાથ, ભાઈ બળદેવ અને બહેન સુભદ્રા નગરચર્યાએ નીકળી ભક્તોને દર્શન આપશે. આ ભવ્ય રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ઇસ્કોન મંદિર રાજકોટના પ્રમુખે આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, ઇસ્કોન મંદિર ૨૦૦૩થી દર વર્ષે ભગવાન જગન્નાથ, બળદેવ અને સુભદ્રાજીને નગરચર્યાએ કાઢી, શહેરભરમાં રથયાત્રાનું આયોજન કરે છે. આ વર્ષે પણ ૨૭મી જૂને ખૂબ જ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે રથયાત્રા કાઢવામાં આવશે.

રથયાત્રા બપોરે ૪ કલાકે રામકૃપા ડેરી, કોટેચા ચોક પાસેથી શરૂ થશે, જે ઇન્દિરા સર્કલ, પંચાયત ચોક, આકાશવાણી, જે. કે. ચોક, કટારીયા સર્કલ જેવા મુખ્ય માર્ગો પરથી પસાર થશે. અંતે, રથયાત્રા ઇસ્કોન મંદિર પહોંચશે. રથયાત્રા પૂર્ણ થયા બાદ, રાત્રે ૮ વાગ્યાથી સૌ દર્શનાર્થીઓ માટે મંદિરે ભંડારા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, ઇસ્કોન મંદિર રાજકોટ દ્વારા આશરે ૫૦૦૦ કિલો બુંદીના એક લાખથી વધુ પેકેટ બનાવવામાં આવશે. આ બુંદી પ્રસાદના પેકેટ્સનું રથયાત્રા દરમિયાન શહેરના રાજમાર્ગો પર વિતરણ કરવામાં આવશે.

રથયાત્રાની તૈયારીના ભાગરૂપે ઇસ્કોન મંદિર રાજકોટ ખાતે રથોના સમારકામ અને રંગકામનું કાર્ય પણ શરૂ થઈ ગયું છે. આ વખતે રથોના સમારકામ અને રંગકામ માટે કેરળથી વિશેષ કારીગરોને બોલાવવામાં આવ્યા છે, જેમણે કાર્ય શરૂ પણ કરી દીધું છે.■

# અશ્રુના દરિયા વચ્ચે તળાજામાં ડૉ. કાજલ સોસિયાના ભાવિ તબીબને અંતિમ વિદાય અપાઈ

## ગર્ભમાં રહેલ શિશુએ માતાની ઓળખ કરાવી



(તસવીર– વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: અમદાવાદ ખાતે પ્લેન ક્રેશ દુર્ઘટનામાં મુસાફરો અને સિવિલ હોસ્પિટલની અતુલ્ય બિલ્ડિંગ,મેસમાં જમી રહેલ તબીબી ક્ષેત્રના વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા તેમાં તળાજાના ડો.કાજલ પ્રદીપભાઈ સોલંકી અને સોસિયા ગામના બી.જે.મેડિકલ કોલેજના બીજા વર્ષ એમબીબીએસમાં અભ્યાસ કરતા ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના સોસિયા ગામના રાકેશ ગોબરભાઈ દિહોરાનો સમાવેશ થાય છે.

આ બંને મૃતકોના પાર્થિવ દેહને બપોરે ઘરે અંતિમવિધિ માટે લાવવામાં આવ્યાં હતાં. સોસિયા ગામના ખેડૂત પરિવારમાં રાકેશનો જન્મ થયો હતો. પાંચ બહેન અને બે ભાઈ મળી કુલ ૭ ભાંડરડાં હતાં. જેમા રાકેશ નાનપણ થીજ તેજસ્વી છાત્ર હતો.ધો ૯-૧૦ ભાવનગર સ્વામીનારાયણ ગુરુકુળ અને ધો ૧૧-૧૨ સાયન્સ જ્ઞાન મંજરીમાં પાસ કરીને નિટમા ૬૬૦ માર્ક્સ મેળવીને સરકારી ક્વોટામાંજ એડમિશન મળી જતા બી.જે.મેડિકલ કોલેજમાં અભ્યાસ કરી રહ્યો હતો. શ્રમજીવી દિહોરા પરિવાર અને સોસિયા ગામના ગૌરવસમાં રાકેશ દિહોરાની અંતિમયાત્રા સમયે ગામ હિબકે ચડ્યું હતું.તળાજાના અંબિકાનગર ખાતે રહેતા ડૉ. કાજલબેન પ્રદીપભાઈ સોલંકીની અંતિમયાત્રા બપોરે ૩ કલાકે તેમના નિવાસસ્થાનેથી નીકળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ડો. કાજલ ગર્ભવતી હતા. તેમના પતિ ડો.પ્રદીપ સોલંકી જ્યારે પત્નીની ઓળખ કરવા માટે ગયા ત્યારે મૃત પત્નીનો કેટલાક અંશે ચહેરો ઓળખાય ગયો હતો સાથે ગર્ભમાં રહેલ શિશુના કારણે તેઓની ઓળખ થઈ ગઈ હતી. વિધિની વક્રતા એ છે કે સંતાન ધરતી પર આવી પોતાનું નામ બનાવીને પરિવારની ઓળખ બનાવે છે.

અહીં કરૂણાંતિકા એ છે કે ગર્ભમાં રહેલ મૃત બાળકે માતાની ઓળખ કરાવી હતી.બંને મૃતાત્માની અંતિમવિધિ સ્મશાનયાત્રા સમયે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા,ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણ સહિતના સાંત્વના આપવા માટે જોડાયાં હતાં. ■

# ભુજની પાલારા જેલ નજીક ખાનગી બસ અને ડમ્પર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ૧૫થી વધુ પ્રવાસીઓ ઘવાયા:

## ડ્રાઈવર સહિત બે ગંભીર



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ભુજથી સીમાવર્તી ખાવડા તરફ જઈ રહેલી લકઝરી બસ આગળ જતા ડમ્પર પાછળ ટકરાઈ જતાં આ બસમાં સવાર ૧૫થી વધુ પ્રવાસીઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ગત શુક્રવારના બપોરે દોઢેક વાગ્યાના અરસામાં ભુજની નજીક આવેલી પાલારા ખાસ જેલ પાસે આ દુર્ઘટના બનવા પામી હતી જેમાં આ બસના ચાલકે અચાનક સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવતા બસ આગળ જઈ રહેલાં ડમ્પરમાં અથડાઈ જતાં ડ્રાઈવર સહિત બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે આ અકસ્માતમાં ઘાયલ થયેલા અન્ય ઉતારુઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ભુજની જી. કે. જનરલ હૉસ્પિટલ ખસેડાયાં છે. પોલીસના જણાવ્યા પ્રમાણે અકસ્માતગ્રસ્ત બસમાં મજૂરીકામ માટે ઉત્તર પ્રદેશથી કચ્છ આવનારાં ઉતારૂઓનો સમાવેશ થાય છે.

ઘાયલોમાં શાકીબ મોહસીન ખાન (૨૨, મેરઠ, યુપી), અકરમ જહાંગીર (યુપી), જહાંગીર નવાબ ખાન (૪૨, ખાવડા), મહમદ નસીમ (૩૫, યુપી), અજબાઈ મીઠા (૩૦, ધોરાવર, ખાવડા), મજીદ અમીન (૨૦, ખાવડા), મેઘરાજ તૈયબ (૫૦, નાનો વાસ, ખાવડા), નીલબાઈ તૈયબ (૪૮, ખાવડા), હનીફ ઉમર સમા (૬૦, મોટા દિનારા), રહિમા અબ્દુલ કરીમ (૨૯, જામ કુનરીયા) મોહમ્મદ મેહતાબ (૨૫, યુપી) વગેરેનો સમાવેશ થાય છે. ■

# ભાવનગરમાં ૨૧ જૂનના વિશ્વ યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી સિદસર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે કરાશે




(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ૧૧માં વિશ્વ યોગ દિવસની ઉજવણીનાં આયોજન માટે જિલ્લા કલેકટર ડો. મનીષ કુમાર બંસલની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ભાવનગર જીલ્લા કક્ષા તેમજ ભાવનગર તાલુકા કક્ષા યોગ દિવસની ઉજવણીના સુચારુ આયોજન અંગે સમીક્ષા કરવામાં આવી હતી.''યોગા ફોર વન અર્થ, વન હેલ્થ'' થીમ પર યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ભાવનગરમાં ૨૧ જૂનના વિશ્વ યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી સિદસર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે કરવામાં આવશે.

૨૧ જૂનને વિશ્વકક્ષાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે સમગ્ર ગુજરાતમાં દરેક શહેર અને જિલ્લા કક્ષાએ આઇકોનિક પ્રોગ્રામનું આયોજન થાય અને આ કાર્યક્રમમાં લોકો સહભાગી બને તે રીતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે ભાવનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી સવિશેષ રીતે કરવામાં આવે તે માટે સંબંધિત વિભાગ સાથે પૂર્વ આયોજન માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

કલેકટરએ જણાવ્યું હતું કે જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ તેમજ ગ્રામ્ય કક્ષાએ યોગ દિવસના કાર્યક્રમનું સુચારુ રૂપે આયોજન થાય તેમજ આઇકોનીક સ્થળોએ પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે અને જિલ્લાની શૈક્ષણિક તેમજ અન્ય વિવિધ સંસ્થાઓ, એન.જી.ઓ. અને લોકો સ્વૈચ્છિક રીતે આ આયોજનમાં જોડાય તે રીતે કાર્યક્રમનું આયોજન કરવા સૂચના આપવામાં આવી હતી.

૧૫ થી ૨૧ જૂન દરમિયાન વિવિધ સ્થળો પર યોગના વિવિધ કાર્યક્રમો યોજાય તે માટે પણ યોગ્ય આયોજન કરવા માટે જણાવવામાં આવ્યું હતું.આ ઉપરાંત શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, પોલીસ સ્ટેશનો સહિતનાં સ્થળોએ યોગ કરવામાં આવશે. ■

# ભુજના રતિયા ગામની જર્જરિત પ્રાથમિક શાળાની છતના મસમોટા પોપડાં પડતાં ત્રણ બાળકો ઘાયલ



(તસ્વીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

ભુજ: ગતિશીલ ગુજરાતમાં પ્રાથમિક શાળાઓની દુર્દશા કેટલી હદે છે તેનો વાસ્તવિક ચિતાર આપતી દુર્ઘટના ભુજ તાલુકાના રતિયા ગામમાં બની છે જેમાં અહીંની જર્જરિત થઇ ગયેલી પ્રાથમિક શાળાની છતમાંથી મસમોટાં પોપડા નીચે રહેલા ત્રણ વિદ્યાર્થીઓ પર ખાબકતા તેમને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ભુજની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ત્રણે ભુલકાઓને ભુજની જી. કે. જનરલ હૉસ્પિટલમાં સારવાર માટે લઈ આવનારા પ્રાથમિક શાળાના શિક્ષક નીતિન પટેલે જણાવ્યું હતું કે, રીસેસમાં નાસ્તો કરવા માટે બાળકો તેમના વર્ગખંડની બહાર નીકળ્યાં હતા, તે સમયે એકાએક લોબીની જર્જરિત છતના ભાગ પરથી અચાનક પોપડાઓ પડતાં નીચે ઊભેલા બાળકોને ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થયે ચિંતાતુર વાલીઓ પણ સ્કૂલ અને હૉસ્પિટલમાં દોડી આવ્યા હતા.ઉનાળુ વેકેશન પૂર્ણ થયે સુની પડેલી શાળાઓમાં બાળકોની કિલકારીઓ હજુ તો શરૂ જ થઈ છે, આ ચિંતાજનક બનાવ બનતા વાલીઓમાં પણ ચિંતા ફેલાઈ ગઈ હતી. રતિયા ગામની ખખડધજ શાળાના તાત્કાલિક સમારકામ માટે અગાઉ રજૂઆત કરાઈ હતી. જો કે, સ્થાનિક શિક્ષણ તંત્ર દ્વારા ઉદાસીન વલણ દાખવવામાં આવતાં આ દુર્ઘટના બની હતી. વર્ષાઋતુ આવી પહોંચી છે ત્યારે ત્યારે જર્જરિત શાળાઓમાં દુર્ઘટના બને તે પહેલા તાકીદના ધોરણે સમારકામ કરાવી બાળકો અને શિક્ષકોની સુરક્ષાને પ્રાધાન્ય આપવામાં આવે તેવી માંગ વાલીઓમાંથી ઊઠી રહી છે. ■

# જામનગરમાં બાયોડીઝલના ૧૫૮૦ લિટર જથ્થા સાથે ૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર નજીક ઠેબા ચોકડી પાસે ગેરકાયદે બાયોડીઝલના વેચાણના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પોલીસે આ કેસમાં ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. પોલીસને બાતમી મળી હતી કે સ્ટોન ક્રશર નજીક ભેળસેળયુક્ત બાયોડીઝલનું વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે રેઇડ કરી હતી. કાસમ ઇકબાલ ખફી નામના શખ્સે રહેણાક વિસ્તારમાં ફાયર સેફટીના સાધનો વગર જ્વલનશીલ પ્રવાહી રાખ્યું હતું. તે ટ્રકચાલક અનવર દાઉદ હોંધીયા અને મુસા ઓસમાણ હોંધીયાને ભેળસેળયુક્ત બાયોડીઝલ પૂરું પાડતો હતો. પોલીસે આ ત્રણેય શખ્સોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ૧,૧૬,૯૨૦ રૂપિયાની કિંમતનો ૧,૫૮૦ લીટર બાયોડીઝલનો જથ્થો જપ્ત કર્યો હતો. આ ઉપરાંત એક બોલેરો અને ટ્રક મળીને કુલ ૨૧,૧૬,૯૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ■



ભાવનગરના જૂના બંદર વિસ્તારમાં આવેલા શ્રીજી સોલ્ટ કેમિકલના ખારા પાણીના ખાડામાંથી એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવની જાણ થતા ફાયર વિભાગ અને પોલીસ બનાવ સ્થળે દોડી ગઈ હતી . (તસવીર– વિપુલ હિરાણી, ભાવનગર)